gujaratvandan.com



ગોંડલના રાજવી પેલેસમાં ફિલ્મ સ્ટાર્સનું 15 દિવસનું રોકાણ
પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય
સાપ્તાહિક
# ગુજરાત વંદન

ગુરૂવાર 17 નવેમ્બર 2022
કારતક વદ 08, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 28 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
વીતી ગયેલો સમય યાદ હોય છે અને આવનારો સમય ઉમ્મીદ હોય છે અને જે વચ્ચેથી પસાર થાય છે તે જ સાચી જિંદગી છે.

## બાલીમાં વિશ્વના જી-20 દેશોની શિખર પરિષદ વખતે જ રશિયાની અવળચંડાઈ

**ત્રીજા વિશ્વ યુદ્ધના ભણકારા**

# યૂક્રેન બાદ હવે રશિયાનો પોલેન્ડ પર હુમલો

**■ પોતાના સંગઠનના દેશ પર રશિયાના હુમલાથી નાટો લાલચોળ, બાઈડની ઈમરજેંસી બેઠક, પોલેન્ડ લશ્કર હાઈઅલર્ટ**

ગુજરાત | વંદન

ઈંડોનેશિયાની રાજધાની બાલીમા જી-20 દેશોની શિખર પરિષદ ચાલી રહી છે. તે દરમિયાન જ રશિયાએ ઉશકેરણી જનક છમકલુ કરીને નાટો સંગઠનના દેશ પોલેન્ડ પર રોકેટ છોડતા તેના ઘેરા પ્રત્યાઘાત જી-20 શિખર પરિષદમા પડ્યા હતા અને આ શિખર પરિષદમા હાજરી આપવા આવેલા સુપર પાવર અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને તરત જ બાલીમા ઈમરજેંસી બેઠક યોજી હતી. યૂક્રેન બાદ હવે રશિયા પોલેન્ડ પર હુમલો કરે તેવી શક્યતાને જોતા ત્રીજા વિશ્વ યુદ્ધના ભંણકારા વાગી રહ્યા છે. દરમિયાન પોલેન્ડ આર્મીને તૈયાર રહેવાના આદેશો આપવામાં આવ્યા છે. યૂક્રેનનો મામલો હજુ ઉકેલાયો નથી ત્યાં રશિયાએ ઈરાદા પૂર્વક નાટો સંગઠનના દેશ પર રોકેટ મારો કરીને નાટોને છંછેડવાનો પ્રયાસ કર્યો હોવાનુ મનાય રહ્યુ છે. કોઈ આતરાષ્ટ્રીય ઈવેન્ટ વખતે આ પ્રકારની અવળચંડાઈ કરવા માટે રશિયા કુખ્યાત છે. એમ મનાય છે કે રશિયાએ આંતરરાષ્ટ્રીય દબાણ લાવવા માટે યૂક્રેનના બહાને પોલેન્ડ પર રોકેટ મારો કર્યો છે. આ દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપતિએ બચાવ કરતા કહ્યું હતું કે આ આ મિસાઈલે ભૂલથી ઉક્રેને છોડી હતી અને પોલેન્ડમાં પડી હતી.

યુક્રેન સાથે આઠ મહિનાથી યુદ્ધ કરી રહેલા રશિયાએ છોડેલી બે મિસાઈલ યુક્રેનને અડીને આવેલા પોલેન્ડમાં ખાબકતા વિશ્વભરમાં ખળભળાટ સર્જાયો છે. આ મિસાઈલ હુમલામાં બે લોકોના મોત નિપજ્યા છે. પોલેન્ડ નાટોનો સભ્ય દેશ છે. તાત્કાલીક સેનાને એલર્ટ કરી દેવામાં આવી હતી. બાલીમાં જી-20 દેશોની બેઠક વચ્ચે જ અમેરિકી પ્રમુખ જો બાઈડને જી-7 તથા નાટો દેશોની તાકીદની બેઠક યોજી છે.





રશિયાની બે મિસાઈલ પોલેન્ડમાં માનવ વસતી ધરાવતા પુર્વ ક્ષેત્રમાં ખાબકી હતી.

આ ઘટનાને પગલે પોલેન્ડના વડાપ્રધાન માટુસ્જ મોરાવિકીએ તાત્કાલીક કેબીનેટની બેઠક બોલાવીને પરીસ્થિતિની ચર્ચા કરી હતી તથા સૈન્યને એલર્ટના આદેશ કરવામાં આવ્યા હતા. આ મામલે પોલેન્ડ સરકારે તત્કાળ રશિયન રાજદુતને પણ સમન્સ પાઠવવામાં આવ્યું હતું અને સ્પષ્ટતા માંગવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના નિવેદન પ્રમાણે રશિયાએ યુક્રેન પર ભયાનક હુમલો કરાયો હતો અને તેમાં સૈન્ય માળખાને ધ્વસ્ત કરાયુ હતું. આ દરમ્યાન બપોરે 3.40 કલાકે રશિયન બનાવટની મિસાઈલ પોલેન્ડના માનવવસ્તી ધરાવતા ગામડામાં ખાબકી હતી અને બે લોકોના મોત થયા હતા.

પોલેન્ડમાં ત્રાટકેલી મિસાઈલ રશિયન બનાવટની હોવાની પણ પૃષ્ટિ થઈ છે. પોલેન્ડ નાટો દેશોનું સભ્ય હોવાથી આ રાષ્ટ્રોની તાકીદની બેઠક યોજવામાં આવી હતી. પોલેન્ડમાં મિસાઈલ ત્રાટકયાની ઘટના બાદ અન્ય દેશો પણ સાવધ થયા હોય તેમ હંગેરીના વડાપ્રધાને પણ તત્કાળ સુરક્ષા સમિતિની બેઠક બોલાવી હતી. બીજી તરફ અમેરિકી પ્રમુખ જો બાઈડન બાલીમાં જી-20 શિખર સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે જ્યાં તેઓએ જી-7 તથા નાટો દેશોની તાકીદની બેઠક યોજી હતી.

નાટોના મહાસચિવ સ્ટોલટેન બર્ગે પોલેન્ડના રાષ્ટ્રપતિ આંદ્રેજ ડુડા સાથે વાતચીત કરી હતી અને જાનમાલની નુકશાની પર શોક દર્શાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કોઈપણ સભ્ય દેશ પર હુમલાને સમગ્ર નાટો પર આક્રમણ ગણવામાં આવે છે અને તેમાં સંયુક્ત જવાબ આપવામાં આવે છે. અમેરિકી રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવકતાએ કહ્યું કે પોલેન્ડમા સર્જાયેલી પરિસ્થિતિનો

...અનુસંધાન પેજ નં. 6 પર

### પોલેન્ડે રશિયાના રાજદૂતને બોલાવ્યાં

તાજા સમાચાર અનુસાર, પોલેન્ડે આ મામલે રશિયાના રાજદૂતને બોલાવ્યા છે. પોલેન્ડના વિદેશ મંત્રાલય દ્વારા આ સંદર્ભમાં એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. મંત્રાલયના પ્રવક્તા લુકાજ જેસીનાએ કહ્યું કે અમે તાત્કાલિક આ ઘટના અંગે રશિયાના રાજદૂત પાસે વિગતવાર ખુલાસો માંગ્યો છે.

### બાઇડનનું ટ્વીટ



અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને આ અંગે ટ્વીટ કરતા કહ્યું હતું કે "પૂર્વી પોલેન્ડમાં જનહાનિ પ્રત્યે ઉંડી સંવેદના વ્યક્ત કરવા અને વિસ્ફોટમાં પોલેન્ડની તપાસ માટે પોતાનું સંપૂર્ણ સમર્થન આપવા માટે મેં ત્યાંના રાષ્ટ્રપતિ આંદ્રેજ ડૂડા સાથે વાત કરી હતી. આ મામલે અમે યોગ્ય પગલાં ભરવા માટે સંપર્કમાં રહીશું."

### રશિયાએ કર્યો ઈન્કાર

મોસ્કોએ પોલેન્ડ પર રશિયન મિસાઈલોના હુમલાના અહેવાલને 'ઉશ્કેરણી' ગણાવી છે તેમ ન્યૂઝ એજન્સી એએફપીએના અહેવાલ જણાવે છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે રશિયન મિસાઈલો પોલેન્ડના વિસ્તારમાં ત્રાટકી હતી. અહેવાલનું વર્ણન કરતાં, તેને "યુદ્ધની વધતી જતી સ્થિતિ વચ્ચે ઈરાદાપૂર્વકની ઉશ્કેરણી" તરીકે વર્ણવવામાં આવ્યું હતું. રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે યુક્રેન-પોલેન્ડ સરહદને નિશાન બનાવીને રશિયન મિસાઈલો દ્વારા કોઈ હુમલા કરવામાં આવ્યા નથી.

### બજાર અપડેટ

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 61,980.72 | 18,409.65 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| કોટક મહિન્દ્રા | 1,963.60 |
| કોલ ઇન્ડિયા | 235.25 |
| એચડીએફસી | 2,700 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| મેટ્રોપોલિ હેલ્થકેર | 1,437.25 |
| એપોલો ટાયર | 276.50 |
| ઇન્ડિયાબુલ | 124.00 |

| સોનું | ચાંદી |
|---|---|
| 54,440 | 62,000 |

## ન્યૂઝ બ્રિફ

### મીથુન ચક્રવર્તીએ કહ્યુ તેના પર બાયોપિક બને તો 'લોકો માનસિક રૂપથી ભાંગી જશે'



હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના દમ પર વર્ચસ્વ સ્થાપનાર મીથુન ચક્રવર્તીએ તેની બોયપિકને લઈ મહત્વનું નિવેદન આપ્યું છે. મીથુન ચક્રવર્તીએ નિવેદનમાં કહ્યું હતું કે, તે પોતાના જીવન પર આધારિત ફિલ્મ બને તેવું નથી ઈચ્છતા. ઉલ્લેખનીય છે કે, મીથુન ચક્રવર્તીએ અત્યારસુધીની ફિલ્મી કરિયારમાં પુષ્કળ હિટ ફિલ્મો આપી છે. તેમ છતાં અભિનેતાને લાગે છે કે, તેના જીવન પર બાયોપિક ન બનવી જોઈએ.

### ભારતમાં ફરી એક વખત ધરા ધ્રુજી: અરુણાચલમાં 3.7ની તીવ્રતાનો ભૂકંપ

ભારતમાં ફરી એક વખત ધરજી ધ્રુજી છે. છેલ્લા દિવસોમાં દિલ્હી સહિત ઉત્તર ભારતના અનેક વિસ્તારોને હચમચાવી દેનારા ભૂકંપે આ વખતે અરુણાચલ પ્રદેશના લોકોને આંચકો આપ્યો છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પ્રમાણે અરુણાચલ પ્રદેશના લેપા રાડા જિલ્લામાં સ્થિત બસર વિસ્તારમાં આજે સવારે 9:55 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જણાવવામાં આવ્યું હતું કે, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.7 હતી.

## ઋષિ સુનકની પુતિનને ધમકી - રશિયા યુક્રેનમાંથી હમણાં જ નીકળી જાય

**■ યુક્રેન પર રશિયન હુમલાને સુનકે ગણાવ્યું ગેરકાયદેસર**

ગુજરાત | વંદન



બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે યુક્રેન સંકટને લઈને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની આકરી ટીકા કરી છે. સુનકે કહ્યું કે, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને G-20 સમિટમાં વિશ્વ નેતાઓનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈતું હતું. સાથે જ સુનકે રશિયાને યુક્રેનમાંથી બહાર નીકળવા કહ્યું હતું. સુનકે વિશ્વ નેતાઓનો સામનો ન કરવા બદલ વ્લાદિમીર પુતિન પર પ્રહારો કર્યા અને મોસ્કોને કહ્યું કે યુક્રેન પરના "બર્બર" આક્રમણને સમાપ્ત કરવાનો સમય આવી ગયો છે.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવની હાજરીમાં બ્રિટનના વડાપ્રધાને કહ્યું કે યુકે યુક્રેનને સમર્થન આપવાનું ચાલુ રાખશે. યુક્રેન પર રશિયન હુમલાને ગેરકાયદેસર ગણાવતા સુનકે કહ્યું કે, રશિયાનાગેરકાયદેસર યુદ્ધની આપણા બધા પર ઊંડી અસર છે અને એક વ્યક્તિમાં તે બધું બદલવાની શક્તિ છે. બ્રિટિશ પીએમે કહ્યું કે નોંધનીય છે કે પુતિન અહીં અમારી સાથે જોડાઈ શક્યા નથી. જો પુતિન અહીં હોત, તો કદાચ અમે વસ્તુઓને ઉકેલી શક્યા હોત. રશિયાને યુક્રેનમાંથી બહાર કાઢવું અને આ બર્બર યુદ્ધનો અંત લાવવાનો સૌથી મોટો તફાવત કોઈપણ કરી શકે છે. બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે, આક્રમણ પછી ક્રેમલિનના પ્રતિનિધિ સાથે સામસામે આવનાર પ્રથમ બ્રિટિશ વડા પ્રધાન, જી-20 સમિટમાં જણાવ્યું હતું કે દેશોએ તેમના પડોશીઓ પર હુમલો કરવો જોઈએ નહીં.

**યૂક્રેન યુદ્ધને લઇને મોદીએ બાલીમાં વિશ્વને કહ્યું - 'પરમાણુ હથિયારોનો ઉપયોગ કે ધમકી હવે અસ્વીકાર્ય'**

## G-20માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દબદબો: 'યુદ્ધનો યુગ નથી' નિવેદન પર વૈશ્વિક મહોર

ગુજરાત | વંદન



ઈન્ડોનેશિયાના બાલીમાં આયોજિત G-20 સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એ પ્રેરક સંદેશ 'આજનો યુગ યુદ્ધનો નથી'....ની ધારી અસર પડી છે. પીએમ મોદીના આ નિવેદન પર મહોર લગાવતા જી-20એ તેને પોતાના વૈશ્વિક મુસદ્દામાં સામેલ કરીને એક રીતે જોતા બુદ્ધની ભૂમિ પરથી આવેલો નો વોરના સંદેશા પર મહોર લગાવવામાં આવી છે.

આ ડ્રાફ્ટમાં યુક્રેનના આક્રમણ માટે રશિયાની નિંદા માટે કે યુદ્ધને વખોડવા માટે G-20 હવે પીએમ મોદીના આ સંદેશાનો ઉપયોગ વિશ્વભરમાં કરશે. બીજી તરફ, G-20નુ આ વચન વડાપ્રધાન મોદીના એ કોલ - વચન પર આધારિત છે કે 'પરમાણુ હથિયારોનો ઉપયોગ કે ધમકી હવે અસ્વીકાર્ય છે'.

નોધનીય છે કે નવા વર્ષમા ભારતને જી-20ની અધ્યક્ષતા મળવાની છે અને તેથી જ્યાં સુધી G-20ના ડ્રાફ્ટની વાત છે તો ભારતના અધ્યક્ષપદની શરૂઆત પહેલા યુક્રેન અને રશિયાના મુદ્દાને ઉકેલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. વિકાસશીલ દેશો અને ઊભરતાં બજારોમાં ભારતના નેતૃત્વને કારણે જ સંપૂર્ણ ઘોષણા બહાર આવી છે. ભારતના કારણે જ સર્વસંમતિ બની શકી છે. અને ભારતનું સૂચન કે યુક્રેનના મુદ્દાને એક સમાવિષ્ટ ફકરા દ્વારા ઉકેલવામાં આવે તેને લઈને પાંચ દિવસની ચર્ચા પછી ઘોષણામાં સંમત ભાષા તરફ દોરી જાય છે. નોંધપાત્ર વાત એ છે કે, સંયુક્ત રાષ્ટ્રના મંચ પર ભારતે હંમેશા રશિયા-યુક્રેન યુદ્ધ પર પોતાની સ્થિતિને સંપૂર્ણપણે સંતુલિત રાખવાનો પ્રયાસ કર્યો છે.

આ સાથે ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે યુક્રેનમાં યુદ્ધને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પ્રતિકૂળ અસર જોવા મળી છે. ઘણા દેશોએ G-20ની સ્થિતિનું પુનરાવર્તન કર્યું છે અને મોટાભાગના સભ્યોએ આ યુદ્ધની સખત નિંદા કરી છે. તે વધુમાં જણાવે છે કે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કે ધમકી અસ્વીકાર્ય છે. સંઘર્ષોનું શાંતિપૂર્ણ નિરાકરણ, કટોકટીના ઉકેલ માટેના પ્રયાસો, મુત્સદ્દીગીરી અને સંવાદ આજના યુગમાં મહત્વપૂર્ણ છે. શાંતિ પર ભાર મુકતા કહેવામાં આવ્યું છે કે આજનો યુગ યુદ્ધનો નથી.

દરમિયાન બાલીમાં જી-20 શિખર સંમેલનમાં પહોંચેલા નરેન્દ્ર મોદીએ પ્રવાસી ભારતીયોઓને સંબોધિત કર્યા હતા. તે દરમિયાન તેમણે કહ્યું હતું કે "2014 પહેલા અને પછી ભારતમાં ખુબજ બદલાવ આવ્યાં છે. જે સૌથી મોટો તફાવત આવ્યો છે તે 'સ્પીડ'નો છે. તેમણે કહ્યું કે આજ ભારત અભૂતપૂર્વ સ્કેલ અને સ્પીડ પર આગળ વધી રહ્યું છે", " તેમણે દાવો કર્યો કે, " અમે હવે નાના સપનાઓ જોતા નથી. 2014માં 32 કરોડથી વધુ બેન્ક એકાઉન્ટ ખુલ્યા છે. જે અમેરિકાની વસ્તીથી પણ વધારે છે", " આજ ભારત ઝડપથી આગળ વધતી અર્થવ્યસ્થા બન્યું છે."

વડાપ્રધાને ક્ષેત્રોને સૂચિબદ્ધ કર્યા જેમાં ભારત હાલ નંબર વન પર છે જેમાં સ્માર્ટફોન ડેટા વપરાશ, IT આઉટસોર્સીંગ અને અમુક દવાઓ અને રસીઓનું ઉત્પાદન સામેલ છે. તેમને કહ્યું કે ભારતની પ્રતિભા, ટેક્નોલોજી, ઈનોવેશન અને ઈન્ડસ્ટ્રીએ દુનિયામાં પોતાની આગવી ઓળખ બનાવી છે. આજે વિશ્વની ઘણી મોટી કંપનીઓમાં ભારતીય મૂળના CEO( મુખ્ય કાર્યકારી અધિકારીઓ) કામ કરી રહ્યા છે.

## સુરતમાં હાઈવોલ્ટેજ ડ્રામા વચ્ચે 'ગુમ' થયેલા 'આપ'ના કંચન જરિવાલાએ ફોર્મ પાછુ ખેંચ્યુ

ગુજરાત | વંદન

કંચન જરીવાલા ગુમ થવા અને આપ નેતાઓ દ્વારા તેમના અપહરણનો બીજેપી પર આરોપ લગાવ્યા બાદ આ મામલેનવો વળાંક આવ્યો છે. કંચન જરીવાલાએ ઉમેદવારી પત્ર પાછું ખેચ્યું હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022: આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે તેમની પાર્ટીના ઉમેદવારના અપહરણની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે ભારતીય જનતા પાર્ટી પર સીધો આરોપ લગાવ્યો અને કહ્યું કે, સુરતથી AAPના ઉમેદવાર કંચન જરીવાલા તેમના પરિવાર સાથે ગુમ છે. શું તેનું અપહરણ કરવામાં આવ્યું છે? જે બાદ કંચને બુધવારે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું હતું.દિલ્હીના મુખ્યમંત્રીએ ટ્વીટ કર્યું, "સુરત (પૂર્વ)ના અમારા ઉમેદવાર કંચન જરીવાલા અને તેમનો પરિવાર ગઈકાલથી ગુમ છે. અગાઉ ભાજપે તેમનું નામાંકન રદ કરવાનો પ્રયાસ કર્યો હતો,



...અનુસંધાન પેજ નં. 6 પર



## નાસાનું ડ્રીમ પ્રોજેક્ટ આર્ટેમિસ-1 મિશન સફળતાપૂર્વક લોન્ચ કર્યું

**■ નાસા માટે ઐતિહાસિક દિવસ, અમેરિકા 50 વર્ષ પછી ફરી ચંદ્ર મિશન પર**

ગુજરાત | વંદન

નેશનલ એરોનૉટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA) પોતાના ડ્રીમ પ્રોજેક્ટ આર્ટેમિસ-1 મિશનને આજે સફળતાપૂર્વક લૉન્ચ કરી દીધું છે. નાસાનો આ ત્રીજો પ્રયાસ હતો. પહેલા મિશનને આ પહેલા બે વાર લૉન્ચિંગને રદ્દ કરી દેવામાં આવ્યું હતું. આજે પણ રૉકેટમાંથી હાઈડ્રોજન રિસાવ થઈ રહ્યું હતું જ્યાર બાદ થોડીવાર માટે લૉન્ચિંગને ટાળી દેવામાં આવી હતી. નાસાના એન્જિનિયરોએ ક્યારેય હાઈડ્રોજન ઈંધણના રિસાવનું કારણ નથી જણાવ્યું. આ વખતે આ કમીને દૂર કરવામાં આવી.

નાસાના આર્ટેમિસ-1 મૂન મિશનનું લોન્ચિંગ 10 મિનિટ માટે રોકી દેવામાં આવ્યું હતું. લૉન્ચ કરતા પહેલા જ ફરીથી કેટલીક ટેકનિકલ ખામીઓ આવી હતી. જેને વિજ્ઞાનીએ દૂર કર્યો હતો. નાસાએ ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપી હતી. પહેલા તેને 29 ઓગસ્ટે અને પછી 03 સપ્ટેમ્બરે લોન્ચ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ટેકનિકલ સમસ્યાઓ અને ખરાબ હવામાનને કારણે તેને યોગ્ય સમયે રોકી દેવામાં આવ્યું હતું. નાસા દ્વારા 03 સપ્ટેમ્બરે તેનું પ્રક્ષેપણ અટકાવ્યા બાદ ખરાબ

...અનુસંધાન પેજ નં. 6 પર


### વિજયની ચુસ્કી...!




## કેન્દ્રીય ગૃહમંત્રી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં

**■ સીએમ પટેલે ફરીથી ઘાટલોડિયા બેઠક પર થી ઉમેદવારી નોંધાવી**

ગુજરાત | વંદન



રાજ્યમાં ચૂંટણી પહેલા હાલ વિવિધ પક્ષોનાં નેતા પોતાનું નામાંકન ફોર્મ ભરી રહ્યા છે. ત્યારે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડીયા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભરવા કેસરીયા મહારેલી બાદ તેમને ચૂંટણી નામાંકન ભર્યુ છે. રેલીનો રૂટ પ્રભાત ચોક, ચાણક્યપુરી, ડમરૂ સર્કલ, કારગીલ ચાર રસ્તા, મધ્યસ્થ કાર્યાલય સોલા ભાગવત પાસે એસજી હાઈવે હોય છે. રેલી બાદ અમિત શાહ મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યુ હતુ. ત્યારબાદ બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રાંત ઓફિસ ઘાટલોડીયામાં ઉમેદવારી પત્ર ભર્યુ હતુ.ઉમેદવારી ભરતા પહેલા ભવ્ય રોડ શો પણ યોજવામાં આવ્યો હતો. રેલીમાં મોટી સંખ્યામાં માલધારી સમાજના લોકો હાજર રહ્યા હતા. CM ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને માલધારી સમાજના આગેવાનોએ લાલ રંગની રબાબી પાઘડી પહેરાવી હતી. સોલા ખાતે મધ્યસ્થ કાર્યાલયને અમિત શાહે ખુલ્લુ મૂક્યું હતું. રેલી પહેલાં કાર્યકરો સાથે મુખ્યમંત્રીએ ચર્ચા વિચારણા પણ કરી હતી.ઘાટલોડિયા વિધાનસભાનું ફોર્મ ભરતા પહેલા સીએમ પટેલે જણાવ્યુ કે, 'નરેન્દ્ર મોદીનાં માર્ગદર્શનમાં વિકાસનાં કાર્યો કર્યા છે અને તેમાં પ્રજાજનોનો સાથ મળ્યો છે. જેના કારણે દરેકનાં મનમાં એવું થાય છે કે, આ ગુજરાત મેં બનાવ્યું છે. આજે અહીં સંત પણ ઉપસ્થિત છો અને તમે પણ આશીર્વાદ આપજો કે, અમે નાનામાં નાના માણસનાં કામ કરી શકીએ.'

### વાંકી નજરે...




સૌજન્યથી...

# ગાંધીનગર: આવા ચૂંટણીલક્ષી ચોપાનિયાં અને ભીંતપત્રો છાપવા કે પ્રસિદ્ધ કરવા પર પ્રતિબંધ લગાવાયો




ગુજરાત | વંદન

આગામી વિધાનસભા ચૂંટણી -૨૦૨૨ને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લામાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈ પણ વ્યક્તિ મુદ્રણ સ્થળ અને પ્રકાશકનાં નામ અને સરનામાં વગરના ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો વગેરે છાપી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં. આ અંગેનું જાહેરનામું નિવાસી અધિક કલેક્ટર ભરત જોષી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. કોઈપણ ચૂંટણીલક્ષી સામગ્રી છપાવતા પૂર્વે પ્રકાશકની ઓળખ અંગેની બે નકલ મુદ્રકને આપ્યા બાદ જ કોઈ પણ વ્યક્તિ ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી કે છપાવી શકશે.

આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારો માટે આગામી ૫ ડિસેમ્બરના મતદાન અને ૮ ડિસેમ્બરના રોજ મતગણતરી યોજાનાર છે. ત્યારે આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચાર સંહિતાની કડક અમલવારી તથા પાલન થાય તે અત્યંત જરૂરી હોઈ, નિવાસી અધિક કલેક્ટર દ્વારા સમગ્ર જિલ્લાના મુદ્રકોને જાહેરનામાની જોગવાઈઓ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. જે અંતર્ગત ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરતી વખતે મુદ્રક અને પ્રકાશકનાં નામ અને સરનામા અચૂક દર્શાવવા જણાવવામાં આવ્યું છે.

આ માટે ચૂંટણીલક્ષી કોઈપણ સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં મુદ્રકે ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરાયેલું નિયત નમૂના મુજબનું એકરાર પત્ર બે નકલમાં પ્રકાશક પાસેથી મેળવવાના રહેશે. એટલું જ નહીં, મુદ્રકે પણ ત્રણ દિવસમાં જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પણ છાપેલા દસ્તાવેજોની નકલ સાથે રજૂ કરવાની રહેશે.

## ન્યૂઝ બ્રિફ




### મતદાન જાગૃતિ માટે સેલ્ફીનો પ્રયોગ: અમદાવાદમાં 52 જગ્યાએ સેલ્ફી બુથ

લોકશાહીનું પર્વ એવા ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે મતદારોને જાગૃત કરવામાં આવી રહ્યાં છે. ખાસ કરીને યુવા મતદારોને જાગૃત કરવા માટે આ વખતે સેલ્ફીનો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેના દ્વારા અમદાવાદ જિલ્લામાં શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ 52 જેટલા સેલ્ફી પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. આ વખતની ચૂંટણીમાં પ્રથમવાર જે યુવા મતદારો વોટીંગ કરવાના છે અને રેગ્યલુર જે મતદારો છે તેઓને જાગૃત કરવા માટે તંત્ર દ્વારા આ સેલ્ફીનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ચૂંટણીમાં દરેક મતદાતાને મત આપવાનો અધિકાર છે. મતાધિકારનો ઉપયોગ લોકો કરે અને વધુને વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ખાસ કરીને સ્વીપ એક્ટીવીટી સિસ્ટેમેટિક વોટિંગ અવેરનેશ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટી વોટિંગ અવેરનેશ કેમ્પેઈન ચલાવી રહી છે. આ અંગે સ્વીપના નોડલ ઓફિસર યોગેશ પરીખએ જણાવ્યું કે, તહેવારોની સિઝનમાં જેમ નવરાત્રી, ગણેશચતુર્થી અને દિવાળી જેવા તહેવારો ઉજવાય છે તેવી જ રીતે દર 5 વર્ષે લોકશાહીનું પર્વ ચૂંટણી આવે છે.

### ખાડિયામાં મોદી સેલ્ફી પોઇન્ટ



### વિધાનસભા ચૂંટણીમાં સુરેન્દ્રનગરમાં ભાઈ-બહેનની જોડી રિપીટ


વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ તમામ પાર્ટીઓએ પોતાની ઉમેદવારોની પણ જાહેરાત કરી છે. આ દરમિયાન, કોંગ્રેસે સુરેન્દ્રનગર પંથકમાં ફરી એક વાર મોટો દાવ રમ્યો છે. જણાવી દઈએ કે, સુરેન્દ્રનગરમાં ભાઈ-બહેનની જોડીને રિપીટ કર્યા છે. કોંગ્રેસે લીંબડી-સાયલા બેઠક ઉપર કલ્પના મકવાણા અને ચોટીલા બેઠક પર ઋત્વિક મકવાણાને ટિકિટ આપી છે. આ બંને ભાઈ બહેન કોંગ્રેસના પીઢ નેતા કરમશી મકવાણાના સંતાનો છે.

### 2017માં ભાજપને કોંગ્રેસ કરતાં 22,86,370 મત વધારે મળ્યા હતા


ગુજરાત વિધાનસભાની વર્ષ-2017ની ચૂંટણી પર નજર કરવામાં આવે તોં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હાર-જીતમાં વોટ શેરનું માર્જીન માત્ર 7.61 ટકા હતુ. વોટની સંખ્યા જોઈએ તો કુલ મતદાનમાથી ભાજપને 1,47,24,031 મત મળ્યા હતા. કોંગ્રેસને 1,24,37,661 મત મળ્યા હતા. ભાજપને કોગ્રેસની સરખામણીએ 22,86,370 મત વધુ પ્રાપ્ત થયાં હતા. વર્ષ-2017ની વિધાનસભામાં અપક્ષ ત્રણ ઉમેદવાર વિજેતા થયા હતા જેમનો વોટ શેર 4.30 ટકા હતો.

### ભાવનગર ગ્રામ્ય વિધાનસભા બેઠક પર પરસોત્તમ સોલંકીનો 25 વર્ષથી દબદબો

2017માં કોંગ્રેસે કોળી મતદારોના બાહુલ્યને ધ્યાને



લઈને કોળી ઉમેદવાર કાંતિભાઈ ચૌહાણને ટિકિટ આપી હતી.જોકે તેઓ પણ પરસોત્તમ સોલંકી સામે મ્હાત થયા હતા.આમ, છેલ્લા 25 વર્ષથી ભાજપ અને સોલંકીનો અહીં મજબૂત કિલ્લો છે.ભાજપ માટે આ બેઠક સેફ બેઠકમાં સમાવિષ્ટ છે. ઉલ્લેખનીય છે કે, સોલંકીએ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવીને ભાવનગર જીલ્લાનાં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. જોકે ભાજપના દિગ્ગજ નેતા રાજેન્દ્રસિંહ રાણા સામે તેમની હાર થઈ હતી. જોકે રાજેન્દ્રસિંહને સરસાઈ માત્ર 5000 મતોની મળી હતી.સોલંકી ભાજપમાં જોડાઈ ગયા હતા.




## ગુજરાત ચૂંટણી
### વણઝારાથી લઈને મેવાડા સુધી...

# ગુજરાતના એ પોલીસકર્મીઓ જેમણે રાજકારણમાં નસીબ અજમાવ્યું...

ગુજરાત | વંદન

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. વિવિધ રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી રહી છે. મતદારોને રીઝવવાના પ્રયત્નો શરુ થઈ ગયા છે. તેવામાં અમે તમને એવા નેતાઓ વિશે જણાવી રહ્યા છીએ જે એક સમયે પોલીસકર્મી તરીકે ફરજ બજાવતા હતા અને હવે તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું છે.

'સત્તા ભ્રષ્ટ કરે છે, અને સંપૂર્ણ સત્તા સંપૂર્ણપણે ભ્રષ્ટ કરે છે. પાછલા 27 વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના શાસનનું આ જ પરિણામ છે. કોંગ્રેસે ભારતીય જનતા પાર્ટીને હરાવવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા અને આમ આદમી પાર્ટી પણ ભાજપને સત્તા પરથી હટાવી નહીં શકે. મારી પાર્ટીની જે વિચારધારા છે તે જ ભાજપને હરાવી શકે છે', આ શબ્દો ડી.જી. વણઝારાના છે. વર્ષ 2002માં ગુજરાતમાં થયેલા રમખાણો પછી સોહરાબુદ્દીન શેખ, ઈશરત જહાં સહિત અન્ય લોકોના એન્કાઉન્ટર કરવામાં આવ્યા હતા. એપ્રિલ 2007માં ફેક એન્કાઉન્ટરના કેસમાં ડી.જી.વણઝારા અને તેમના સાથીદારોની ધરપકડ કરવામાં આવી હતી. વણઝારાએ લાંબો સમય જેલમાં પસાર કરવો પડ્યો. આ કેસના આરોપીઓને મહારાષ્ટ્રની જેલમાં મોકલવામાં આવ્યા હતા. આ દરમિયાન વણઝારાએ બે પત્રો લખ્યા હતા. પત્રમાં તેમણે નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ મોઘમમાં ઈશારો પણ કર્યો હતો કે જો તેમને રાહત નહીં મળે તો તે અન્ય લોકો માટે પણ સમસ્યા ઉભી કરી શકે છે. એપ્રિલ 2016માં તેમને જામીન મળ્યા અને ગુજરાત પાછા ફરવાની મંજૂરી મળી હતી. તેમણે આઠ વર્ષ જેલમાં કાપ્યા છે. વણઝારા જેલમાંથી બહાર આવ્યા પછી તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાય તેવી અટકળો ઘણી વાર વ્યક્ત થઈ રહી હતી, પરંતુ હવે તેમણે પોતાની અલગ પાર્ટીની જાહેરાત કરી છે.

### તરુણ બારોટ



નિવૃત્ત DySp તરુણ બારોટ પણ વણઝારાની ટીમમાં હતા. એન્કાઉન્ટ સાથે સંકળાયેલી ટીમનો તે પણ એક ભાગ હતા. વિધાનસભાની આ ચૂંટણીમાં તરુણ બારોટને ભારતીય જનતા પાર્ટી બાપુનગર સીટની ટિકિટ આપી શકે છે. તરુણ બારોટ પાછલા ઘણાં સમયથી આ વિસ્તારમાં સક્રિય ધોરણે સામાજિક કાર્યો કરી રહ્યા છે. 1984માં તેમણે સબ-ઈન્સ્પેક્ટર તરીકે કારકિર્દીની શરુઆત કરી હતી. તેઓ અનેક હાઈ-પ્રોફાઈલ કેસ સાથે જોડાયા હતા. વર્ષ 1992માં તેમણે ખાલિસ્તાની ઉગ્રવાદી લાલ સિંહની જુહાપુરા વિસ્તારથી ધરપકડ કરી હતી. ઈશરત જહાં અને સાદિક જમાલ એન્કાઉન્ટર કેસમાં તેમણે જેલની સજા પણ કાપી છે.

### જસપાલ સિંહ



જસપાલ સિંહને જ્યારે વડોદરાથી બહાર મોકલવામાં આવ્યા તો તેમણે પોલીસ તરીકે રાજીનામું આપી દીધુ હતું અને પછી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાઈ ગયા હતા. 1984માં તેઓ ચૂંટણી લડ્યા હતા પરંતુ હારી ગયા હતા. 1985માં પણ તે રાવપુરાથી વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રહ્યા હતા પરંતુ ત્યારે પણ હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તે જ વર્ષે પેટાચૂંટણીમાં સયાજીગંજથી અપક્ષ ઉમેદવાર તરીકે જીતી ગયા હતા. તેમણે સાવધાન પાર્ટી બનાવી હતી અને 1987ના નગરપાલિકાના ઈલેક્શનમાં 21 સીટ જીત્યા હતા. જનતા દળના સપોર્ટ સાથે તેઓ મેયર પણ બન્યા હતા, જો કે પાછળથી જનતા દળે પોતાનું સમર્થન પાછુ ખેંચી લીધુ હતું. 1995માં તેઓ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે જીત્યા હતા અને મંત્રી બન્યા હતા. વર્ષ 2001માં મંત્રી પદ પાછું લઈ લેતા તેમણે પાર્ટી સાથે છેડો ફાડી લીધો હતો. 2011માં તે ભાજપ સાથે ફરી જોડાયા હતા પરંતુ 2014થી તે આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા હતા. 2017માં તેમનું નિધન થયુ હતું.

### પી.કે દત્તા

પી.કે.દત્તાએ નિવૃત્તિ પછી કોંગ્રેસ પાર્ટીમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. તેઓ DGP હતા. વર્ષ 1998માં લોકસભાની ચૂંટણીમાં ગાંધીનગરની સીટ પરથી એલ.કે.અડવાણી સામે કોંગ્રેસે તેમને ઉભા રાખ્યા હતા. આ ચૂંટણીમાં અડવાણીને 5.41 લાખ મત મળ્યા હતા જ્યારે પી.કે. દત્તાને 2.77 લાખ મત મળ્યા હતા.

### સી.આર. પાટીલ




ભારતીય જનતા પાર્ટીમાં અત્યારે ચંદ્રકાંત આર પાટીલની બોલબાલા છે. તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના નેતા માનવામાં આવે છે. આટલુ જ નહીં તે ગુજરાત રાજ્યના પાર્ટી અધ્યક્ષ પણ છે. 1975માં તેઓ કોન્સ્ટેબલ તરીકે પોલીસમાં જોડાયા હતા. નરેન્દ્ર મોદી પ્રત્યેની તેમની વફાદારીને કારણે પાર્ટીમાં તેમને મહત્વનું સ્થાન મળ્યું હોવાનું કહેવામાં આવે છે. 2009માં નવસારી લોકસભાની સીટ તેમને આપવામાં આવી હતી. તે 6,89,668 વોટથી જીત્યા પણ હતા.

### કુલદીપ શર્મા



પોલીસ વિભાગમાં 37 વર્ષ સેવા આપ્યા પછી કુલદીપ શર્મા 2013માં નિવૃત્ત થયા. એક વર્ષ પછી તેઓ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયા. સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસની તપાસમાં કુલદીપ શર્માનો મહત્વનો રોલ હતો. કુલદીપ શર્માનું નામ પણ એન્કાઉન્ટ કેસ સાથે જોડાયુ હતું. જુસબ જુમા મોખા નામના વ્યક્તિનો આરોપ છે કે, 1984માં જ્યારે કુલદીપ શર્મા કચ્છના SP હતા ત્યારે તેના પરિવારના પાંચ સભ્યોની પોલીસ દ્વારા હત્યા કરવામાં આવી હતી. આ સિવાય કુલદીપ શર્મા 1999માં જ્યારે સુરતના પોલીસ કમિશનર હતા ત્યારે એન્કાઉન્ટરમાં આસિફ મેમનનું પણ મૃત્યુ થયુ હતું.

### ભવાન ભરવાડ



કોંગ્રેસ સાથે સંકળાયેલા આ નેતાએ 2012માં ભાજપનો હાથ પકડ્યો હતો. કારકિર્દીની શરુઆત તેમણે કોન્સ્ટેબલ તરીકે કરી હતી, પરંતુ રાજકારણમાં આવવા માટે 1987માં રાજીનામું આપી દીધુ હતું. સુરેન્દ્રનગરમાં લિંબડીથી તે ધારાસભ્ય રહી ચૂક્યા છે. ભરવાડ સમાજમાં તેમની ઘણી બોલબાલા છે. તેમની ગણતરી ધનિક રાજનેતાઓમાં થાય છે. 2018માં ગુજરાત શીપ એન્ડ વૂલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ચેરમેન બનાવવામાં આવ્યા હતા.

### જેઠા ભરવાડ



શહેરા બેઠક પર જેઠા ભરવાડને હરાવવા લગભગ અશક્ય છે. જેઠા ભરવાડ ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર પણ છે. એક સમયે તેઓ અમદાવાદમાં કોન્સ્ટેબલ તરીકેની ફરજ બજાવતા હતા. માનવામાં આવે છે કે ત મોટા અધિકારીઓના હંમેશા ખાસ રહ્યા છે. જ્યારે તેમન સસ્પેન્ડ કરવામાં આવ્યા તો તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું. 1998માં તે સમાજવાદી પાર્ટીની ટિકિટ પર શહેરાથી ચૂંટણી લડ્યા. ત્યારપછી તે ભાજપ સાથે જોડાયા હતા અને 2002થી તે તમામ ચૂંટણીમાં જીત મેળવી રહ્યા છે.

### જે.જે. મેવાડા



અસારવાની સીટ પર આમ આદમી પાર્ટીએ જે.જે. મેવાડાને ટિકિટ આપી છે. આમ આદમી પાર્ટી સાથે જોડાયા પછી મેવાડા પર આરોપ મૂકવામાં આવી રહ્યો છે કે તેઓ જમીનને લગતી વિવાદાસ્પદ ડીલ સાથે સંકળાયેલા હતા. વર્ષ 2012માં તેઓ DSP પદ પરથી નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ પછી તરત જ તે આમ આદમી પાર્ટી સાથે જોડાઈ ગયા હતા. 2014માં લોકસભાની ચૂંટણીમાં તેમજ 2017ની વિધાનસબાની ચૂંટણીમાં તે ઉભા રહ્યા હતા, પરંતુ બન્નેમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

# મતદાન કરવા માટે આ છે 12 માન્ય દસ્તાવેજો, હાથવગા રાખજો...!


ગુજરાત | વંદન

ગુજરાત સામાન્ય ચૂંટણી દરમિયાન મતદાન કરતાં પહેલાં મતદારે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે. EPIC ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાન માટે અન્ય 12 દસ્તાવેજો પણ માન્ય કરવામાં આવ્યા છે.જેમાં ચૂંટણીના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. જે મતદાર મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ ન કરી શકે તો તેની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એનપીઆર અન્વયે આરજીઆઇ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજ્ય સરકારના જાહેર ક્ષેત્ર ઉપક્રમો, જાહેર લિમિ. કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ Unique Disability ID(UDID) કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે.

વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત "અસલ પાસપોર્ટ" રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે તેમ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## પહેલા મતદાન પછી બીજા બધા કામ....




## મોદીના પગલે ચાલી રહ્યાં છે કેજરીવાલ, કોંગ્રેસ વિશ્વાસ ગુમાવી ચૂકી છે...

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આ વખતે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ 12 વિધાનસભા બેઠકો પરથી ચૂંટણી લડવાની છે. ગુજરાતમાં આ વખતે ભાજપ , કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો છે, ત્યારે ઓવૈસીની પાર્ટી માટે અહીં મોટો પડકાર છે. ઓવૈસીની પાર્ટી પર પહેલે જ વોટ કાપનારી અને ભાજપની બી ટીમના આરોપ લગાતા રહ્યા છે. ગુજરાતમાં ઓવૈસીની શું રણનીતિ હશે, તેના પર એક ન્યૂઝ ચેનલ પર તેમણે પોતાની વાત જણાવી. તેમણે અરવિંદ કેજરીવાલને 2013ના મોદી જણાવ્યા અને કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું.

## 1998 અને 2002નો ઈતિહાસ ફરી દોહરાશે, પહેલા પિતા તો બન્નેના પુત્રો લડશે ચૂંટણી!

ગુજરાત | વંદન

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપે પ્રવિણ માળી અને કોંગ્રેસે સંજય રબારીને ટિકિટ આપી ઉમેદવાર બનાવ્યા છે. આ બંને ઉમેદવારોના પિતાઓ એકબીજા સામે ચૂંટણી લડી ચુક્યા છે. ઉમેદવારોના પિતાઓ ભાજપ અને કોંગ્રેસમાં 2 વખત સામ સામે ચૂંટણી લડી એક એકવાર



MLA બની ચુક્યા છે. કોંગ્રેસના પૂર્વ MLA ગોવાભાઈ રબારી અને ભાજપના પૂર્વ MLA સ્વર્ગસ્થ ગોરધનજી માળીના પુત્રોને ભાજપ અને કોંગ્રેસએ સામસામે ઉતારતા ડીસાની ચુંટણી રસપ્રદ બની છે.

# ઝઘડિયાની બેઠક પર પિતા-પુત્રોનો ત્રિકોણીયો જંગ ખેલાશે

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ચૂંટણી સંગ્રામમાં અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં પરિવારનો વિવાદ સામે આવ્યો છે. ભરૂચની ઝઘડિયા બેઠક પર BTPના અધ્યક્ષ મહેશ વસાવાએ પોતાના જ પિતાની ટિકિટ પર પોતાનું નામ જાહેર કરી દેતા પરિવારનો વિવાદ જાહેરમાં આવ્યો હતો. હવે આ બેઠક પરથી પિતા અને બે પુત્ર દ્વારા ઉમેદવારી નોંધાવી છે. ભરૂચની ઝઘડિયા બેઠક પર પિતા-પુત્ર વચ્ચેના જંગમાં આજે પિતા છોટુ વસાવાએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. છોટુ વસાવાનું ફોર્મ પુત્ર કિશોર વસાવાએ ભર્યુ છે. જ્યારે બીજી બાજુ છોટુભાઈના પુત્ર મહેશ વસાવાએ બીટીપી તરફથી ફોર્મ ભર્યુ છે. જ્યારે દિલીપ વસાવાએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યુ છે.

આ ચૂંટણીમાં તમામ લોકોની નજર



પિતા-પુત્રો વચ્ચેની જંગ પર જરૂર રહેશે. લોકોમાં ચર્ચા એ પણ છે કે, પરિવારનાં આ ઝઘડામાં ભાજપને ફાયદો ન થઈ જાય. નોંધનીય છે કે, છોટુભાઈ વસાવાએ રવિવારે એક ટ્વિટથી રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. છોટુભાઈ વસાવાના પુત્ર દિલીપ વસાવાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધુ હતુ. તેમણે BTP અને BTTSના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યું છે. આ અંગે તેમણે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી માહિતી આપી હતી. મહેશ વસાવા દ્વારા છોટુ વસાવાની અવગણના થતાં હોવાના આક્ષેપો પણ છે.

# ભાજપના 40 સ્ટાર પ્રચારક નેતા પ્રચાર કરશે

ગુજરાત | વંદન | ભાજપ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ 40 સ્ટાર પ્રચારકો ગુજરાતની તમામ વિધાનસભાની બેઠકો ખૂંદી વળશે. ગુજરાતના વિધાનસભા ચૂંટણી જીતવા માટે ભાજપના 40 સ્ટાર પ્રચારક નેતાઓના નામ સામે આવ્યાં છે, જેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નીતિન પટેલ સહિતના નેતાઓ સ્ટાર પ્રચારકની કામગીરી કરશે. જેમાં ફિલ્મ અભિનેતા-નેત્રી અને રાજનીતિ સાથે સંકળાયેલા નેતાઓનું નામ પણ સામેલ છે જેમાં પરેશ રાવળ, હેમા માલિનીના નામ છે.

## ભાજપના સ્ટાર પ્રચાર નેતાઓના નામ



1.નરેન્દ્રભાઈ મોદી
2. જે.પી. નડ્ડા
3 રાજનાથ સિંહ
4. અમિતભાઈ શાહ
5. નીતિન ગડકરી
8.અર્જુન મુંડા
9. સ્મૃતિ ઈરાની
10. ધર્મેન્દ્ર પ્રધાન
12. ભૂપેન્દ્ર યાદવ
16. યોગી આદિત્યનાથ
17. શિવરાજસિંહ ચૌહાણ
18. હેમંત બિશ્વ શર્મા
19. દેવેન્દ્ર ફડણવીસ
24.દિનેશ લાલ યાદવ (નિરહુઆ)
25.રવિ કિશન
26.મનોજ તિવારી
27.તેજસ્વી સૂર્ય
29. હેમા માલિની
30.પરેશભાઈ રાવલ


## કોંગ્રેસના સ્ટાર પ્રચારકોની યાદી



ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી બાદ કોંગ્રેસે પણ 40 સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. સ્ટાર પ્રચારકોની યાદીમાં મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, પ્રિયંકા ગાંધી, પરેશ ધાનાણી અને અનંત પટેલનો પણ સમાવેશ થાય છે.

## AAPના સ્ટાર પ્રચારકની યાદી જાહેર

આમ આદમી પાર્ટી દ્વારા મોડી રાતે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર



કરી દેવામાં આવી હતી, જેમાં ક્રિકેટર અને પંજાબના રાજ્યસભા સાંસદ હરભજન સિંહ, પંજાબ સરકારના બે મહિલા મંત્રી બલજિંદર કૌર અને અનમોલ ગગન માન, યુવા સાંસદ રાઘવ ચઢ્ઢા, ગુજરાતના આમ આદમી પાર્ટીનાના મુખ્યમંત્રીપદના ઉમેદવાર ઈસુદાન ગઢવી, પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠિયા, અલ્પેશ કથીરિયા અને યુવરાજસિંહ જાડેજા, પ્રવીણ રામ અને મહિલા પ્રમુખ ગૌરી દેસાઈ પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં શામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ આ યાદીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, દિલ્હીના નાયબ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી મનીષ સિસોદિયા, સંજય સિંહ, રાઘવ ચઢ્ઢાનું નામ પણ આ સ્ટાર પ્રચારકની યાદીમાં શામેલ કરવામાં આવ્યા છે.

# 37 વર્ષમાં ભાજપનો વોટ શેર 19.89 ટકાથી વધીને 49.05 ટકા સુધી પહોચ્યો

ગુજરાત | વંદન

ગુજરાત છેલ્લા 37 વર્ષમાં ભાજપનો વોટ શેર 19.89 ટકાથી વધીને 49.05 ટકા સુધી પહોચી ગયો છે. એટલે કે, ભાજપે પોતાના મતદારોની સંખ્યામા અઢી ગણા જેટલો વધારો પ્રાપ્ત કર્યો છે.

કોંગ્રેસનો વર્ષ-1980ની



વિધાનસભાની ચૂંટણીમા વોટ શેર 51.04 ટકા હતો જે વર્ષ-2017ની ચૂંટણીમાં ઘટીને 41.44 ટકા થયો હતો.

# ભાજપની બેઠકોમાં 2002 પછી સતત થઈ રહ્યો છે ઘટાડો

## કેજરીવાલે ગુજરાતમાં સરકાર બનાવવી હોય તો આ રાજકીય ગણિત સમજવું જરુરી, વોટશેર મોટો રોલ ભજવશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં સરકાર બનાવવા માટે 182 બેઠકમાંથી 92 પર વિજય મેળવવો જરુરી છે, આવામાં ભાજપ દ્વારા 150થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય બનાવ્યું છે. વિરોધપક્ષમાં બેઠેલી કોંગ્રેસે 125થી વધુ બેઠકો મળવાની આશા બાંધી છે જ્યારે ત્રીજા પક્ષ તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરેલા કેજરીવાલે સરકાર બનાવવાની વાત કરી છે. હવે આ તમામ રાજકીય પક્ષોએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી દીધી છે. પરંતુ તેના માટે મતદારોનો સહારો સૌથી વધુ જરુરી છે.

ભાજપ અત્યાર સુધી 127 બેઠક જીતી શક્યું છે અને તે પછી સતત તેમાં ઘટાડો થયો છે. આ ઘટાડો 2017માં 99 પર આવી ગયો હતો. આવામાં કોંગ્રેસ અને આપને હવે આશા જાગી છે કે તેઓ મતદારોને રિઝવવામાં સફળ થશે.

આમ થયું તો ભાજપને 150 બેઠકો મળી શકે

હવે જે રાજકીય પક્ષોએ આશાઓ બાંધી છે તે પ્રમાણે જ સફળતા મેળવવી હોય તો મતદારોનો મિજાજ મહત્વનો રહેશે. નવગુજરાત સમયના રિપોર્ટ્સ મુજબ ભાજપે 150ના લક્ષ્યાંક હાંસલ કરવો હોય તો કુલ મતદાન 70થી 75 ટકા થાય તે જરુરી છે. જ્યારે ભાજપ વોટશેરની સરખામણીમાં કોંગ્રેસથી 11 ટકા આગળ રહેવું જોઈએ. એટલે કે ભાજપના વોટશેર 60% કરતા વધારે હોવો જોઈએ. એટલે કે અહીં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્યોનો કુલ વોટશેર 40 ટકા કરતા ઓછો રહેવો જોઈએ. પાછલા વર્ષે ભાજપના વોટશેર વધ્યા હતા પરંતુ ઘણી બેઠકો પર ભાજપના ઉમેદવારોની નજીવા મતોથી હાર થઈ હતી.




કોંગ્રેસ બાજી મારી શકશે?

એન્ટી ઈન્કમ્બન્સીની અસરથી મતદારો કોંગ્રેસ તરફ વળે તો પણ પાર્ટીએ મતદારો પર ખાસ્સો આધાર રાખવો પડશે, કારણ કે કોંગ્રેસે 125થી વધુ બેઠકો મેળવવી હોય તો તેના વોટશેર 50 ટકાથી વધારે હોય તે જરુરી છે. આવામાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર કાંટાની ટક્કર આપે તો બાજી બગડી જશે. ભાજપે પોતાના ઉમેદવારોમાં કરેલા ફેરફાર અને કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા ઉમેદવારોની અસર રહી તો પણ કોંગ્રસ માટે તે મુશ્કેલી બની જશે.

### આપનું શું થશે?

હવે વાત આમ આદમી પાર્ટીની કરીએ તો અહીં કેજરીવાલે ફ્રી વીજળી સહિતની લહાણી કરી છે પરંતુ હવે તેના આધારે મતદારો આકર્ષાય તે જરુરી છે. ગુજરાત ભાજપનો ગઢ છે અને તેમાં કેજરીવાલે એન્ટ્રી કરવી હોય અને સરકાર બનાવવી હોય તો તેના વોટશેર 48થી 50 ટકા કરતા વધુ થવા જોઈએ. આવામાં ભાજપ અને કોંગ્રેસ બન્નેના ભેગા વોટશેર 50 ટકા કરતા ઓછા રહે તે પણ જરુરી છે. વર્ષ 2002માં ભાજપે સૌથી વધુ 127 બેઠકો પર વિજય મેળવ્યો હતો, જે પછી 2007માં તે ઘટીને 117 થઈ ગઈ હતી. આ પછીની બે ચૂંટણીમાં આ ઘટાડો સતત નોંધાતો રહ્યો છે જેમાં 2012માં ભાજપને 115 અને 2017માં 99 બેઠકો જ મળી હતી. પાછલી ચૂંટણીમાં કોંગ્રેસે પોતાની બેઠકોમાં 16 બેઠકોનો વધારો કરતા આંકડો 77 પર પહોંચ્યો હતો, જોકે, ચૂંટણી પછી પાર્ટીના નેતાઓ ભાજપમાં જોડાઈ જતા મોટો ફટકો પડ્યો હતો.

### શતાયુ મતદારને વંદન...



લોકશાહીના પર્વમાં શતાયુ (100) વર્ષીય આયુષ્યના મતદાર શ્રીમતી.વિમળાબેન બચુભાઈ રાઠોડ વિકાસની અવિરત યાત્રામાં આવનાર દિવસની અંદર ૫ ડિસેમ્બરે મતદાન કરવા જઈ રહ્યા છે ત્યારે પરિવારના સભ્યનું શાલ ઓઢાડી સ્વાગત કર્યું.

## અમદાવાદમાં રસ્તાનું 26.02 લાખ મેટ્રીક ટન હોટ મીક્ષનું કામ પૂર્ણ, બિસ્માર રસ્તાઓ મુદ્દે પણ AMCનું સોગંદનામું

### અમ્યુકો દ્વારા અનઅધિકૃત દબાણો દૂર કરવાની અને રસ્તાઓ રીપેર કરવાની કામગીરી સતત ચાલુ



ગુજરાત | વંદન

શહેરના બિસ્માર રસ્તાઓ મુદ્દે પણ અમ્યુકોએ હાઈકોર્ટમાં સોંગદનામું રજૂ કરી જણાવ્યું કે, અમ્યુકોના એન્જીનીયરીંગ ડિપા. દ્વારા હોટમીક્ષ અને માઈક્રો સરફસીંગ સાથે શહેરના વિવિધ ઝોનમાં રસ્તાઓને રીસરફેસ અને રીપેરીંગ કરવાની કામગીરી ચાલી રહી છે. તા.૧-૮-૨૦૨૨થી તા.૩૦-૯-૨૦૨૨ સુધીમાં કુલ રૂ.૨૬.૦૭ લાખ મેટ્રીક ટનનું હોટ મીક્ષનું કામ પૂર્ણ કરાયુ છે, જ્યારે ૨૩.૦૨ લાખ મેટ્રીક ટનનું માઈક્રો રીસરફેસીંગનું કામ પૂરૂં કરાયું છે.


અમ્યુકો દ્વારા સોંગદનામામાં ફેરિયાઓ મુદ્દે જણાવાયું કે, અમ્યુકોના એસ્ટેટ વિભાગ દ્વારા જાહેર રોડ પરથી દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે અને આ અંગેની ડ્રાઈવ સતત ચાલી રહી છે. પાર્કિંગમાં અડચણરૂપ દબાણો અને બાંધકામોને પણ દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. તા.૩૧-૭-૨૦૨૨ની સ્થિતિએ શહેરના સ્ટ્રીટ વેન્ડરોને આઈડેન્ટીટી કાર્ડ ઈશ્યુ કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. અમ્યુકો દ્વારા સ્ટ્રીટ વેન્ડરોનો સર્વે પૂર્ણ થઈ ગયો છે અને સર્વે મુજબ, ૬૨,૧૦૦ સ્ટ્રીટ વેન્ડરો આઈડેન્ટીફાય કરાયા છે, જેઓને આઈડેન્ટીટી કાર્ડ ઈશ્યુ કરાશે. ૬૨,૧૦૦ સ્ટ્રીટ વેન્ડરોમાંથી ૪૪,૮૧૦ને આઈ કાર્ડ ઈશ્યુ કરી દેવાયા છે.

### હાર્દિક પટેલ સામે ચૂંટણી લડશે રેશ્મા....

## રેશ્મા પટેલે NCPમાંથી આપ્યુ રાજીનામું, આપમાં જોડાયા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. દરેક પક્ષ જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આમ, ગુજરાતમાં હાલ ચૂંટણી માહોલ જામ્યો છે. જો કે, આ દરમિયાન ટિકિટને લઈને ઉમેદવારોની નારાજગી તથા વિરોધ પણ સામે આવી રહ્યો છે. જેમ-જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ-તેમ નેતાઓનો પક્ષપલટો પણ શરૂ થઈ ગયો છે. ત્યારે વધુ એક નારાજ ઉમેદવાર રેશ્મા પટેલે NCPમાંથી રાજીનામું આપી દીધુ છે. રેશ્મા પટેલે NCPના તમામ સભ્યોપદેથી રાજીનામુ આપી દીધુ છે.

રાજીનામા બાદ આજે રેશ્મા પટેલ આપ પાર્ટીમાં જોડાયા છે.



રાઘવ ચડ્ડાની હાજરીમાં ટોપી અને ખેસ પહેરી વિધિવત પ્રવેશ કર્યો હતો. રેશ્મા પટેલે NCPથી ગોંડલ બેઠક માટે ટિકિટ માંગી હતી પરંતુ NCP અને કોંગ્રેસના 3 બેઠકના ગઠબંધનને કારણે ટિકિટ મળવાનો કોઈ રસ્તો રહ્યો નહોતો તેથી તેઓ આ ગઠબંધનથી નારાજ હતા. આ અગાઉ કાંધલ જાડેજાએ પણ પોતાની નારાજગીના કારણે NCPમાંથી રાજીનામું આપી દીધું હતું.

## દિવાળીમાં બંધ મકાનોમાં ચોરી કરનાર ચિખલીગર ગેંગ ઝડપાઈ: આઠ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયા

### ઝોન-1ના સ્કોડે બે સગીર ત્રણને ઝડપી 3.57 લાખનો મુદ્દામાલ કબ્જે લીધો

ગુજરાત | વંદન

દિવાળીના તહેવારોમાં બંધ મકાનને ટાર્ગેટ કરી એક પછી એક આઠ ઘરફોડ ચોરીના ગુના આચરી તરખાટ મચાવનાર ચિખલીગર ગેંગ ઝડપાઈ છે. ડીસીપી ઝોન-૧ના એલસીબી સ્કોડે બે સગીર ત્રણને ઝડપી રૂ.૩,૫૭ લાખનો ચોરીનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ઘાટલોડીયા, વાડજ, શાહીબાગ અને કાલુપુરમાં થયેલી ચોરીના ભેદ પોલીસે ઉકેલી કાઢ્યા છે.

નવા વાડજ વિસ્તારમાં દિવાળીના તહેવારોમાં બંધ મકાનના તાળાં તોડી થયેલી ચાર ઘરફોડ ચોરીના બનાવને પગલે પોલીસ ટીમો તપાસમાં લાગી હતી. ઝોન-૧ ના સ્કોડે ચોરીના



બનાવના રૂટ પરના જૂદા જૂદા સીસીટીવી ફૂટેજ ચેક કરી તારણ કાઢ્યું કે, આ ગુનામાં ચિખલીગર ગેંગની સંડોવણી છે. રાત્રીના સમયે ભૂંડ પકડવાનું કામ કરતી આ ગેંગના સભ્યો રેકી કરીને ચોરી કરતા હોવાની વિગતો પોલીસ પાસે હતી. દરમિયાનમાં આ વિગતોને આધારે ઝોન-૧ના એલસીબી સ્કોડને બાતમી મળી કે, દધીચી બ્રિજના છેડા પાસે ગલીમાં ચિખલીગર ગેંગનો સભ્ય ઉભો છે. જે બાતમી આધારે પોલીસે તપાસ કરીને નિર્મલસિંગ રાજીન્દરસિંગ ટાંક રહે, ડૉ.નિતીન પટેલના મકાનમાં, હંસપુરા, નરોડા મૂળ રહે, નવા ગઢ ગામ, રાજકોટ અને અન્ય બે સગીરને તપાસ્યા હતા. પોલીસને તમામ લોકો પાસેથી સોના-ચાંદીના દાગીના અને રોક્ડ રકમ, ચોરી કરવા માટેના સાધનો, બે બાઈક અને બે મોબાઈલ ફોન મળીને ૩,૫૭,૪૯૦ની મત્તાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીએ વાડજ, ઘાટલોડીયા, કાલુપુર અને શાહીબાગ વિસ્તારમાં કરેલી આઠ જેટલી ગુનાની કબૂલાત કરી હતી.

### માણસાથી જે.એસ.પટેલને મળી ટિકિટ, વિજય નિશ્ચિત!

## ગુજરાત ચૂંટણી: ભાજપે જાહેર કરી ઉમેદવારોની વધુ એક યાદી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મુરતિયા જાહેર થઈ ગયા છે. 17મી નવેમ્બર બીજા તબક્કાનું ફોર્મ ભરવા માટેની અંતિમ તારીખ છે. ત્યારે ભાજપે માણસાથી જ્યંતીભાઈ પટેલ, ખેરાલુથી સરદાર ચૌધરી અને ગરબાડાથી મહેન્દ્ર ભાભોરને ટીકિટ આપી છે. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા બેઠક પરથી કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. પ્રભાત ચોકથી સોલા મધ્યસ્થ કાર્યાલય સુધી ભવ્ય રોડ શો પણ કર્યો હતો.

### કોંગ્રેસે જાહેર કરી 37 ઉમેદવારોની યાદી

છેલ્લી ઘડીએ કોંગ્રેસે બીજા તબક્કાના 37 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમા અમદાવાદના મણીનગર બેઠક સીએમ રાજપૂત, નારણપુરામાંથી સોનલબેન પટેલ, અસારવામાંથી વિપુલ પરમાર, સાણંદમાંથી રમેશ કોલી, દહેગામથી વખતસિંહ ચોહાણને ટિકીટ આપવામાં આવી છે.

ગુજરાતમાં બે તબક્કામાં મતદાન યોજાશે. ગુજરાત ચૂંટણી માટે 1 અને 5 ડિસેમ્બરનાં રોજ મતદાન થશે. આ સાથે 8 ડિસેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. પ્રથમ તબક્કા માટે પાંચ નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. જ્યારે, પ્રથમ તબક્કા માટે 14 નવેમ્બર સુધી ભરી શકાશે ફોર્મ. પ્રથમ તબક્કા માટે 15 નવેમ્બર સુધી ફોર્મ ચકાસવામાં આવશે. 17 નવેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે.

બીજા તબક્કા માટે 10 નવેમ્બરે નોટિફિકેશન જાહેર થશે. જેમાં 17 નવેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જ્યારે 18 નવેમ્બરે ફોર્મ ચકાસણી હાથ ધરાશે અને 21 તારીખ સુધી ફોર્મ પરત ખેંચી શકશે.


## 13 ડિસેમ્બર સુધી ભરી શકાશે ધો.10નાં પરીક્ષા ફોર્મ




ગુજરાત | વંદન

ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડ ધોરણ 10નાં પરીક્ષા ફોર્મ ભરવાની કાર્યવાહી 14 નવેમ્બરથી શરૂ કરી દીધી છે. વિદ્યાર્થીઓ 13 ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરી શકશે. બોર્ડે વિદ્યાર્થીઓ, સંચાલકો, આચાર્યો અને વહીવટી કર્મચારીઓને સૂચના આપી છે કે, વિદ્યાર્થીઓ નક્કી કરેલી સમય મર્યાદામાં રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરે તે જોવાનું રહેશે. આથી અંતિમ તારીખ બાદ વિદ્યાર્થીઓ દંડની રકમથી બચી શકે. બોર્ડે જાહેર કર્યું છે કે, પહેલી વાર ધોરણ 10નાં ફોર્મ સાથે વિદ્યાર્થીઓનો યુ ડાયસ કોડ પણ લિંક કરાશે, જેથી સરકાર જાણી શકશે કે ધોરણ 1માં એડમિશન લેનારા કેટલા વિદ્યાર્થીઓ ધોરણ 10 સુધી પહોંચ્યા, જેથી ડ્રોપ આઉટ રેશિયો કયા વિસ્તારમાં કેટલા પ્રમાણમાં છે તે સ્પષ્ટ રીતે મેળવી શકાશે.

## એસ્પાયર-2 ઘટનામાં ત્રણ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરાઈ




ગુજરાત | વંદન

ગુલબાઈ ટેકરા પાસે એડોર એસ્પાયર-2 13માં માળે લિફ્ટના ભાગે સેટિંગ ફિટિંગનું કામ કરતી વખતે સ્ટ્રક્ચર તૂટી પડતા 7 મજૂરોના મોત અને એક મજૂરને ગંભીર ઈજા પહોંચવાના કેસમાં ગુજરાત યુનિવર્સિટી પોલીસે 3 આરોપી વિરુદ્ધ મનુષ્ય સાપરાધ વધ અને ગંભીર બેદરકારીની કલમો હેઠળ ચાર્જશીટ મેટ્રો કોર્ટમાં દાખલ કરી છે. પોલીસે 60માં દિવસે જ ચાર્જશીટ કરી દિધી છે. જેથી ડિફોલ્ટ બેલ પર મુક્ત થવાની આરોપીઓની આશા પર પાણી ફરી વળ્યું છે. ગઈ 14 સપ્ટેમ્બર સવારે ગુલબાઈ ટેકરા પાસે નવી બની રહેલ એડોર એસ્પાયર-2 નામની સાઈટ પર 13માં માળે લિફ્ટના ભાગે સેટિંગનું કામ કરતી વખતે સ્ટ્રક્ચર તૂટી પડતા 6 મજૂરોના મોત નીપજ્યાં હતા.

## દૂધેશ્વર સ્મશાન પાસે મંદિરના બાંકડા પર મુકાયેલી આધેડની લાશ મળી આવી

ગુજરાત | વંદન

દૂધેશ્વર સ્મશાનગૃહ પાસેના મંદિરના બાંકડા ઉપરથી હત્યા કરેલી હાલતમાં રાજસ્થાનના શ્રમજીવી આધેડની લાશ મળી આવી હતી. રિવરફ્રન્ટ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ કરતાં યુવક શાહપુર કોટ વિસ્તારમાં રહેતા અને મંદિર દર્શન કરવા ત્યારે કોઈક અજાણી વ્યક્તિએ બોથર્ડ પદાર્થ મારીને હત્યા કરી હોવાનું આવ્યું છે. શ્રમજીવી શાહપુર કોટ વિસ્તારમાં રહેતા હતા, મંદિરે આવ્યા ત્યારે કોઈકે બોથડ પદાર્થ મારી હત્યા કરી હતી. આ કેસની વિગત એવી છે કે દસક્રોઈ તાલુકાના કાસીન્દ્રા ગામમાં રહેતા મૂળ રાજસ્થાનના વતની અને છૂટક મજૂરી કરતા અજમલ ધુલાજી નીનામા મીણા (ઉ.વ.૨૨)એ પૂર્વ રિવરફ્રન્ટ પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યકિત સામે ફરિયાદ કરી છે રિવરફ્રન્ટ પોલીસે યુવકને ફોન કરીને પિતાના હત્યાની જાણ કરી હતી કે દૂધેશ્વર સ્મશાન પાસે મંદિરના બાંકડા ઉપરથી પિતા લાશ મળી છે. જેથી યુવકે આવીને લાશ પોતાના પિતા હોવાની ઓળખ આપી હતી. પોલીસ તપાસમાં યુવકના પિતા ધુલાજી હરજીભાઈ નીનીમા (મીણા, ઉ.વ.૫૫) શાહપુર કોટ વિસ્તારમાં ભાડેથી રહેતા અને છૂટક મજૂરી કરતા હતા, તેઓ તા.૧૨ના રોજ દૂધેશ્વર સ્મશાનગૃહ પાસે આવેલા ચન્દ્રમોલેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા આવ્યા હતા અને કોઈક અજાણી વ્યકિતએ માથામાં બોથર્ડ પદાર્થ મારીને હત્યા કરી હતી, પોલીસ તપાસમાં યુવક અને તેના પિતા વતનમાં નવરાત્રિ પહેલા મળ્યા હતા. આ બનાવ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




**હસ્તાક્ષર અભિયાન:** અમદાવાદના કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ધવલ પટેલ દ્વારા મતદાન જાગૃતિ માટે હસ્તાક્ષર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમા હું અવશ્ય મતદાન કરીશ એમ લખીને હસ્તાક્ષર લેવાય છે.




**આત્મવિશ્વાસ કે અતિવિશ્વાસ:** શહેરના પાલડી વિસ્તારમાં રાજીવ ગાંધી ભવનના ગેટે કોંગ્રેસે ભાજપનો સમય પૂરો થઈ રહ્યો છે તે દર્શાવતી ઉલ્ટી ગિનતી વાળી ઘડિયાળ મુકી છે. શું આ કોંગ્રેસનો આત્મવિશ્વાસ છે કે અતિવિશ્વાસ..!




**મતદાન:** અમદાવાદના કોર્પોરેશન ઓફીસની બાજુમાં આવેલ ઈસ્લામી સ્કુલમાં વિદ્યાર્થીનીઓએ મતદાન જાગૃતિનો સંદેશ આપતી રંગોલી બનાવી હતી. જેમા તેમણે ‘એક મત આપણું કર્તવ્ય’ એવો સંદેશો આપ્યો છે.



**પ્રચાર સામગ્રી:** વિધાનસભા ચૂંટણીનો માહોલ ધીરે ધીરે જામતો જાય છે. શહેરના પાલડી કોંગ્રેસ કાર્યાલયની થોડેક દૂર જ ભાજપના ઝંડા અને અન્ય ચૂંટણીની સામગ્રી વેચવા માટે વેપારીએ સ્ટોલ લગાવ્યો છે.

### અમદાવાદના ઈસનપુરમાં ડમ્પરની અડફેટે મૃત્યુ પામેલા

## 27 વર્ષના યુવકના પિતાને 40 લાખ વળતર ચૂકવવા વીમા કંપનીને કોર્ટનો આદેશ

### કોર્પોરેશનના ડમ્પરના ચાલકે યુવકના બાઈકને ટક્કર મારી હતી જેમાં તેનું ઘટના સ્થળે મોત નીપજયું હતું



ગુજરાત | વંદન

ઈસનપુરમાં વર્ષ 2019માં 9.30 વાગે બાઈક પર જઈ રહેલા યુવકનેકોર્પોરેશનના ડમ્પર ચાલકે અડફેટે લેતા માથું ફાટી જવાથી મોત નીપજ્યું હતું. જે કેસમાં લોક અદાલતના માધ્યમથી વીમા કંપની મૃતક 27 વર્ષીય યુવકના 62 વર્ષીય પિતાને રૂ.40 લાખ ચુકવવા સહમત થયું છે. આ રકમ 3 મહિનામાં ચૂકવી આપવામાં આવશે.

સિનિયર એડવોકેટ હરેન્દ્ર સેજપાલ જણાવ્યું હતું કે, 62 વર્ષીય સિનિયર સિટીઝન મુરલીધરના 27 વર્ષીય પુત્ર હિતેશે બી.કોમ, એલ.એલ.બી અને કંપની સેક્રેટરીનો કોર્સ કર્યો હતો. અને ખાનગી કંપનીમાં રૂ.40 હજારથી વધુના પગાર મેળવી નોકરી કરતો હતો. 18 માર્ચ 2019ના સવારે 9.30 વાગે હિતેશ પોતાના ઘરેથી બાઈક લઈને ઈસનપુર ચાર રસ્તાથી ઘોડાસર ચાર રસ્તા તરફ જવાના સર્વિસ રોડ ઉપરથી જતો હતો. તે વખતે કોર્પોરેશનના ડમ્પરના ચાલકે હિતેશના બાઈકને ટક્કર મારી હતી. જેમાં પૈડાં નીચે હિતેશનું માથું કચડાઈ જતાં તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે જે. ડિવિઝનના ટ્રાફિક પોલીસ સ્ટેશનના અધિકારીએ ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસમાં મૃતકના પિતા તરફથી રૂ.80 લાખના વળતર અંગે કેસ પણ કર્યો હતો. આ કેસ અમદાવાદ ગ્રામ્ય જિલ્લા કોર્ટમાં ચાલવા પર આવતા કોર્ટના જજે મૃતકના પિતા અને વીમા કંપનીને કેસનું સમાધાન કરી યોગ્ય વળતર આપવા માટે ભલામણ કરી હતી. આથી મૃતકના પિતા મુરલીધર અને વીમા કંપની રૂ.40 લાખમાં સહમત થતા કોર્ટે 3 મહિનામાં મૃતકના પિતાને રૂ.40 લાખ વળતર પેટે ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો.

ગુજરાત વંદન સંપાદકીય....

# યે માટી સભી કી કહાની કહેંગી...
# યે માટી સભી કી કહાની કહેંગી...!!




પરિવર્તન...પરિવર્તન.... બદલાવ... બદલાવ...કુછ અજીબ સા...કુછ અજુબા સા...હો રહા હૈ. વીવીઆઈપી ઠંડા કલેજે હત્યા કરો. ભાગી જવામાં સફળ ના થાવ તો પકડાઈ જાવ. જાતિવાદ..પ્રાંતવાદનો મુદ્દો ચલાવ. ભલે છેક સુપ્રિમ કોર્ટ સુધી ફાંસી થઈ હોય. રાજકીય પક્ષ વ્હારે આવે. ઠરાવ પાસ કરીને દયાની ભીખ માંગે. ફાંસીને આજીવનમાં પરિવર્તિત કરવાની રજૂઆત થાય. રજૂઆત મંજૂર થાય. હત્યારાઓ ફાંસીના માંચડે ચડતા અટકી જાય. જાન બચી લાખો પાયે...

જેલમાં સારૂ વર્તન કરો...બેઠા બેઠા ભણો...ડીગ્રી લો...પીએચડી કરો... માનસિકતામાં બદલાવ લાવવાનો ડોળ કરો. પ્રાદેશિક પક્ષ અને તેની સરકાર રજૂઆતો પર રજૂઆતો કરે- જેલમાં સારૂ વર્તન કર્યું છે...ભણ્યા છે...અને 30 વર્ષ તો જેલમાં રહ્યાં હવે ક્યાં સુધી જેલમાં રાખશો.....તેમને મુક્ત કરી દેવા જોઈએ...પ્રાદેશિક રાજકીય પક્ષ અને સરકારના પ્રસ્તાવ પર મહોર મારીને મામલો ફરી સુપ્રિમમાં. અને સમીક્ષા કરીને આદેશ- વીવીઆઈપીના હત્યારાઓને જેલમુક્ત કરો........!

તમામ જેલમુક્ત. પંછી બનું ઉડતી ફીરૂ મસ્ત ગગન મેં....આજીવન કેદની સજા એટલે જીવનના છેલ્લાં શ્વાસ સુધી જેલમાં જ રહેવાનું. ગુનેગારની ડેથબોડી જ બહાર આવે. પણ અહીં તો આજીવનને બદલે રાજકીય પક્ષ-સરકારોની મદદથી મળ્યું નવુ જીવન. એક કેસમાં મહિલા પર રેપ અને બાળકીની હત્યા. 11 જણાં દોષિત. આજીવન કેદની સજા.14 વર્ષ બાદ. જેલમાં સારૂ વર્તન કર્યું છે, ભણ્યા છે, સંસ્કારી છે એટલે તેમને જેલમુક્ત કરવી જોઈએ. મામલો સુપ્રિમમાં અને છૂટ્યો આદેશ-જેલમુક્ત કરો. જેલમાંથી બહાર આવ્યાં બાદ હારતોરા અને સ્વાગત...

એક ખાનગી બેંકના મહિલા સીએમડી. ખાનગી કંપનીને લોન આપી, ખાનગી કંપનીએ સીએમડીના પતિની કંપનીને 64 કરોડ આપ્યા. મામલો બહાર આવ્યાં. પતિમહાશય જેલમાં પણ ખાનગી બેંકની બરખાસ્ત મહિલાનો ઠાઠમાઠ એવો કે એફઆઈઆર નોંધાયાના ખાસ્સા દિવસો સુધી કોઈ ધરપકડ નહી અને છેવટે સમાચાર આવ્યાં કે તેમને જામીન મળ્યાં. ધરપકડ કર્યા વગર...કોર્ટમાં રજૂ કર્યા વગર બારોબાર જામીન. પોલીસ પકડીને લઈ જઉઈ રહી છે એવી તસ્વીરો ઈતિહાસમાં ન નોંધાય એટલે બધુ જ બારોબાર પતી ગયું.

એક અભિનેત્રી. સારી દેખાવડી. એક મહાઠગની જાળમાં ફસી કે જાતે ફસાઈ. કરોડો રૂપિયાનો લાભ મેળવ્યો. પતિ-પત્ની હોય એવી અંગતપળોની તસ્વીરો બહાર આવી. અભિનેત્રીનો ખુલાસો- હું નિર્દોષ છું, હું એને ઓળખતી નથી. પુરવા વધુ બહાર આવ્યાં અને દેશ છોડીને ભાગી જાય તેમ હોવાથી અભિનેત્રીની સામે લુકઆઉટ સર્ક્યુલર બહાર પડ્યો. વિદેશમાં એક રંગારંગ કાર્યક્રમમાં હાજરી આપીને આવી છતાં ધરપકડ ના થઈ. અને સમાચાર આવ્યાં કે તેને જામીન મળ્યા... પેલી ખાનગી બેંકની મહિલા સીએમડીની જેમ જ.....

નીચલી કોર્ટ ખફા થઈ. આ શું માંડ્યું છે...જેની સામે લુકઆઉટ સર્ક્યુલર નોટીસ જારી છે, એ તમારી સામે હાજર છે અને છતાં તમે એની ધરપકડ કરવાને બદલે તેને જામીન કઈ રીતે મળે...?!

નવુ નવુ થઈ રહ્યું છે- હત્યા કરો.... છુટી જાવ...રેપ કરો છૂટી જાવ...બેંની લોન આપવામાં કરોડોનો ભ્રષ્ટાચાર કરો, દોષિત ઠરે તો પણ એક દિવસ પણ લોકઅપમાં ગયા વગર જામીન પર મુક્ત....! ફિલ્મ નવરંગના આ ગીતના શબ્દો કહે છે-

ये माटी सभी की कहानी कहेगी
ये माटी सभी की कहानी कहेगी
है तबसे, ना जब तुम थे आये
ये माटी रहेगी, ना जब तुम रहोगे
इस माटी के नीचे दबी है कथाये..
ये खुद ही कहेगी रे... तुम क्या कहोगे
ज़मीन आसमान थरथरा के रहेगी...
ये माटी सभी की कहानी कहेगी
ये माटी सभी की कहानी कहेगी.......

કરોડો-કરોડો રૂપિયાના દાનની આ રકમનો ઉપયોગ ગરીબી નાબૂદી, સાક્ષરતા જેવા કાર્યોમાં થાય છે. છતાં હજુ પણ દેશમાંથી ગરીબી નાબૂદ થઈ નથી

# દાનની સરવાણી સદાય વહેતી રહે નિરંતર... યુગોયુગ...જેથી કોઇના જીવનમાં અજવાળુ થાય..

એક હાથે આપેલું દાન બીજા હાથે ન જાણવું જોઈએ એમ આપણું શાસ્ત્ર કહે છે. હાલમાં જ દેશના સૌથી ધનિક અને સેવાભાવી લોકોની યાદી જાહેર કરવામાં આવી છે. કર્ણ જેવો દાતા કોઈ નથી બન્યું, એવું આજે પણ કહેવાય છે, પરંતુ વર્તમાન યુગમાં ધનવાન અને દાતાઓની યાદીઓ પ્રસિદ્ધ થવા લાગી છે. દેશમાં સૌથી વધુ દાન આપનાર ઉદ્યોગપતિઓની યાદી જાહેર કરવામાં આવી હતી. આમાં 'IT' ક્ષેત્રના મોટા નામોમાંના એક શિવ નાદર પ્રથમ સ્થાને છે.શ્રી નાદરે ગયા વર્ષે રૂ. 1,161 કરોડનું દાન આપ્યું હતું. નાદારે છેલ્લા ત્રણ વર્ષમાં 3,211 કરોડ રૂપિયાનું દાન કર્યું છે. વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજી ચેરિટીમાં બીજા સ્થાને સરકી ગયા છે. પ્રેમજીએ ગયા વર્ષે 484 કરોડનું દાન કર્યું હતું. તેણે ત્રણ વર્ષમાં 1,801 કરોડ રૂપિયાનું દાન કર્યું. મુકેશ અંબાણી, કુમાર મંગલમ બિરલા, નંદન નીલેકણી, અનિલ અગ્રવાલ આવા ઘણા ધનિકોએ આ સમયગાળા દરમિયાન ઘણું દાન કર્યું. એશિયાના સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી દાતાઓની યાદીમાં સાતમા સ્થાને છે. તેણે છેલ્લા એક વર્ષમાં 190 કરોડ રૂપિયાનું દાન કર્યું, જ્યારે ત્રણ વર્ષમાં 408 કરોડ રૂપિયા. આ દાન ખરેખર ક્યાં જાય છે? સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રોમાં દાનની આ રકમનો ઉપયોગ ગરીબી નાબૂદી, સાક્ષરતા જેવા કાર્યોમાં થાય છે. છતાં હજુ પણ દેશમાંથી ગરીબી નાબૂદ થઈ નથી.

## સંપત્તિ વધી રહી છે!

ભારતમાં ગરીબી વધી રહી છે. કારણ કે મુઠ્ઠીભર લોકો જ અમીર બની રહ્યા છે. ભારતના 100 સૌથી ધનિક લોકોની સંપત્તિ 80 હજાર કરોડથી વધુ છે. અદાણી ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપના વડા ગૌતમ અદાણી પ્રથમ સ્થાને છે. તેણે અંબાણીને પણ પાછળ છોડી દીધા છે. ફોર્બ્સે 2022ના સૌથી ધનિક લોકોની યાદી જાહેર કરી છે. જેમાં 100 અબજોપતિ ભારતીયોની સંપત્તિમાં 25 અબજ ડોલરનો વધારો થયો છે.

શ્રીમંતોની યાદીમાં સામેલ લોકોની કુલ સંપત્તિના 30 ટકા અદાણીઓ અને અંબાણીઓ પાસે છે. પણ એક સમયે મુંબઈ શહેરમાં એવું હતું કે અહીં અંબાણી-અદાણીઓ નહોતા. સંપત્તિ અને સંપત્તિ વચ્ચે કોઈ સ્પર્ધા નહોતી. આવા ઘણા લોકો તેમની સંપત્તિને બદલે દાન માટે પ્રખ્યાત થયા. તેમાં નાનાશંકર શેઠનું નામ મોખરે છે. નાનાની ઉદારતાએ મુંબઈની સુંદરતામાં વધારો કર્યો. સર જમશેદજી જીજીભોય, પ્રેમજી કાવસજી, વાડિયા, ટાટા પારસી દાનવીરોના વર્તુળમાં ઉદારતા નિઃસ્વાર્થ હતી. મુંબઈની શાળાઓ, હોસ્પિટલો, સ્મશાનગૃહો, જીવો પ્રત્યેની કરુણાથી બનેલી હોસ્પિટલો જ નહીં, આજે પણ તેમની ઉદારતાની સાક્ષી આપે છે.

તે સમયે બ્રિટિશ શાસન હતું અને દાનના બદલામાં આ મંડળોને સરકાર પાસેથી કંઈ અપેક્ષા નહોતી. આ દાનની વ્યાખ્યા છે. સામાન્ય લોકો પણ મંદિરની દાન પેટીઓમાં 'દાન' મૂકે છે. તે દાનપેટીઓ નિયુક્ત ટ્રસ્ટી મંડળ દ્વારા નિયંત્રિત થાય છે અને લોકોને તેમની પસંદગી મુજબ 'દાન-ધર્મ' આપતા રહે છે.

તિરુપતિથી શિરડી સંસ્થાન સુધી કંઈ અલગ નથી. એટલું જ નહીં, જીવો પ્રત્યેની કરુણા અને કરુણાથી બનેલી હોસ્પિટલો આજે પણ તેમની ઉદારતાની સાક્ષી આપે છે. તે સમયે બ્રિટિશ શાસન હતું અને દાનના બદલામાં આ મંડળોને સરકાર પાસેથી કંઈ અપેક્ષા નહોતી

દેશમાં મંદિરોની સંખ્યા 30 લાખ સુધી છે. નાના-મોટા મંદિરોનો સમાવેશ કરીને તે એક કરોડ સુધી પહોંચી જશે. મંદિરોને દરરોજ મળતું દાન કરોડોમાં છે. અપવાદોને બાદ કરતાં મંદિરો આદરણીય સ્થાનો હોવા છતાં, એકરૂપતાના અભાવે, યોગ્ય વ્યવસ્થાપન, મંદિરો અને તેમની મિલકતોનો સમાજની પ્રગતિ માટે યોગ્ય ઉપયોગ થતો નથી. આ માટે યુનિવર્સિટીઓએ મંદિર મેનેજમેન્ટનો કોર્સ શરૂ કરવો જોઈએ.

ડો.સુરેશ હાવરેએ આ વિચાર વ્યક્ત કર્યો હતો, જે મહત્ત્વપૂર્ણ છે કે, આમાંથી તૈયાર થઈ રહેલી નવી પેઢી આ કાર્યમાં આગળ આવે તો આ ત્રીસ લાખ મંદિરો દેશમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ડૉ. હાવરે 'સાઈબાબા સંસ્થાન ટ્રસ્ટ'ના પ્રમુખ હતા અને તે દરમિયાન તેમણે ઘણું સારું કામ કર્યું હતું. મંદિરોની દાનપેટી જનતા, સમાજ અને દેશની છે, ટ્રસ્ટીઓએ આ ભૂલવું ન જોઈએ.

## સુધા મૂર્તિનું દાન

નારાયણ મૂર્તિ અને સુધા મૂર્તિના ઈન્ફોસિસ ફાઉન્ડેશને વિવિધ ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં દાન આપ્યું હતું. પરંતુ શ્રી મૂર્તિ દાન કરતી વખતે મીડિયાની સામે દેખાયા ન હતા. સુધા મૂર્તિએ તેમના ભાષણો અને લેખન દ્વારા દાનનું મહત્વ અને સંસ્કૃતિ જણાવી હતી. સુધા મૂર્તિ ગામડા-દેશમાં નાનપણથી ઉછરી હતી. તેમના દાદા શાળામાં શિક્ષક હતા. દાનનું મહત્વ તેમના દાદાએ તેમના મનમાં મૂક્યું તે યોગ્ય છે. દાદાએ સુધા મૂર્તિને કહ્યું, 'દીકરી, આ જુઓ... જ્યારે આપણે બીજાને કંઈક આપવું હોય, ત્યારે આપણામાં જે સારું હોય તે આપવું જોઈએ. ક્યારેય નબળી ગુણવત્તા આપશો નહીં. મેં જીવનમાંથી આ પાઠ શીખ્યા. ભગવાન કોઈ મંદિર, મસ્જિદ કે ચર્ચમાં રહેતા નથી. તેઓ લોકોની વચ્ચે રહે છે. આપણી પાસે જે કંઈ છે તે આપીને લોકોની સેવા કરીએ તો એ જ ખરા અર્થમાં ભગવાનની સેવા છે.' સુધા મૂર્તિ કહે છે, 'મારા દાદાએ આ પ્રશ્નનો જવાબ જરા અલગ રીતે આપ્યો,









## દાન કરતી વખતે નરમ શબ્દોનો ઉપયોગ કરો

- આનંદથી દાન કરો.
- હૃદય અને આત્માથી દાન કરો.
- માત્ર જરૂરિયાતમંદ વ્યક્તિઓને જ દાન કરો.
- દાન કરતી વખતે મનમાં કોઈ અપેક્ષા ન રાખો. કારણ કે દાન-ધર્મ આ દાન નથી, પણ આપણું કર્તવ્ય છે.
- દાન કરતી વખતે તમારી પત્નીની સંમતિ લો.
- દાન કરતી વખતે એક વાત ધ્યાનમાં રાખો. દાન સ્વીકારનારા લોકોને આશ્રિત અને લાચાર ન બનાવો.
- દાન કરતી વખતે તમારા મગજમાં જાતિ-ધર્મનો વિચાર ન આવવા દો.

દાન કરતી વખતે મનમાં એવી ઈચ્છાઓ પેદા કરો કે જે આપણી પાસેથી દાન સ્વીકારે છે તે સમૃદ્ધ બને. સવાલ એ છે કે આજે કેટલા લોકો આવા દાન કરે છે?

ઘણા શ્રીમંત લોકોએ ગાંધીજીને સ્વતંત્રતા સંગ્રામમાં તેમના રાજકીય અને ધાર્મિક કાર્યોમાં ખુલ્લેઆમ મદદ કરી હતી. બિરલા, બજાજ જેવા ઉદ્યોગપતિઓ તેમાં હતા. તે સમયે દાતાઓ અને દાતાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી ન હતી. તેમ છતાં લોકો દાન આપતા હતા. સામાન્ય લોકોએ તિલકના સ્વરાજ્ય ફંડમાં દાન આપ્યું હતું.આદર્શ બાબત એ છે કે દાન આપવુ હોય તો ગરીબોને પૈસા આપો. શ્રીમંતોને ન આપો. પરંતુ આજે દાનની ગંગા ઉલટી દિશામાં વહી રહી છે. દેશમાં ગરીબી, કુપોષણનો ભોગ લેવાય છે. આદિવાસી મહિલાઓની પ્રસૂતિ રસ્તા પર, બોરીઓમાં થઈ રહી છે. આદિવાસી વિસ્તારમાં સારવારની વ્યવસ્થા નથી!

ધર્મ

# પ્રભુ મહાવીર સ્વામી દીક્ષા કલ્યાણક દિવસ અને તેનું મહત્ત્વ

આશનિવાર એટલે કે 19મી નવેમ્બરે, 2022 તારીખે જૈ. શ્રી મહાવીર સ્વામી દિક્ષા કલ્યાણક દિવસ છે. જૈન પરંપરામાં તીર્થંકર ભગવંતોના જીવનમાં પાંચ દિવસ અતિ ઉત્તમ ગણાય છે, જેને કલ્યાણક દિવસ કહે છે. સંસાર છોડી દીક્ષા લે તે દિવસ દીક્ષા કલ્યાણક. જૈનદર્શન પ્રમાણે આ અવસર્પિણ કાળમાં પ્રથમ જિનેશ્વર આદિનાથ ભગવાનથી જૈનધર્મનું પુનરોદ્ધાર થતો ગયો અને અંતિમ 24મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ આજથી અઢી હજારથી વધારે વર્ષ પહેલાં જૈન ધર્મની પુનઃસ્થાપના કરી એમ મનાય છે. જૈન પરંપરામાં તીર્થંકર ભગવંતોના જીવનમાં પાંચ દિવસ અતિ ઉત્તમ ગણાય છે, જેને કલ્યાણક દિવસ કહે છે.

માતાની કુક્ષીમાં આવે તે દિવસ ચ્યવન કલ્યાણક, જન્મ પામે તે દિવસ જન્મ કલ્યાણક, સંસાર છોડી સંન્યાસ-દીક્ષા લે તે દિવસ દીક્ષા કલ્યાણક, વીતરાગ બની કેવલજ્ઞાન પામે તે દિવસ કેવલજ્ઞાન કલ્યાણક અને સમસ્ત સંસાર ભ્રમણમાંથી મોક્ષ પામે તે નિર્વાણ કલ્યાણક દિવસ કહેવાય છે. કલ્યાણકનો દિવસ એટલે તીર્થંકરના અપૂર્વ પુણ્યબળથી સમસ્ત વિશ્વમાં કલ્યાણકારી, હિતકારી, સુખાકારી અને આનંદકારી હવાનું વાતાવરણ દીપી ઊઠે છે, એટલે જયંતી શબ્દ ન કહેતા કલ્યાણક શબ્દનો પ્રયોગ થાય છે. જેથી જિનેશ્વરદેવનું બહુમાન યોગ્ય રીતે સચવાય છે. ચાલો, આજે જૈનોના ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીરના દીક્ષા કલ્યાણક દિવસે પ્રભુનાં ગુણગાન કરીએ. 19મી નવેમ્બરે કારતક વદ 10ને શનિવારે પ્રભુના દીક્ષા કલ્યાણક તરીકે જૈનો ઉજવણી કરે છે. પ્રભુના દીક્ષા કલ્યાણકનો એટલે કે મહાવીર પ્રભુએ 30 વર્ષની ઉંમરે કારતક વદ 10 મે દીક્ષા લીધી. તેની પાછળનો ઈતિહાસ ખૂબ રસપ્રદ છે. જેનું વર્ણન પર્યુષણમાં વંચાય છે. કલ્પસૂત્રમાં અદભુત રીતે જોવા મળે છે. જૈનોના તીર્થંકરો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એમ ત્રણ જ્ઞાન સાથે માતાની કુક્ષીમાં આવે છે ત્યારે પ્રભુની માતાને 14 સ્વપ્નો આવે છે.

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન


# ગીતાના 'સ્થિતપ્રજ્ઞ' માર્ગે નેતૃત્વયાત્રા

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।। २-५५
મનમાં રહેલી સર્વે, કામનાઓ ત્યજી અને;
આત્મસંતુષ્ટ જે રહે, સમર્થ-સ્થિરબુધ્ધિ તે. ૨-૫૫

મહાભારતના યુધ્ધની શરુઆતમાં જ અર્જુને હથિયાર હેઠાં મૂકી દીધાં અને ત્યારે ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને યુદ્ધભૂમિ પર દિવ્ય જ્ઞાન આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણએ આપેલું આ શ્રીમદ્ ભગવદ્ગીતાનું આ દિવ્ય જ્ઞાન આજે પણ આપણને ખૂબ જ ઉપયોગી થાય છે. જ્યારે પણ જીવનમાં હતાશા, નિરાશા વ્યાપી જાય ત્યારે ભગવદ્ગીતા વાંચવાથી મનને શાંતિ મળે છે. ભગવદ્ગીતા પર અનેક પુસ્તકો લખાયાં છે. દરેક લેખકે પોતાની રીતે તેનો મર્મ તારવ્યો છે. ભગવદ્ગીતાનાં બીજા અધ્યાયમાં આવતાં 'સ્થિતપ્રજ્ઞ' નાં લક્ષણો વિશે જિજ્ઞાસા વ્યક્ત કરતાં અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને ' સ્થિતપ્રજ્ઞ કેવી રીતે રહે છે?' તેવો પ્રશ્ન પૂછે છે અને ભગવાન આ પ્રશ્નનો અઢાર શ્લોકમાં જવાબ આપે છે. આ અઢાર શ્લોકમાં નેતૃત્વના ગુણો પણ સામેલ છે. આ જ અઢાર શ્લોકોને સરળતાથી સમજાવતું પ્રેરણાદાયી પુસ્તક એટલે ' સ્થિર અને સમર્થ.'

લેખક શ્રી જી. નારાયણની સિદ્ધહસ્ત કલમે અંગ્રેજી ભાષામાં લખાયેલાં આ પુસ્તકનો ગુજરાતી ભાષામાં અનુવાદ શ્રી હસમુખ ઉપાધ્યાયે કર્યો છે. લેખક શ્રી જી. નારાયણ એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન ઉપરાંત વિવિધ કંપનીનાં ડાયરેક્ટર અને ચેરમેન પણ છે. લેખક શ્રી જી. નારાયણ મેનેજમેન્ટ ક્ષેત્રે સૌથી લોકપ્રિય અને નિષ્ણાત ટ્રેનર છે. તેમનાં અત્યારસુધીમાં ૫૦૦ થી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે, જેમાં મેનેજમેન્ટ, શિક્ષણ, નેતૃત્વ, જીવન અને આધ્યાત્મિકતા સામેલ છે. તેમનાં મોટાભાગનાં પુસ્તકો અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશને પ્રકાશિત કર્યા છે.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રેસિડેન્ટ શ્રી રાજેશ આર. મહેતા લખે છે, ' ભગવદ્ગીતાનાં શ્લોકોની સમજૂતી આપતાં શ્રી નારાયણ કહે છે કે જવાબદારી લેવાની બાબત સિવાય મહાન નેતા ક્યારેય પોતાને અનુયાયીઓની ઉપર રાખતા નથી. તેઓ માને છે કે નેતૃત્વ હોદ્દા પરથી નહીં પરંતુ કાર્યોથી પરાવર્તિત થવું જોઈએ. આ સંકલનમાં વાચકને સોંસરવું ઉતરી જાય છે તે એ છે કે સ્થિર અને સમર્થ નેતા, સામાન્ય માનવી જ હોય છે ફેર ફક્ત એટલો જ છે કે તેઓ અસાધારણ રીતે દ્રઢનિશ્ચયી હોય છે. નાવિકના હોકાયંત્રની




માફક આ પુસ્તક જિંદગીનાં તોફાની દરિયામાં જીવન નૌકાને સરળતાથી હંકારવામાં મદદરૂપ થશે.'

લેખક શ્રી જી. નારાયણ પ્રસ્તાવનામાં લખે છે, ' મહાભારતમાં અઢાર પર્વ છે. ગીતામાં અઢાર અધ્યાય છે અને અહીં 'સ્થિતપ્રજ્ઞ' વિષે અઢાર શ્લોક છે. અઢારનો અંક દિવ્ય અને અલૌકિક છે. આ અઢાર શ્લોકોમાં જીવનવ્યવસ્થાના ઉચ્ચતમ કક્ષાના ગુણલક્ષણો કહ્યાં છે. 'સ્થિતપ્રજ્ઞ' એ અનેક મહાપુરુષો, નેતાઓ, માર્ગસર્જકો અને ગુરુઓ માટે માર્ગદર્શક પ્રકાશ પૂરો પાડ્યો છે. મહાત્મા ગાંધીએ ગીતામાં 'સ્થિતપ્રજ્ઞ'ને પોતાના અત્યંત પ્રિય અને મૂલ્યવાન વિભાગ તરીકે પસંદગી આપી હતી. શ્રીરામ અને મહાત્મા ગાંધીનાં જીવન ચરિત્રો સ્થિર અને સમર્થના ઉત્તમ ઉદાહરણો છે.' અનુવાદક શ્રી હસમુખ ઉપાધ્યાય તેમનાં મનની વાત કહેતાં લખે છે, ' ' ગીતાયોગ'ની પ્રવૃત્તિ દ્વારા ગુરુજી ' શ્રીમદ્ ભગવદ્ગીતા' ખૂબ જ પ્રેમપૂર્વક સમજાવે છે. તેમના પ્રસ્તુત પુસ્તકમાં, 'સ્થિતપ્રજ્ઞાનાં લક્ષણો' કે જે ભગવદ્ગીતાનું હાર્દ છે તેમાંથી શોધક-સાધક કેવી રીતે સ્થિરતા અને સામર્થ્ય પામી શકે તથા તે માટેનાં જરૂરી શિસ્ત, ગુણો, આવડતો અને અનુભવ કેવી રીતે કેળવી શકે તેની સચોટ છણાવટ કરવામાં આવી છે.'

સ્થિર અને સમર્થ નેતૃત્વનું જ્વલંત ઉદાહરણ એવાં સ્થિતપ્રજ્ઞ મહાત્મા ગાંધીને લેખકે આ પુસ્તક અર્પણ કર્યું છે. તૃષ્ણાક્ષય, સમતા, સારાં-નરસાંની પાર, ઈન્દ્રીયોનું નિયમન, પરમ વિશુદ્ધિ, પરમ સ્થિતિ એમ દરેક શ્લોકને એક નામ આપી, લેખકે દરેક શ્લોકને ખૂબ જ સરળતાથી સમજાવ્યો છે. ભગવદ્ગીતાને નવી દ્રષ્ટિએ સમજવા માટે આ પુસ્તક અવશ્ય વાંચવું જ રહ્યું.

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वाऽस्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ।। २-७२
મોહ-દ્વેષ ન થતાં જેમાં, તે આ બ્રહ્મદશા છે;
અંતકાળે ય આમાં જે, નિર્વાણ તેને મળે છે. ૨-૭૨

# ચૂંટણી જાહેર થતાં જ ફરી યાદ આવી ગયા કીચન અને કાર્યકરો...

## અમે તો ઓસામણ....મીઠા લીમડા...! અમારો થયો ઉપયોગ અને પછી - હું કોણ, તું કોણ...?

( નોંધ - આ વ્યાખ્યાઓ જે તે પક્ષના કોર્પોરેટર, MLA કે MPના અને પોતાની જાત સહીત પોતાના જૂતા ઘસી નાખતા જે તે પક્ષના કાર્યકરોને લાગુ પડતી નથી...)

સાપ્તાહિક ગુજરાત વંદન

ગુજરાત વિધાન સભાની ચૂંટણીઓ જાહેર થતા જ આજના સોશિયલ મીડિયામાં ભેજાબાજ લોકો તરેહ-તરેહની પોસ્ટ મુકી રહ્યાં છે. આવી જ એક પોસ્ટમાં લખનાર ભેજાબાજે રાજકીય પક્ષોના કાર્યકરોની સરખામણી રસોડામાં ઉપયોગમાં લેવાતી અને પછી ફેંકી દેવાતી ચીજ-વસ્તુઓ સાથે સરસ મજાની સરખામણી કરી છે. એક નજર...

### 1. અટામણ

રોટલી સારી વણાય એ માટે આડણી પર ભભરાવાતો ઘઉંનો કોરો લોટ એટલે અટામણ.

અટામણનો લોટ રોટલીમાં ભળતો નથી બહાર જ ચોંટીને રહે છે.

રોટલી ચોડવાઈ જાય અને ભાઠામાં નખાઈને ફૂલીને દડા જેવી થાય ત્યાં સુધી અટામણનો એ લોટ રોટલીને ચુસ્તપણે વળગેલો રહે છે.

ભાઠામાંથી ઉતારેલી રોટલીને તુરંત આડણી પર પછાડવામાં આવે છે એટલે અટામણનો એ લોટ રોટલી ત્યજી દે છે અને અટામણનો એ લોટ હવામાં ઉડીને કચરા ભેગો થઈ જાય છે.

કારણ કે હવે રોટલીને અટામણના લોટની જરાયે ગરજ નથી

ગરજ પૂરી થઈ ગઈ ને !

### 2. ઓસામણ

ભાત રાંધવા માટે તપેલીમાં અંદાજ પ્રમાણે પાણી મુકાય

ભાત રંધાઈ જાય અને એ વધારે રંધાઈને એ લુગદી જેવા ઢીલા ના થઈ જાય એટલે ભાત રંધાઈ ગયા પછી તપેલીમાં રહી ગયેલા વધારાના પાણીને તપેલીમાથી તારવીને નિતારી લેવાય છે

બસ એ જ ઓસામણ
હવે ભાતને ઓસામણની જરૂર
નથી
ગરજ પૂરી થઈ ગઈ છે

વધીને ઓસામણ કડકા સાહેબના સુતરાઉ કે ખાદીના કપડાને "આર કરી" સાહેબના કપડાને કડક રાખવા જ કામ આવે છે બાકી તો ઓસામણ ગટરમાં જ જાય.

ગરજ પૂરી થઈ ગઈ ને ! .




### 3. તમાલપત્રો

રસોઈમાં ખાસ પ્રકારનો સ્વાદ લાવવા વપરાતા પાન.

ભૂલથીયે ભોજનની થાળીમાં આવી જાય તો કોઈ એ પાન ખાય નહિ.

કચરામાં જ જાય.

વઘાર થયો... સ્વાદ આવી ગયો... ગરજ પતી એટલે તમાલપત્રો ગટર ભેગા જ થાય.

ગરજ પૂરી થઈ ગઈ ને !

### 4. મીઠા લીમડાના પાન

રસોઈમાં ખાસ પ્રકારનો સ્વાદ લાવવા વપરાતા પાન.

ભૂલથીયે ભોજનની થાળીમાં આવી જાય તો કોઈ એ પાન ખાય નહિ.

વીણીવીણીને થાળીમાં જુદા કાઢે

પછી એ કચરા ભેગા જ થાય.

વઘાર થયો ... સ્વાદ આવી ગયો... ગરજ પતી એટલે મીઠા

(અનુસંધાન પેજ નં.6પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## વિપુલ ચૌધરી નહીં લડે ચૂંટણી, અર્બુદા સેના કોઈપણ રાજકીય પક્ષને નહીં આપે સમર્થન

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ હવે એક રોમાંચક તબક્કામાં પહોંચી ચુકી છે. ચૂંટણીપંચે તારીખો જાહેર કર્યા બાદ ટિકિટોની વહેચણીની પ્રક્રિયા શરૂ થઈ. જેને પગલે વિરોધનો વંટોળ પણ ઉઠ્યો. કેટલાંક નવા ચહેરાઓને લોટરી લાગી તો કેટલાં જૂના જોગીઓનું પત્તુ કપાયું. આ સ્થિતિની વચ્ચે મહેસાણામાં અર્બુદા સેનાના અધ્યક્ષ વિપુલ ચૌધરીને લઈને અનેક અટકળો વહેતી હતી. વિપુલ ચૌધરી ક્યાંથી ચૂંટણી લડશે અને ક્યા પક્ષને સમર્થન આપશે એ મુદ્દો ચર્ચાની એરણે હતો. ત્યારે હવે આ વાત પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે.

અર્બુદા સેનાના અધ્યક્ષ અને ગુજરાતના પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરી આ વખતે વિધાનસભાની ચૂંટણી નહીં લડે તેવી માહિતી સામે આવી છે. એવી વાત પણ સામે આવી છેકે, અર્બુદા સેના માત્ર સામાજિક મુદ્દા ઉપર કામ કરશે. કોઈપણ રાજકિય પ્રવૃત્તિમાં હાલ નહીં જોડાય. અને કોઈપણ રાજકીય નિર્ણય નહીં કરે. ચૂંટણીમાં જાતિગત સમીકરણોને ધ્યાને રાખેની આ નિર્ણય લેવાયો છે. અર્બુદા સેના આ વખતની ચૂંટણીમાં કોઈપણ રાજકીય પક્ષનું સમર્થન નહીં કરે. જોકે, હજુ પણ આ અંગેની સત્તાવાર જાહેરાત બાકી છે.

ઉલ્લેખનીય છેકે, છેલ્લાં કેટલાંક દિવસોથી વિપુલ ચૌધરી આપમાં જોડાશે તેવી અફવાઓ વહેચી થઈ હતી. વિપુલ ચૌધરી હાલ 800 કરોડના કૌભાંડ મામલે જેલમાં છે. પરંતુ આમ આદમી પાર્ટીમાં જોડાઈને જેલમાંથી વિસનગર બેઠક પરની ચૂંટણી લડશે તેવી અટકળો વહેતી થઈ હતી. જેના પર હવે પૂર્ણ વિરામ લાગી ગયું છે. જોકે, આખરે આ મુદ્દા ઉપર હવે પુર્ણ વિરામ મુકાઈ ચુક્યું છે. ખાસ કરીને મહેસાણા, માણસા, ગાંધીનગર, વિજાપુર, વિસનગર અને ખેરાલુમાં ચૌધરી સમાજના મત ભાજપને અસર કરી જાય તેમ છે. તેથી આ મુદ્દો ભારે ચર્ચામાં છે.

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ફોર્મ ભરવાનો એક તબક્કો પૂરો થયો છે અને આજે ફોર્મ ચકાસણી થશે. હજુ બીજો તબક્કાની ચૂંટણી માટે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ચૂંટણી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે આજે પણ ઉમેદવારો ફોર્મ ભરવા જશે. જ્યારે ભાજપે પહેલાં ફોન કરીને અને ત્યારબાદ મોડી રાતે વધુ 12 ઉમેદવારો જાહેર કર્યા છે. આ સાથે જ તેના કુલ ઉમેદવારોનો આંક 182 થઈ ગયો છે.

## કોરોનામાં વીમા કંપનીઓની છેતરપિંડી સામે 2 વર્ષમાં ગ્રાહક ફોરમમાં 716 કેસ

ગુજરાત | વંદન

વીમા કંપનીઓ અને હોસ્પિટલ સંચાલકો દ્વારા રીતસરની દર્દીઓ પાસેથી લૂંટ મચાવી હતી. સામાન્ય દર્દીઓને લાખો રૂપિયાનું બીલ પકડાવવામા આવતુ હતુ. ત્યારે દર્દીઓ અને વીમો ખરીદનાર ગ્રાહક સાથે છેતરપિંડી કરવામા આવતા ગ્રાહક ફોરમમાં કેસ કરવામા આવ્યા હતા. જેમા માત્ર ગાંધીનગર જિલ્લામા સપ્ટેમ્બર 2020થી ઓક્ટોબર 2022 સુધી 716 કેસ થયા હતા, જ્યારે 2008 અરજીનો નિકાલ કરાયો હતો. આ કેસમા 70 ટકા વીમા કંપની અને 10 ટકા બિલ્ડર સામે થયા હતા. કોરોના વાઈરસની બીજી લહેરમા ટપોટપ મોત થતા હતા. પરિણામે લોકો કોરોનાના નામથી ફફડી ઉઠતા હતા. સિવિલમા બેડ મળતા ન હતા, જ્યારે ઓક્સીજનના બાટલાની પણ અછત સામે આવતી હતી. તેવા સમયે જે દર્દીઓ પાસે મેડીક્લેમ હતો, તેમણે સારવાર લીધા બાદ વીમા કંપનીમા ક્લેઈમ કર્યો હતો. પરંતુ વીમા કંપનીઓ દ્વારા ક્લેઈમ પાસ કરવામા નહિ આવતા આખરે ગ્રાહક ફોરમમા ફરિયાદ કરવામા આવી હતી. જેમા 70 ટકા કેસ વીમા કંપની સામે થયા હતા.

## ભાવનગરમાં નકલી ઘી બનાવવાનું રેકેટ ઝડપાયું

**200 કિલો ઘી, 300 કિલો મલાઈ જપ્ત**

ગુજરાત | વંદન



લોકોનાં આરોગ્ય સાથે ચેડા કરી ભેળસેળ વાળા ઘીનો મોટો વેપાર કરવાવાળા લોકો પર એસઓજી પોલીસે કાર્યવાહી કરી છે. ભાવનગરમાં એસઓજી પોલીસે બાતમીના આધારે સરિત શેરીમાં આવેલ પંડ્યા નામની દુકાનમાં રેડ પાડી ડુપ્લિકેટ ઘીનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસની તપાસ દરમિયાન પોલીસે અહીંથી 200 કિલો નકલી ઘી, 300 કિલો મલાઈ સહિત રૂપિયા ચાર લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મામલે પોલીસે મનપાના આરોગ્ય વિભાગને પણ જાણ કરી હતી. હાલ તો પોલીસ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો અગાઉ રાજકોટમાં વેપારીઓ દ્વારા ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા કરવામાં આવતો હોવાનો પર્દાફાશ થયો હતો. આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વેપારીઓને ત્યાંથી લેવામાં આવેલા ઘી, મરચું, ધાણાજીરું અને હળદરના નમૂનાઓ ચકાસણી દરમિયાન ફેલ થયા હતા. શહેરના દરજી બજારમાં આવેલા આશિર્વાદ માર્કેટિંગમાં મરચાના પાવડર બાદ હવે હળદર અને ધાણાજીરૂના નમૂનાઓ પણ ફેલ થયા.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ અઠવાડિયે પારિવારિક મામલે વધારે દખલ કરવાના કારણે વાતાવરણ થોડું અસ્ત-વ્યસ્ત થઈ શકે છે. ધ્યાન રાખો કે તમારી કોઇ વાતના કારણે કોઈને આઘાત લાગી શકે છે. વ્યવસાયિક સ્થળે કોઈ કર્મચારીની બેદરકારીથી મોટું નુકસાન થવાની સ્થિતિ બની શકે છે.

**વૃષભ** (બ.વ.ઉ)
પરિવારના સભ્યોનું વર્તન અકળાવનારું લાગે. તેના કારણે માનસિક તણાવ રહે. મિત્રોનો સહવાસ મળે. ઘરમાં ઘણાં સમય પછી નજીકના સંબંધીઓ આવશે તથા એકબીજા સાથે વિચારોનું આદાન-પ્રદાન ઘરના વાતાવરણને સુખમય બનાવશે.

**મિથુન** (ક.છ.ઘ)
આ સપ્તાહે તમે બાળકો સાથે તેમની ક્રિયાઓમાં રસ લેવો અને તેમનો સહયોગ કરવો તેમના આત્મવિશ્વાસને વધારશે. પારિવારિક મામલે વધારે દખલ કરવાના કારણે વાતાવરણ થોડું અસ્ત-વ્યસ્ત થઈ શકે છે. ધ્યાન રાખો કે તમારી કોઇ વાતના કારણે કોઈને આઘાત લાગી શકે છે.

**કર્ક** (ડ.હ)
આગામી અઠવાડિયે વ્યવસાયિક સ્થળે કોઈ કર્મચારીની બેદરકારીથી મોટું નુકસાન થવાની સ્થિતિ બની શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા જળવાયેલી રહેશે. મહિલાઓ પોતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખે. મિત્રોના સાથ અને સહકાર મળી રહે.

**સિંહ** (મ.ટ)
આ અઠવાડિયું તમારા માટે ક્યારેક સ્વભાવમાં વહેમ અને ગુસ્સાની સ્થિતિ બની શકે છે જેના કારણે પરિવારના લોકો પણ પરેશાન રહેશે. આ ખામીઓમાં સુધાર લાવો. ઘરના કોઇ વડીલ સભ્યના સ્વાસ્થ્યને લઈને ચિંતા રહી શકે છે.પારિવારિક વાતાવરણ સુખમય રહી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
થોડો સમય ઘરના વડીલો સાથે પણ પસાર કરશો તો શાંતિ અનુભવશો. તેમના અનુભવોને જાણવાથી તમને નવી દિશા પ્રાપ્ત થઈ શકે છે. પ્રોપર્ટીને લઇને ગંભીર અને લાભદાયક ચર્ચા-વિચારણાં થઈ શકે છે. સ્વાસ્થ્યને લગતી હળવી પરેશાની રહેવાના કારણે આળસ અને સુસ્તી હાવી થઈ શકે છે.

**તુલા** (ર.ત)
આ અઠવાડિયે નાની-મોટી મુસાફરી થકાવટ ભરેલી રહે. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી. જાહેર જીવનમાં ભાગીદારીમાં કે દામ્પત્ય જીવનમાં વિચારોનો અનિચ્છાએ તાલ-મેલ રાખવો પડે. સામેવાળાના લાભનો વિચાર કરી નિર્ણય લેવો પડે. પિતાના આરોગ્યની કાળજી લેવી.

**વૃશ્ચિક** (ન.ય)
વડીલ વ્યક્તિના સ્વાસ્થ્ય બાબતે ચિંતિત રહેશો. ધાર્યો લાભ મેળવવા રાહ જોવી પડશે. પારિવારિક ક્ષેત્રે સમજદારી જાળવવી જરૂરી છે. દરેક મુદ્દાને ચકાસીને નિર્ણય લેવો. ધાર્યું લક્ષ મેળવો. પેટને લગતી બીમારીઓથી સાવચેત રહેવું. વિદેશ સાથેના ધંધામાં સાવચેતી રાખવી.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહે શેર-સટ્ટામાં જોખમ ન લેવું. કાર્ય પદ્ધતિમાં ફેરફાર ન કરવો. ઊંચી ઊડાન ભરવામાં પણ તળેથી જમીન સરકી ન જાય તેનું ધ્યાન રાખવું. દરેક જાતની સુખ-સગવડતા હોવા છતાં પણ અસંતોષ રહે. કંઈક ખૂટતું હોય તેવું લાગે. ઈષ્ટ દેવતાની કૃપા રહેશે.

**મકર** (ખ.જ)
આ અઠવાડિયે બાળકો સાથે તેમની ક્રિયાઓમાં રસ લેવો અને તેમનો સહયોગ કરવો તેમના આત્મવિશ્વાસને વધારશે. માતા-પિતાનો સાથ-સહકાર મળશે. નોકરી ક્ષેત્રે બદલાવ થવાને કારણે કાર્યભાર વધશે. મનગમતું કાર્ય મળવા છતાં પણ ઉત્સાહમાં કમી રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ અઠવાડિયે ઘરમાં ઘણાં સમય પછી નજીકના સંબંધીઓ આવશે તથા એકબીજા સાથે વિચારોનું આદાન-પ્રદાન ઘરના વાતાવરણને સુખમય બનાવશે. વિદ્યાર્થી મિત્રોને પરીક્ષામાં ધાર્યું પરિણામ મળે, આ સપ્તાહે કરેલી મહેનત રંગ લાવે.

**મીન** (દ.ચ.ઝ)
આ સપ્તાહે તમે જીવનને પોઝિટિવ દૃષ્ટિએ સમજવાની કોશિશ કરો. ધર્મ તથા અધ્યાત્મ પ્રત્યે વધતો તમારો વિશ્વાસ તમને શાંતિ અને માનસિક સુખ આપી શકશે. કોઈ ખાસ મુદ્દા ઉપર ચર્ચા પણ થશે. બાળકોએ પોતાના અભ્યાસ ઉપર વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે. ફાલતૂની ગતિવિધિઓથી તમારું ધ્યાન હટાવો. જૂના મુદ્દાને લઈને સંબંધીઓ સાથે વિવાદ થઈ શકે છે.

## લગ્નનું ભવ્ય આયોજન કરી આપવાના બહાને છેતરપિંડી, ઇવેન્ટ કંપનીના માલિકની ધરપકડ

ગુજરાત | વંદન

સુરતમાં દીકરા દીકરીના લગ્નનું ભવ્ય આયોજન કરી આપવાના નામે છેતરપિંડી કરતા ઈવેન્ટ કંપનીના દેસાઈ દંપતીની સુરત ઈકો સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ બંને દેસાઈ દંપતિ દ્વારા સુરત શહેરના કુલ 43 લોકો સાથે લગ્નનું આયોજન કરવાના નામે એડવાન્સ રૂપિયા લઈને બાદમાં વ્યવસ્થિત આયોજન ન કરી કુલ 2 કરોડ 12 લાખ 98 હજારની છેતરપિંડી કરાઈ હતી. જે અંગે સુરત ઈકો સેલમાં ફરિયાદ નોંધવામાં આવતા ઈકો સેલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી આજે દંપતીની ધરપકડ કરાઈ છે.

## PM મોદીના ભાઈએ AAPને કહ્યું 'રેવડી બજાર', કહ્યું- ગુજરાતી મૂર્ખ નથી, અહીં 'BJP vs કોંગ્રેસ' છે

ગુજરાત | વંદન

ડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીએ રવિવારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પડકારને ફગાવી દેતા કહ્યું હતું કે, રાજ્યમાં માત્ર બે જ રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ છે અને ત્રીજો ક્યારેય નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, કોંગ્રેસ હવે રાજ્યમાં "શૂન્ય" છે અને ભાજપ "પૂરી તાકાત સાથે આવી છે". પ્રહલાદ મોદી ભાજપના નેતા સુમિત સિંહના આમંત્રણ પર બારાબંકી પહોંચ્યા હતા.

ગુજરાતમાં બે તબક્કામાં 1 અને 5 ડિસેમ્બરે ચૂંટણી યોજાશે અને હિમાચલ પ્રદેશની સાથે 8 ડિસેમ્બરે પરિણામ જાહેર થશે. આ પહાડી રાજ્યમાં 12 નવેમ્બરે મતદાન પૂર્ણ થયું હતું.



પ્રહલાદ મોદીએ કહ્યું કે, સુમિત સિંહ સાથે તેમના પારિવારિક સંબંધો છે અને તેઓ તેમના આમંત્રણ પર જ અહીં આવ્યા છે, તેમની મુલાકાતનું બીજું કોઈ કારણ નથી. તેમણે કહ્યું કે, દેશની જનતાને તેમની પસંદગીના વડાપ્રધાન મળ્યા છે અને 2024માં પણ ભાજપ ફરી સરકાર બનાવશે. તેઓ રવિવારે અયોધ્યા પણ પહોંચ્યા હતા. અહીં સર્કિટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા પ્રહલાદ મોદીએ કહ્યું કે, તેઓ ભગવાન શ્રી રામને પ્રાર્થના કરવા આવ્યા છે કે ભારત વિશ્વગુરુ પદ પર બને તેટલી વહેલી તકે સ્થાપિત થાય. તેમણે કહ્યું કે, 'અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં પુરી તાકાત લગાવી રહ્યા છે, પરંતુ તેમને સફળતા મળવાની નથી. ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પણ આમ આદમી પાર્ટીએ લડી છે. મીડિયા પણ કહેતું હતું કે, નગરપાલિકાની ચૂંટણીમાં તેને સફળતા મળશે, પરંતુ ગુજરાતનો મતદાર એટલો મૂર્ખ નથી કે તે રેવડી બજારમાં ફસાઈ જાય. તેમણે રામલલાના દરબારમાં હાજરી આપી હતી અને રામ મંદિરનું નિર્માણ કાર્ય જોયું હતું. તેમને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા મંદિર નિર્માણની પ્રગતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## ગુજરાત ચૂંટણીનો પ્રચાર કરી રહેલા ઓવૈસી સામે 'મોદી-મોદી'નાં લાગ્યા નારા

ગુજરાત | વંદન

રાજ્યમાં હાલ આગામી ચૂંટણી પહેલાનો ગરમાવો વ્યાપી રહ્યો છે. ત્યારે તમામ રાજકીય પક્ષો લોકોને મળીને પોતાની વાત મુકી રહ્યા છે. આજ રીતે એઆઈએમઆઈએમનાં ચીફ અસદુદ્દીન ઓવેસી સુરતમાં જનસભા સંબોધવાની શરૂઆત કરી રહ્યા હતા. જે દરમિયાન કેટલાક લોકોએ ત્યાં આવીને કાળા વાવટા લહેરાવ્યા અને મોદી મોદીનાં નારા પણ લગાવ્યા હતો. રવિવારે સાંજે વારિશ પઠાન સાથે તેઓને સભાને સંબોધિત કરવાની હતી.

હૈદરાબાદનાં સાંસદ જેવા સંબોધન કરવા આવ્યા ત્યારે કેટલાક યુવાનોએ દેશના વડાપ્રધાન મોદીના નારા પણ લગાવ્યા હતા. આ સાથે ઓવૈસી વિરુદ્ધમાં કાળા ઝંડા પણ લહેરાવ્યા હતા. યુવાનો બોલતા સંભળાઈ



રહ્યા છે કે, ઓવૈસી પાછા જાવ. જે બાદ લોકોએ મોદી મોદીનાં નારા પણ લગાવ્યા હતા.

થોડા દિવસ પહેલા જ AIMIMનાં અસદુદ્દીન ઓવૈસી વિધાનસભા ચૂંટણી માટે ગુજરાતના પ્રવાસે હતા. આ દરમિયાન ઓવૈસી અને તેમના સાથીદારો અમદાવાદથી સુરત જે ટ્રેનમાં જઈ રહ્યા હતા તે ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ દાવો AIMIM નેતા વારિસ પઠાણે સોશિયલ મીડિયામાં તસવીરો શેર કરીને કર્યો હતો.

## કચ્છની નર્મદા કેનાલમાં મોટી દુર્ઘટના એક જ પરિવારના 5 ડૂબ્યા, માતમ છવાયો

ગુજરાત | વંદન

મુન્દ્રાના ગુંદાલામા નર્મદા કેનાલમાં ડુબવાથી એક જ પરિવારના પાંચ લોકોના મોત નિપજ્યા છે. દુર્ઘટના બાદ પાંચેલ લોકોના મૃતદેહ કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ગરીબ શ્રમિક પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, મુન્દ્રાના ગુંદાલા ગામ પાસેથી નર્મદા કેનાલ પસાર થાય છે. આ કેનાલની બાજુના ખેતરમાં એક શ્રમજીવી પરિવારના કેટલાક લોકો કામ કરી રહ્યા હતા. આ પરિવારના



5 લોકોના કેનાલમાં ડૂબી જવાથી મોત નિપજ્યા છે. જોકે, આ ઘટના કેવી રીતે બની તેની માહિતી હજુ સામે આવી નથી. પરંતુ દુર્ઘટનામાં શ્રમજીવી પરિવારના ત્રણ મહિલા અને બે પુરુષોના મોત નિપજ્યા છે.

**મૃતકોના નામ**
1. રાજેશ ખીમજી 2. કલ્યાણ દામજી 3. હીરાબેન કલ્યાણ 4. રસિલા દામજી 5. સવિતાબેન

## ચૂંટણી પહેલાં મોટી સફળતાઃ સુરતના આમરોલીમાંથી દોઢ કરોડનું ડ્રગ્સ પકડાયું

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ પોલીસ પણ એક્શન મોડમાં કામ કરી રહી છે. ચૂંટણીમાં દારૂ-ડ્રગ્સની રેલમછેલ ન થઈ જાય તે માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે ત્યારે સુરતની આમરોલી પોલીસને મોટી સફળતા મળી હોય તેવી રીતે આવાસ યોજનાના ક્વાર્ટરમાંથી દારૂ કરોડનું ડ્રગ્સ પકડાતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે આમરોલી પોલીસે બાતમીના આધારે કોસાડ આવાસ યોજનામાં દરોડો પાડી ચેકિંગ કરતાં ત્યાંથી દોઢ કિલોથી વધુ માત્રામાં એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ વેળાએ એક આરોપી ત્યાં હાજર હોય તેને પકડી લેવામાં આવ્યો હતો. આ ડ્રગ્સની કિંમત 1.50 કરોડ જેટલી ગણવામાં આવી રહી છે.

ત્યારે તે ક્યાંથી આવ્યું અને કોને આપવાનું હતું. આ પ્રકારે ડ્રગ્સનું કેટલા સમયથી વેચાણ ચાલી રહ્યું હતું તે સહિતની દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં દિલ્હીથી આઠ કિલો હેરોઈનનો જથ્થો પણ પકડાયો હતો ત્યારે તે ડ્રગ્સના તાર પણ સુરતમાં મળેલા ડ્રગ્સ સાથે જોડાયેલા હોવાની શક્યતા સેવાઈ રહી છે.

## જામનગર બીજેપીના વિધાનસભાના ઉમેદવારોએ ધર્મગુરુના આશિષ મેળવ્યા

### આશીર્વાદ લઈ ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની જામનગરની બન્ને સીટ પર ઉમેદવારો જાહેર થઈ ગયા છે. ૭૮ જામનગર માટે રિવાબા જાડેજા અને ૭૯ જામનગર માટે દિવ્યેશ ભાઈ અકબરી ની પસંદગી થઈ છે. આજે બન્ને ઉમેદવારોએ ધાર્મિક સંસ્થાઓના મહંતો અને ગાદીપતિના આશિવૉદ મેળવ્યા અને ચૂંટણી માટે પ્રચારની શરુઆત કરી.

બન્ને ઉમેદવારોએ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના કોઠારી



સ્વામી શ્રી ધર્મનીધી સ્વામીજી, સ્વામી ચતુર્ભુજદાસજી, ૫ - નવતરપૂરીધામ ખીજડા મંદિરના મહંત કૃષ્ણમણિજી મહારાજના સહાધ્યાયી મહારાજ લક્ષ્મણદાસજી, મોટી હવેલીના વલ્લભરાયજી મહોદય, આણંદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા. આ તકે જામનગર ભાજપ પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા, જામનગર મહાનગરપાલિકાના મેયર બીનાબેન કોઠારી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, પ્રકાશભાઈ બાંભણિયા, ૭૮ વિધાનસભાના ઈન્ચાર્જ નિલેશભાઈ ઉદાણી, ૭૯ વિધાનસભાના ઈન્ચાર્જ મનીષભાઈ કટારીયા, ચંદ્રવદન ત્રિવેદી, કેતનભાઈ જોશી સાથે રહ્યા હતા. ભાજપ મીડિયા સેલના સહકન્વિનીયર દિપા સોનીની યાદીમાં જણાવાયું છે.

## શબ્દોની સંતાકૂકડી 36 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | 3 | 4 | 5 | ■ |
| 6 | | 7 | ■ | 8 | | 9 |
| ■ | 10 | | 11 | ■ | 12 | |
| 13 | ■ | 14 | | | ■ | |
| 15 | 16 | ■ | | ■ | 17 | ■ |
| 18 | | 19 | ■ | 20 | | |
| ■ | 21 | | | ■ | | ■ |

**ઊભી ચાવી**

(1) એક ગરમ મસાલો [2]
(2) લેખકની તલવાર [3]
(4) પવન, વાયુ [2]
(5) દેવું [3]
(7) દબાયેલું, કચડાયેલું [3]
(9) પૂરું, પૂર્ણ [3]
(11) તારાનું ઝૂમખું [3]
(13) મૃગયા [3]
(16) લચકાતી ચાલ [3]
(17) આધાર, ભરોસો [3]
(19) અવાજ, ધ્વનિ [2]

**આડી ચાવી**

(1) લાગ, મોકો [2]
(3) ફોગટ, વ્યર્થ [3]
(6) ઉગ્ર, આકરું, તેજ [3]
(8) મરનારની મિલકત વગેરેનો હકદાર [3]
(10) ગંદું [3]
(12) ચોપડામાં આવક લખવાની બાજુ [2]
(14) નાટકનો સૂત્રધાર [3]
(15) આજનું કામ .... પર ના છોડાય [2]
(18) સર્જન, કૃતિ [3]
(20) એક સૂકોમેવો [3]
(21) દરેકના કામની કરવી જોઈએ [3]

**શબ્દોની સંતાકૂકડી-36 નો ઉકેલ આવતા અંકે**

**શબ્દોની સંતાકૂકડી-35નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 સ | ■ | 2 સી | 3 તા | ■ | 4 સા | 5 ત |
| 6 હ | 7 લ | ■ | 8 ડ | 9 ર | ■ | રુ |
| 7 ન | વા | બ | ■ | 11 કા | જી | ■ |
| 12 શી | રો | ■ | 13 ન્યા | સ | ■ | 14 વા |
| લ | ■ | 15 રા | ય | ■ | 16 પા | ણી |
| ■ | 17 ધા | મ | ■ | 18 આ | રો | ■ |
| 19 છો | ડ | ■ | 20 નિ | શા | ■ | 21 સો |

## કોયડો નં. 38 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 7 | | | 6 | | | |
| 4 | | | | 3 | | 5 | | 1 |
| | 1 | 9 | | | 7 | | | |
| 2 | | | 9 | | | 7 | | |
| | 7 | | 3 | | 4 | | 8 | |
| 9 | | | | | 5 | 2 | | 3 |
| | 6 | | 1 | | 8 | | | |
| 7 | | 2 | | | | 1 | 5 | |
| | | 8 | 5 | 9 | | 6 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-38નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 7 | 2 | 1 | 6 | 8 | 4 | 9 |
| 4 | 2 | 6 | 8 | 3 | 9 | 5 | 7 | 1 |
| 8 | 1 | 9 | 4 | 5 | 7 | 3 | 2 | 6 |
| 2 | 5 | 3 | 9 | 8 | 1 | 7 | 6 | 4 |
| 6 | 7 | 1 | 3 | 2 | 4 | 9 | 8 | 5 |
| 9 | 8 | 4 | 7 | 6 | 5 | 2 | 1 | 3 |
| 3 | 6 | 5 | 1 | 7 | 8 | 4 | 9 | 2 |
| 7 | 9 | 2 | 6 | 4 | 3 | 1 | 5 | 8 |
| 1 | 4 | 8 | 5 | 9 | 2 | 6 | 3 | 7 |

## જ્યારે રાજીવ ગાંધી પોતે વિમાન ઉડાવીને મદ્રાસ પહોંચ્યા... એ તેમની છેલ્લી ઉડાન બની રહી...

# રાજીવ ગાંધીની હત્યા બાદ ઘટના સ્થળે કેવા હતા ભયાનક દૃશ્યો...?

ગુજરાત | વંદન

રાજીવ દ્વારા બોલાયેલા તે શબ્દો આખરે સાચા સાબિત થયા અને એલટીટીઈના આતંકીઓ દ્વારા તેમની હત્યા કરી દેવાઇ

સુપ્રીમ કોર્ટે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારા નલિની અને પી રવિચંદ્રન સહિત 6 લોકોને મુક્ત કરવાનો આદેશ જારી કર્યો છે . રાજીવ ગાંધી હત્યા કેસમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી , જેમાંથી એક દોષિત પેરારીવલનને સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આ વર્ષે 18 મેના રોજ મુક્ત કરવામાં આવ્યો હતો. બહુ ઓછા લોકો જાણે છે કે જે દિવસે રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી, તે દિવસે તેમનું પ્લેન અચાનક ફેલ થવાને કારણે ચેન્નઇ જવાનું તેમનું પ્રસ્થાન લગભગ રદ થઈ ગયું હતું, પરંતુ ભાગ્યએ તેમની તરફેણમાં કંઈક બીજું જ નિર્ધાર્યું હતું.

21 મે, 1991ના રોજ રાત્રે 8 વાગ્યે કોંગ્રેસના નેતા મરાગથમ ચંદ્રશેખર મદ્રાસ એરપોર્ટ પર રાજીવ ગાંધી આવવાની રાહ જોઈ રહ્યા હતા. રાજીવ ગાંધી જ્યારે વિશાખાપટ્ટનમથી મદ્રાસ જવા માટે તૈયાર થઈ રહ્યા હતા ત્યારે પાઈલટ કેપ્ટન ચંડોકે જોયું કે વિમાનની કોમ્યુનિકેશન સિસ્ટમ કામ કરી રહી નથી. રાજીવ ગાંધી ખૂબ થાકી ગયા હતા છતાં પાર્ટીના એક નેતા તરીકે તેમને લાગ્યું કે વધુમાં વધુ સીટો પર પ્રચાર કરવો જોઈએ. જોકે, પ્લેનમાં ખામી સર્જાયા બાદ રાજીવ ગાંધી સર્કિટ હાઉસ પરત ફરી રહ્યા હતા, પરંતુ એક પોલીસકર્મીએ આવીને કહ્યું કે તમારું પ્લેન ઠીક થઈ ગયું છે. નોંધનીય છે કે એ વખતે લોકસભાની સામાન્ય ચૂંટણીઓ ચાલી રહી હતી.

ત્યારબાદ રાજીવ ગાંધી મદ્રાસ જવા રવાના થયા. વિમાન સાડા છ વાગ્યે ઊડ્યું અને રાજીવ ગાંધી પોતે આ વિમાન ઉડાવી રહ્યા હતા. તેઓ એક કોમર્શિયલ પાયલટ હતા અને વડાપ્રધાન બન્યા પહેલાં ઈન્ડિયન એરલાઈન્સમાં નોકરી કરતાં હતા. પ્લેન 8:20 મિનિટે લેન્ડ થયું અને તે બુલેટપ્રૂફ કારમાં શ્રીપેરામ્બદુર જવા રવાના થયા. રાજીવ ગાંધી લગભગ 10:10 મિનિટે પહોંચ્યા. પુરુષોને મળ્યા પછી, તે સ્ત્રીઓને મળવા તરફ વળ્યો. ત્યારબાદ 30 વર્ષની એક છોકરી ચંદનનો હાર લઈને રાજીવ ગાંધી તરફ ચાલી ગઈ. જ્યારે તેણી તેના પગને સ્પર્શ કરવા ઉભી થઈ, ત્યાં જોરથી ધડાકો થયો. અને ચારેબાજુ બૂમો પડી રહી હતી.... તે એક આત્મઘાતી મહિલા હતી અને પોતાના શરીર પર વિસફોટક સામગ્રી લપેટીને પોતે મરવા અને સાથે રાજીવને પણ મારવા આવી હતી.

તે સમયે પત્રકાર નીના ગોપાલ રાજીવ ગાંધીના સહયોગી સુમન દુબે સાથે વાત કરી રહી હતી. આ ઘટનાને યાદ કરતાં તેમણે કહ્યું કે મેં બે મિનિટ પણ વાત કરી નહીં અને બોમ્બ વિસ્ફોટ થયો. તે દિવસે મેં સાડી પહેરી હતી અને તેના પર હજુ પણ લોહીના ડાઘા છે. તેમણે કહ્યું કે હું ભાગ્યશાળી હતો કે હું બચી ગઈ. તેના વિસ્ફોટના થોડા સમય પહેલા, નાના ફટાકડા ફૂટતા હોય તેવો બોમ્બનો અવાજ આવ્યો અને પછી જોરદાર વિસ્ફોટ થયો. આ ધડાકા પછી પણ રાજીવ ગાંધીનું અવસાન થયું હોવાની કોઈને જાણ થઈ શકી નહોતી..

આ આત્મઘાતી બોંબ બ્લાસ્ટના બે દિવસ પહેલા રાજીવ ગાંધીએ દિલ્હીમાં મતદાન કર્યું હતું. વિસ્ફોટ સમયે તમિલનાડુ કોંગ્રેસના ત્રણ ટોચના નેતાઓ જીકે મૂપનાર, જયંતિ નટરાજન અને રામા મૂર્તિ હાજર હતા. વિસ્ફોટથી બધે ધુમાડો જોવા મળ્યો હતો, પરંતુ થોડા સમય પછી એવું જોવા મળ્યું કે રાજીવ ગાંધીનું મોઢું નીચે પડેલું હતું... અને બ્લાસ્ટમાં તેમના માથાને નુકસાન થયું હતું.

આ ઘટનાને યાદ કરતા જી.કે. મૂપનારે કહ્યું કે બ્લાસ્ટ બાદ લોકો ચારે તરફ ભાગવા લાગ્યા અને મારી ચારે બાજુ લાશો પડી હતી. રાજીવના સુરક્ષા અધિકારી પ્રદીપ ગુપ્તા જીવિત હતા અને મારી સામે જોઈને કંઈક બોલ્યા, પણ પછી તે પણ મૃત્યુ પામ્યા. મને લાગ્યું કે તેઓ રાજીવ ગાંધીને કોઈને સોંપવાની વાત કરી રહ્યા છે. મેં રાજીવ ગાંધીનું માથું ઉપાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ મારા હાથમાં માત્ર માંસ અને લોહી આવ્યું, ત્યારબાદ મેં તેમને રૂમાલથી ઢાંકી દીધા.

જીકે મૂપનારથી થોડે દૂર ઉભેલી જયંતિ નટરાજને જણાવ્યું કે બ્લાસ્ટ બાદ તમામ પોલીસકર્મીઓ ભાગી ગયા હતા. હું મૃતદેહોને એ આશા સાથે જોઈ રહ્યો હતો કે કદાચ મને રાજીવ ગાંધી ન દેખાય. પહેલા મારી નજર પ્રદીપ ગુપ્તા પર પડી. તેમના પગ પાસે એક માથું પડેલું હતું અને મારા મોંમાંથી તે નીકળી ગયું કે તે રાજીવ જેવું લાગે છે... અને તે રાજીવનું માથુ જ હતું.

લગભગ તે જ સમયે રાજીવના અંગત સચિવ વિન્સેન જ્યોર્જ તેમના ચાણક્ય પુરીના ઘરમાં પ્રવેશ્યા હતા ત્યારે જ તેમનો ટેલિફોન રણક્યો. તેને ફોન આવ્યો કે કોઈ મોટા સમાચાર છે, જેના પછી તે તરત જ 10, જનપથ પર આવ્યો. સોનિયાને પણ કોઈએ આ વિશે જણાવ્યું હતું અને તેઓ જ્યોર્જને ફોન કરી રહ્યાં હતા, પરંતુ તે સમયે તેઓ પી ચિદમ્બરમની પત્ની નલીની ચિદમ્બરમ સાથે વાત કરી રહી હતી. સોનિયા ગાંધી સતત ફોન કરી રહ્યા હતા, પરંતુ આ પછી ચેન્નાઈના એક અધિકારીનો બીજો ફોન આવ્યો જેમાં તેમણે જ્યોર્જને કહ્યું કે રાજીવ ગાંધી હવે નથી. આ સમાચાર સાંભળીને તે ગભરાઈ ગયો અને સોનિયા પાસે દોડી ગયો. સોનિયાએ તેને પૂછ્યું કે શું તે જીવિત છે, પરંતુ જ્યોર્જના મૌનથી સોનિયા બેચેન થઈ ગઈ. તે જોરથી ચીસો પાડવા લાગી અને તેમને એ જ વખતે અસ્થમાનો હુમલો આવ્યો. તે સમયે પ્રિયંકા ગાંધીની ઉંમર 19 વર્ષની હતી અને તેણે પોતાની માતાનું ધ્યાન રાખ્યું હતું.

રાજીવ ગાંધીની હત્યા બાદ મુખ્ય ચૂંટણી કમિશનર ટીએન શેષાને લોકસભાની બાકીના ચૂંટણી તબક્કાઓ રદ કરી દીધા હતા. તેમના અંતિમ સંસ્કાર 24 મેના રોજ થયા હતા, જેમાં વિશ્વભરના નેતાઓએ હાજરી આપી હતી. સીઆરપીએફ ડીઆઈજી ડીઆર કાર્તિકણેના નેતૃત્વમાં એક તપાસ ટીમ બનાવવામાં આવી હતી, થોડા મહિનામાં સાત એલટીટીઈ સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી.

મુખ્ય આરોપી શિવરાસન અને તેના સાથીઓએ ધરપકડ કરતા પહેલા સાઈનાઈડ ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. ડૉ. કાર્તિકેયને જણાવ્યું કે ઘટના સ્થળે હાજર ફોટોગ્રાફર હરિ બાબુના કેમેરામાંથી 10 તસવીરો લઈને પહેલી સફળતા મળી. જે પછી એક જાહેરાત આપવામાં આવી



અને આ લોકો વિશે જણાવવા માટે એક ટોલ ફ્રી નંબર પણ જારી કરવામાં આવ્યો.

અમને લગભગ 3 થી 4 હજાર ફોન કોલ્સ આવ્યા. અમે દરોડા પાડવાનું શરૂ કર્યું અને ટૂંક સમયમાં અમને સફળતા મળવા લાગી. પહેલા દિવસથી હું દિવસના 24 કલાક, અઠવાડિયાના સાતેય દિવસ, આરામ કર્યા વિના કામ કરતો હતો. હું માત્ર થોડા કલાકોની ઊંઘ માટે દરરોજ રાત્રે 2 વાગ્યે ગેસ્ટ હાઉસ પહોંચતો હતો. 3 મહિનામાં તમામ તપાસ પૂરી થઈ પરંતુ ફોરેન્સિક રિપોર્ટ આવતા સમય લાગ્યો હતો. હત્યાની પ્રથમ વર્ષગાંઠ પહેલા અમે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી.

થોડા દિવસો પછી સોનિયા ગાંધીએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી અને કહ્યું કે તેઓ પત્રકાર નીના ગોપાલને મળવા માંગે છે. જે બાદ તે જૂનમાં ગઈ હતી અને તેમને મળી હતી. સોનિયા ગાંધી જાણવા માગતા હતા કે તેમના છેલ્લા દિવસોમાં રાજીવનો મૂડ કેવો હતો. પીસી એલેક્ઝાન્ડર, જે ઈન્દિરા ગાંધીના મુખ્ય સચિવ હતા, તેમના પુસ્તકમાં લખ્યું છે કે ઈન્દિરાની હત્યાના કલાકોમાં, સોનિયા અખિલ ભારતીય સંસ્થા(એઈમ્સ હોસ્પિટલ)ના કોરિડોરમાં રાજીવ ગાંધી સાથે ઝગડો કરતી જોવા મળી હતી, રાજીવે સોનિયાને કહ્યું હતું કે પાર્ટી ઈચ્છે છે કે હું વડાપ્રધાન તરીકે શપથ લઉં. પણ સોનિયાએ કહ્યું કે કોઈ પણ ભોગે નહીં, એ લોકો તમને પણ મારી નાખશે. જે બાદ રાજીવે કહ્યું કે મારી પાસે કોઈ વિકલ્પ નથી, મને ગમે તેમ કરીને મારી નાખવામાં આવશે. સાત વર્ષ પછી, રાજીવ ગાંધી દ્વારા બોલાયેલા તે શબ્દો આખરે સાચા સાબિત થયા અને એલટીટીઈના આત્મઘાતી આતંકીઓ દ્વારા તામિલનાડુની ધરતી પર તેમનો જીવ લેવામાં આવ્યો...

અનુસંધાન પેજ 12 પરથી...

### પરેશ ધાનાણી...

અને પોતાના જ જૂના બોસ સામે ઉમેદવારી નોંધાવી છે અને ચૂંટણી લડી રહ્યા છે. વિનુભાઈ બાબુભાઈ ચાવડાએ વાઈબ્સ ઓફ ઈન્ડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે મારુ વતન નવા ખીજડીયા અમેરેલીમાં જ આવેલું છે. હું ભાજપ સામે ચૂંટણી લડી રહ્યો છું. હું બેરોજગારી, મોંઘવારી અને ગેસના બાટલાના ભાવ વધારા સામે ચૂંટણી લડી રહ્યો છું. ચૂંટણી લડવાનું કારણ મને ઈચ્છા થઈ કે ચૂંટણી લડવી છે, જોઈએ તો ખરા લોકો કેટલા મત આપે છે.

વર્ષ 2017ની ચૂંટણીમાં કોંગ્રેસના પરેશ ધાનાણીણે 87,032 મત મળ્યા હતા જ્યારે ભાજપના બાવકુભાઈ ઉધાડને 75,003 મત મળ્યા હતા અને તેમણે બાવકુભાઈ ઉધાડને 12,029 મતોથી હરાવ્યા હતા.

### મેડિકલના...

નિર્ણય લેવામાં આવ્યો છે.

**મધ્યપ્રદેશથી કરાઈ પહેલવહેલી શરૂઆત** | 16 ઓક્ટોબરે કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહે મધ્યપ્રદેશમાં દેશમાં પહેલીવાર હિન્દીમાં મેડિકલના અભ્યાસની શરૂઆત કરાવી હતી. ભોપાલમાં આવેલી ગાંધી મેડિકલ કોલેજમાં પહેલીવાર રાજ્ય દ્વારા MBBSનો કોર્સ હિન્દીમાં શરૂ કરવાનો પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશની તમામ 13 કોલેજમાં MBBSના ત્રણ વિષયો-એનાટોમી, ફિઝિયોલોજી અને બાયોકેમેસ્ટ્રી સૌપ્રથમવાર હિન્દીમાં ભણાવવાની શરૂઆત કરવામાં આવી છે અને નેક્સ્ટ સેશનમાં બીજા વર્ષે પણ આ ચાલુ રહેશે.

### પીએમ મોદી...

પ્રવાસે આવી રહ્યાં છે. વડાપ્રધાન 19 નવેમ્બરે વાપીમાં રોડ શો કરશે. તેમજ વલસાડમાં જનસભાને પણ સંબોધન કરશે. તેમજ 20 નવેમ્બરે તેઓ ચાર જનસભાને સંબોધશે.

પીએમ મોદીના પ્રવાસ દરમિયાન તેઓ મતદાનના પહેલા ચરણમાં આવતા ઝોન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેલી અને જનસભાને સંબોધશે. વડાપ્રધાન 19 નવેમ્બરે વાપીમાં રોડ શો કરશે. તેમજ વલસાડમાં જનસભાને પણ સંબોધન કરશે. તેમજ 20 નવેમ્બરે તેઓ ચાર જનસભાને સંબોધશે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનના વેરવાળ, ધોરાજી, અમરેલી અને બોટાદમાં જનસભાને સંબોધશે.

અનુસંધાન પેજ 10 પરથી...

### મસ્કે કર્યું..

તેમના સમુદાય દ્વારા નિર્ધારિત નિયમોનું પાલન કરે છે.

ઓઈજેને ટાઈમ મેગેઝિનમાં લખ્યું છે કે, પ્લેટફોર્મ પર કોઈપણ પ્રકારની અપમાનજનક ભાષાનો ઉપયોગ કરનારા વપરાશકર્તાઓનો બહિષ્કાર કરવા માટે આ સર્વર્સ એકબીજા સાથે જોડાયેલા છે. તમે તેને લોકશાહી પ્રક્રિયા કહી શકો.

તેના પેજ મુજબ, માસ્ટોડોન હાલમાં દરરોજ લગભગ 1.2 મિલિયન સક્રિય વપરાશકર્તાઓ ધરાવે છે. મસ્કે ટ્વિટર ખરીદ્યું ત્યારથી તેનો યુઝર બેઝ કથિત રીતે ઝડપથી વધ્યો છે.

DW વેબસાઈટના એક રિપોર્ટરે મસ્ટોડોનની સેવાઓનો અનુભવ કરવા માટે પ્લેટફોર્મ માટે સાઈન અપ કર્યું. તે સાઈન અપ કરવા અને ઉપયોગ કરવા માટે સુપર સરળ હતું. જો કે, કયા સર્વર પર સાઈન અપ કરવું તેની માહિતી મેળવવાની કોઈ સુવિધા નહોતી. કદાચ આ ટ્વિટરના જૂના વપરાશકર્તાઓ માટે થોડી મુશ્કેલી ઊભી કરી શકે છે.

પ્લેટફોર્મ પર નવા વપરાશકર્તાઓના ઉમેરા સાથે, માસ્ટોડોન વિચારે છે કે તે ટ્વિટરનો વિકલ્પ બની શકે છે. કેટલાક વપરાશકર્તાઓ એકાઉન્ટ સેટ કરવા માટે વધુ સમય લઈ રહ્યા હોવાના અહેવાલ છે. તેથી માસ્ટોડોન ટ્વિટરને પાછળ છોડીને નવો યુઝર બેઝ બને છે કે કેમ તે જોવાનું રહે છે.

**પાર્લરઃ**

અમેરિકન નિર્માતા, રેપર અને ફેશન ડિઝાઈનર 'યે'એ તાજેતરમાં પાર્લર ખરીદવાની યોજના જાહેર કરી હતી. તે અગાઉ કેન્યે વેસ્ટ તરીકે ઓળખાતું હતું. પાર્લર એક એવું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છે જે રૂઢિચુસ્તોમાં લોકપ્રિય છે. આ પાર્લરની સ્થાપના 2018માં કરવામાં આવી હતી. તે માને છે કે તેના પ્લેટફોર્મ પર ભાષણની સ્વતંત્રતા છે અને અહીં કોઈપણ સામગ્રી પર ઘણા નિયમો અને નિયમો લાગુ થતા નથી. અહીં કોઈની સાથે કોઈ ભેદભાવ નથી.

આ પ્લેટફોર્મનો ઉપયોગ ઘણા લોકો દ્વારા પહેલેથી જ કરવામાં આવી રહ્યો છે જેમને અન્ય મુખ્ય પ્રવાહની માઈક્રોબ્લોગિંગ સાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મ પર જાન્યુઆરી 2021માં યુએસ સંસદ પર હુમલો કરનારા લોકોને મદદ કરવાનો આરોપ હતો. પરિણામે, ઘણી કંપનીઓએ તેની સેવાઓ પર પ્રતિબંધ મૂક્યો અને તેની એપ્લિકેશન્સ એપ સ્ટોરમાંથી દૂર કરવામાં આવી. ત્યારબાદ, પ્લેટફોર્મે મે 2021 માં સામગ્રી ફિલ્ટર કરવાની સુવિધા લાગુ કરી.

ટ્વિટરની જેમ, તેના યુઝર્સ એકબીજાને ફોલો કરી શકે છે અને પોસ્ટ દ્વારા અન્ય લોકો સાથે તેમના મંતવ્યો શેર કરી શકે છે. આમાં 1,000 અક્ષરો સુધીના મેસેજ પોસ્ટ કરી શકાય છે. અમેરિકાના ઘણા રૂઢિચુસ્તો આ પ્લેટફોર્મ પર સક્રિય છે. તેની જમણેરી ઓળખ હોવા છતાં, પાર્લર ડોનાલ્ડ ટ્રમ્પના સત્ય સામાજિક પ્લેટફોર્મ કરતાં વધુ સ્વતંત્ર માનવામાં આવે છે.

**ટમ્બલરઃ**

Tumblr ની સ્થાપના 2007માં કરવામાં આવી હતી. આ માઈક્રોબ્લોગિંગ સાઈટમાં મલ્ટીમીડિયા કન્ટેન્ટ અને ક્યુરેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. તે ઘણા વિચિત્ર સમુદાયોનું આયોજન કરે છે. જો કે, ટીકાકારો કહે છે કે તેને શોધવું અને તેનો ઉપયોગ કરવો ખૂબ મુશ્કેલ છે.

બહુવિધ માલિકી ફેરફારો અને અસામાન્ય વૃદ્ધિ હોવા છતાં, ઘણા કહે છે કે પ્લેટફોર્મ બંધ થવાની અફવા અતિશયોક્તિ છે. તે ઘણા વર્ષોથી કાર્યરત છે એટલું જ નહીં, પરંતુ તેના અડધાથી વધુ નવા વપરાશકર્તાઓ Z જનરેશનમાંથી હોવાનું કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પછી જોડાયેલા વપરાશકર્તાઓની લોકપ્રિયતામાં ઘટાડો થયો.

**Reddit-રેડડિટઃ**

Tumblr ની જેમ, Reddit પણ એક જૂનું માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ છે, કારણ કે તે 2005થી ઉપયોગમાં લેવાય છે. તેને માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મને બદલે સામાજિક સમાચાર પ્રકાશિત કરવા માટેના પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે.

**બ્લ્યુ સ્કાયઃ**

જો તમે વિચારી રહ્યા હોવ કે ટ્વિટરના કો-ફાઉન્ડર અને ભૂતપૂર્વ સીઈઓ જેક ડોર્સીનું શું થયું, તો તમને જણાવી દઈએ કે તેઓ બ્લુ સ્કાય ડેવલપ કરવામાં વ્યસ્ત છે. 2019માં, Twitterના બિન-લાભકારી ઉત્પાદન તરીકે વિકસાવવાની પ્રક્રિયા શરૂ થઈ. હાલમાં, તે પરીક્ષણ તબક્કામાં છે.

તેના વેબપેજ પર, બ્લુ સ્કાય કહે છે કે તે એક પ્રોટોકોલ બનાવી રહ્યું છે જે સોશિયલ નેટવર્કિંગ માટે નવા પાયા તરીકે કામ કરશે. અહીં સર્જકને પ્લેટફોર્મથી સ્વતંત્રતા મળશે, ડેવલપરને કંઈક નવું બનાવવાની તક મળશે અને યુઝર્સને તેમની પસંદગીનો અનુભવ મળશે. ચોક્કસ આ વસ્તુઓ સારી લાગે છે, પરંતુ વાસ્તવિકતા જોવા માટે વપરાશકર્તાઓને થોડી રાહ જોવી પડશે.

# મોરબી દુર્ઘટનામાં મૃતકના પરિજનોને નોકરી અને રૂ.1 કરોડ આપવા કોંગ્રેસની માંગણી

ગુજરાત | વંદન

મોરબીમાં પુલ તૂટવાની દુર્ઘટનાને લઈને વિપક્ષ કોંગ્રેસ સત્તાપક્ષ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે અને મોરબી દુર્ઘટનામાં મૃતકના પરિજનોને નોકરી અને રૂ.1 કરોડ આપવાની સરકાર સમક્ષ માંગણી કરી છે. કોંગ્રેસ પ્રવક્તા આલોક શર્માએ મોરબીમાં પુલ તૂટવાની દુર્ઘટનાને લઈને સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.

આલોક શર્માએ જણાવ્યું કે સરકાર પોતાની જવાબદારી સમજી મૃતકોના પરિવારોને નોકરી આપવી જોઈએ. વધુમાં વળતરની જાહેરાતમાં વધારો કરી 1 કરોડની સહાય જાહેર જાહેર કરવામાં આવે. આ ઉપરાંત ઈજાગ્રસ્તને સરકાર અને ઓરેવા કંપની બન્ને પાસેથી 50-50 લાખની સહાય મળવી જોઈએ. આ સાથે જ તેમણે મોરબી નગરપાલિકાના તમામ અધિકારીઓનો સસ્પેન્ડ કરવાની પણ માંગણી કરી હતી. વધુમાં મૃતકોના નામની યાદી જાહેર કરવા અને રિટાયર્ડ જજની અધ્યક્ષતામાં નવી SIT બનાવી તપાસ કરાવવાની માંગણી કરી છે. તેમણે સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે તે કસૂરવારોને બચાવવા પ્રયાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે 30 ઓક્ટોબરનાએ મોરબીની શાન સમાન ઝૂલતો પુલ એકાએક તૂટી પડ્યો હતો. હેરિટેજ ઝૂલતો પુલ તૂટતા અનેક લોકો મચ્છુ નદીના પાણીમાં પડ્યા હતા. આ દરમિયાન મોરબીમાં ઝૂલતા પુલ પર 500 જેટલા લોકો હતા. આ દરમિયાન દુર્ઘટના બની હતી. ત્યારબાદ બચાવ ટુકડીઓ દોડી આવી હતી અને લાંબી કાર્યવાહી બાદ 135 થી વધુ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

અનુસંધાન પેજ 1 પરથી...

### યૂક્રેન બાદ...

અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે પોલેન્ડમાં મિસાઈલ ત્રાટકવાની ઘટનાએ સમગ્ર વિશ્વને ધ્રુજાવી દીધુ છે અને વધુ એક યુદ્ધ કે રશિયા-યુક્રેન યુદ્ધ વકરવાની આશંકા વ્યક્ત થવા લાગી છે.

દરમિયાનમાં, આઠ મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેન મહાસત્તા રશિયાને હંફાવી રહ્યું છે. બે દિવસ પુર્વે જ રશિયા પાસેથી ખેરસાનનો કબ્જો પાછો આંચકી લીધો હતો અને તેને પગલે રઘવાયા બનેલા રશિયાએ ફરી એક વખત ભયાનક મિસાઈલમારો કર્યો હતો. ન્યુઝ એજન્સીના રિપોર્ટમાં એમ દર્શાવ્યુ હતું કે યુક્રેનના શહેરો પર રશિયાએ મિસાઈલોનો વરસાદ વરસાવ્યો હતો તેમ 100થી વધુ મિસાઈલ ઝીંકી હતી. યુક્રેનના એક ડઝન જેટલા મોટા શહેરોમાં હવાઈ હુમલાના સાયરન રણક્યા હતા અને શ્રેણીબદ્ધ વિસ્ફોટો થયા હતા. આ ભયંકર હુમલામાં વ્યાપક નુકશાનીની આશંકા છે.

### નાસાનું ડ્રીમ...

હવામાનને જવાબદાર ઠેરવવામાં આવ્યું હતું. નાસાએ જણાવ્યું હતું કે તાજેતરમાં ફ્લોરિડામાં આવેલા વાવાઝોડા નિકોલના કારણે લોન્ચિંગ પેડને ઘણું નુકસાન થયું છે.

### સુરતમાં હાઈવોલ્ટેજ...

પરંતુ તેમનું નામાંકન સ્વીકારવામાં આવ્યું હતું. બાદમાં તેમના પર ઉમેદવારી પાછી ખેંચવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. શું તેનું અપહરણ કરવામાં આવ્યું છે?

**AAPએ ભાજપ પર આક્ષેપ કર્યોઃ**

AAP સાંસદ અને ગુજરાતના સહ-ઈન્ચાર્જ રાઘવ ચઢ્ઢાએ ગુજરાતમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે કહ્યું, "લોકશાહીની હત્યા, સુરત પૂર્વ બેઠક પરથી અમારા ઉમેદવાર કંચન જરીવાલાને ભાજપ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. પહેલા ભાજપે તેમના ઉમેદવારી પત્રો રદ કરાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, પછી તેમને ઉમેદવારી પાછી ખેંચવા દબાણ કર્યું અને હવે તેમનું અપહરણ કર્યું. ગઈકાલે બપોરથી તે ગુમ છે.

અનુસંધાન પેજ 4 પરથી...

### ચૂંટણી જાહેર થતા...

લીમડાના પાન ગટર ભેગા જ થાય.

ગરજ પૂરી થઈ ગઈ ને !

**5. લીંબુના છોડીયા**

લીંબુનું શરબત બની ગયા પછી નીચોવાયેલા અને વધેલા છોડીયા . વધીને વાસણ માંજવાના કામમાં આવે બાકી તો કચરા ભેગા થાય

ગરજ પૂરી થઈ ગઈ ને !

**6. કેળના પાન**

મોટેભાગે સત્યનારાયણ ભગવાનની કથામાં વપરાતા પાન પૂજા અને કથા પહેલા આદરથી લાવી સરસરીતે સજાવવામાં આવે પૂજા અને કથા પૂરી થયા બાદ એનું કોઈ જ મહત્વ નહિ ઘરની નજીકમાં નદી, તળાવ હોય તો ઠીક બાકી એય કચરામાં જ જાય.

ગરજ પૂરી થઈ ગઈ ને !

**7. આસોપાલવના લીલા તોરણ**

ઘરના દરવાજે શુભપ્રસંગે આસોપાલવના લીલા તોરણ બંધાય. પ્રસંગ પૂરો થાયે એની કોઈ જ કિંમત નહિ. એના પર કોઈ નજર સુદ્ધા ના કરે

એ ત્યાં લટકતા જ સુકાઈ જાય અને અને ધીમેધીમે જાતે જ તૂટતા તૂટતા કચરા ભેગા થાય અને જો કોઈકની નજર પડે તો સહાનુભૂતિએ એને ઉતારે પણ નાખે તો કચરા પેટીમાં જ ગરજ પૂરી થઈ ગઈ ને !

**8. હઝારીના ફૂલ અને હઝારીના ફૂલના હાર**

શુભ પ્રસંગને શોભાવતા હઝારીના ફૂલના ગોટા અને હઝારીના ફૂલના ગોટાના હાર પ્રસંગ પતે લીલાને લીલા જ લોકોના પગમાં કચડાય કે સુકાઈને કચરા ભેગા જ થાય

ગરજ પૂરી થઈ ગઈ ને !.

જે તે સાહેબ ચૂંટણી જીતી ગયા એટલે કાર્યકરો પણ કોરાણે

ગરજ પૂરી થઈ ગઈ ને !

અસ્તુ

દીપક બ. ભટ્ટ

# જેફ બેઝોસ 124 અબજ ડોલરની સંપત્તિમાંથી મોટાભાગની દાન કરશે


**■ જળવાયુ પરિવર્તન નો સામનો કરવા અને અસમાનતાને ઘટાડવા માટે દાન કરશે**

ગુજરાત | વંદન

ઈ-કોમર્સ કંપની એમેઝોનના સંસ્થાપક જેફ બેઝોસ પોતાની સંપત્તિનો મોટા ભાગનો હિસ્સો દાન કરવાની યોજના બનાવી રહ્યા છે. વિશ્વના મોટા અબજોપતિઓમાં સામેલ જેફ બેઝોસે જણાવ્યું કે, તેઓ પોતાની સંપત્તિ જળવાયુ પરિવર્તન (Climate change)નો સામનો કરવા અને અસમાનતાને ઘટાડવા માટે દાન કરશે. જેફ બેઝોસની સંપત્તિ 124 અબજ ડોલર છે અને તેઓ વિશ્વના ચોથા સૌથી ધનિક અબજપતિ છે.

એમેઝોનના ફાઉન્ડર બેઝોસને જ્યારે પૂછવામાં આવ્યું કે, શું તમે તમારી મોટાભાગની સંપત્તિ દાન કરવાની ઈચ્છા રાખો છો? તેના જવાબમાં તેમણે કહ્યું કે, હા. મારી ઈચ્છા છે. તેમણે પૈસા ક્યાં ખર્ચવા કે દાનમાં આપશે તે અંગે વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો પરંતુ તે કેવી રીતે ખર્ચવામાં આવશે તે સ્પષ્ટ કર્યું હતું.

બેઝોસે જણાવ્યું કે, તે અને તેમના સાથી લોરેન સાંચેજ આ પૈસાને ખર્ચ કરવાની યોજના પર કામ કરી રહ્યા છે. જેફ બેઝોસ એક સમયે સૌથી ધનિક અબજપતિ હતા. 1994માં તેમણે એમેઝોનની સ્થાપના કરી હતી. તેમણે 2021માં એમેઝોનના મુખ્ય કાર્યકારી તરીકેનું પદ છોડી દીધુ હતું પરંતુ તેના બોર્ડના અધ્યક્ષ બની રહ્યા છે. તેઓ વોશિંગ્ટન પોસ્ટ સમાચાર અને અતંરિક્ષ પર્યટન કંપની બ્લૂ ઓરિજિનના પણ માલિક છે.



## कवि–कवितायें

### मैं तुम्हें फिर मिलूंगी....

मैं तुम्हें फिर मिलूंगी
कहां? किस तरह? नहीं जानती
शायद तुम्हारे तख़्ईल की चिंगारी बन कर
तुम्हारी कैनवस पर उतरूंगी
या शायद तुम्हारी कैनवस के ऊपर
एक रहस्यमय रेखा बन कर
ख़ामोश तुम्हें देखती रहूंगी
या शायद सूरज की किरण बन कर
तुम्हारे रंगों में घुलूंगी
या रंगों की बांहों में बैठ कर
तुम्हारे कैनवस को
पता नहीं कैसे–कहां?
पर तुम्हें ज़रूर मिलूंगी
या शायद एक चश्मा बनी होऊंगी
और जैसे झरनों का पानी उड़ता है
मैं पानी की बूँदें
तुम्हारे जिस्म पर मलूंगी
और एक ठंडक–सी बन कर
तुम्हारे सीने के साथ लिपटूंगी...
मैं और कुछ नहीं जानती
पर इतना जानती हूं
कि वक़्त जो भी करेगा
इस जन्म मेरे साथ चलेगा...
यह जिस्म होता है
तो सब कुछ ख़त्म हो जाता है
पर चेतना के धागे
कायनाती कणों के होते हैं
मैं उन कणों को चुनूंगी
धागों को लपेटूंगी
और तुम्हें मैं फिर मिलूंगी..

—अमृता प्रीतम ('पद्मविभूषण' और 'साहित्य अकादमी पुरस्कार' से अलंकृत)

आंधियों की ये इंसाफियां...
आंधियों की ये इंसाफियां देखिए,
ऊंचे महलों के फानूस जलते रहे,
मुफलिसों के घरों से मेरे गांव में,
सब चिरागों से ही रोशनी छीन ली।
अपने बच्चों को रोते हुए छोड़ कर
वो हवेली के बच्चे खिलाती तो है,
भूख ने कितने बच्चों की तकदीर से
लोरियों से भरी रात भी छीन ली।

–मासूम गाजियाबादी

चांदनी फिर जला रही है....
अपना जलवा दिखा रही है मुझे,
चांदनी फिर जला रही है मुझे।
एक तमन्ना जो जल कर खाक हुई,
अभी भी कितना सता रही है मुझे।

–अनिमेष शर्मा

# IIM અમદાવાદ બોર્ડના નવા અધ્યક્ષ તરીકે પંકજ પટેલની વરણી

ગુજરાત | વંદન

પંકજ પટેલની IIM અમદાવાદ બોર્ડના નવા અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. કુમાર મંગલમ બિરલાનો 4 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા પંકજ પટેલને ચેરપર્સન બનાવવામાં આવ્યા છે. પંકજ પટેલ 8 વર્ષથી IIM અમદાવાદના બોર્ડ ઓફ ગવર્નન્સના સભ્ય છે અને ઝાયડસ લાઈફસાયન્સના ચેરમેન છે. 1961માં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેઓ આઈઆઈએમએના 14મા અધ્યક્ષ છે. પંકજ પટેલ અબજોપતિ બિઝનેસ મેન છે અને ભારતની પાંચમા ક્રમની સૌથી મોટી ફાર્મા કંપની કેડિલા હેલ્થકેરનાં ચેરમેન છે. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ ફાર્મસી અને માસ્ટર્સ ઓફ ફાર્મસીનો અભ્યાસ કર્યા બાદ પિતાજી રમણભાઈ પટેલની સ્થાપેલી કંપની કેડિલા હેલ્થકેર જોઈન કરી લીધી હતી.

# લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનનો નફો 11 ગણો વધીને રૂ. 15952 કરોડની સપાટીએ પહોંચ્યો




■ પ્રિમિયમની આવક 11 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 9125 કરોડની સપાટીએ

ગુજરાત | વંદન

લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ નાણાંકીય વર્ષ 2023માં પ્રશંસનીય કામગીરી બજાવી છે. તેનો નેટ નફો 11 ગણો વધીને 15952 કરોડની સપાટીએ પહોચ્યો છે. જે આગલા વર્ષ 1434 કરોડ રૂપિયા હતો. સંતોષકારક કામગીરીથી પ્રભાવિત થઈને એલ.આઈ.સી. તેની એકાઉન્ટીંગ પોલીસીમાં પરિવર્તન આણવાનું નક્કી કર્યું છે. મળતી માહિતી મુજબ રૂ. 14721 કરોડની રકમ એલ.આઈ.સી. નોન પાર્ટીસીપેટીંગ પોલીસી હોલ્ડરના એકાઉન્ટમાંથી એલ.આઈ.સી.ના એજન્ટોના ખાતામાં આ રકમ ટ્રાન્સફર કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત 6795 કરોડની રકમ પણ પ્રાપ્ત થશે. બોર્ડ ઓફ ડાયરેક્ટરશ્રીએ મીટીંગમાં એલ.આઈ.સી. તેની એકાઉન્ટીંગ પોલીસીમાં પરિવર્તન આણવા માટે સર્વાનુમતે ઠરાવ કર્યો છે. શેરહોલ્ડરોના એકાઉન્ટમાં આ રકમ ટ્રાન્સફર કરીને ઈન્વેસ્ટરોનો વિશ્વાસુ હાંસલ કર્યો છે. આ દર્શાવે છે કે કંપની ઈન્વેસ્ટરોને સારુ વળતર ડિવિડન્ડના સ્વરુપમાં આપવાની તૈયારી દર્શાવે છે.

એલ.આઈ.સી.ની નેટ પ્રિમિયમ આવક 27 ટકા જેટલી વૃદ્ધિ પામીને 1.32 ટ્રિલિયનની સપાટીએ બીજા ત્રિમાસિક સમયગાળામાં પહોંચી છે. આગલા વર્ષના સમયગાળામાં રૂ. 1.04 ટ્રિલિયનની હતી, રીન્યુએબલ પ્રિમિયમની આવક 2 ટકા વધીને 56256 કરોડની સપાટીએ પહોંચી છે. જ્યારે સીંગલ પ્રિમિયમની આવક 62 ટકા વધીને 66901 કરોડની સપાટીએ પહોંચી છે. અહેવાલવાળા ત્રિમાસિક સમયગાળામાં એલ.આઈ.સી.ની કુલ આવક 2.2 ટ્રિલિયનની સપાટીએ પહોંચી છે, જે આગલા વર્ષના સમયગાળામાં રૂ. 1.85 ટ્રિલિયનની હતી. પ્રિમિયમની આવકનો આ પ્રમાણ 2022 માં 68.81 ટકા હતું (વાર્ષિક ધોરણે). આગલા વર્ષે જે 68.25 હતું.

## બજારોનાં અંતરંગ

### ઝાયડસ લાઈફ સાયન્સના ચોખ્ખા નફામાં 82.6 ટકાનો ઘટાડો

ઝાયડસ લાઈફ સાયન્સ કંપનીએ તેના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં 253 કરોડનું રોકાણ કર્યું હતું તેની આવકના 6.1 ટકા જેટલું છે. ઝાયડસ લાઈફ સાયન્સ કંપનીનો સપ્ટેમ્બર 22 માં પુરા થયેલ ત્રિ માસિક કોન્સોલીડીટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 3002 કરોડની સપાટીએની સરખામણીમાં 82.6 ટકા ઘટીને 523 કરોડ થયો છે. જેનું મુખ્ય કારણ અગાઉના વર્ષમાં સમાન ત્રિમાસિક સમયગાળામાં મોટા અપવાદરુપ લાભો મેળવવા પ્રયાસ કર્યો હતો. અમદાવાદ સ્થિત ઝાયડસ ગ્રુપની કંપનીની કોન્સોલીડેટ આવક ત્રિમાસિક સમય ગાળામાં 10 ટકા વધીને 41.35 કરોડ થઈ છે. સમાન ગાળામાં 3760 કરોડ હતી. કંપનીનું રિસર્ચ એન્ડડેવલપમેન્ટની પ્રવૃત્તિનું રોકાણ 253 કરોડની સપાટીએ રહેવા પામ્યું હતું, જે આવકના 6.1 ટકા જેટલું થવા જાય છે.

### ઓટોમોબાઈલ અને બેન્કીંગ સેક્ટરનો નફો 61 ટકા વધ્યો

કોરોના મહામારીના બે વર્ષ બાદ મોટા ભાગના કોર્પોરેટ ક્ષેત્રમાં સુદ્રઢ સ્થિતિ જોવા મળી છે. વૈશ્વિક સ્તરે વધી રહેલી મોંઘવારી, વ્યાજના દરમાં થતો વધારો, માંગ ઘટવા છતાં દેશના મોટા ભાગના સેક્ટરોમાં પોઝીટીવ ટ્રેન્ડ રહ્યો છે. તાજેતરમાં પુરા થયેલા ત્રિમાસિક સમયગાળામાં ઓટોમોબાઈલ અને બેન્કીંગ ક્ષેત્રમાં સૌથી વધુ નફો વધવા પામ્યો છે. આ ઉપરાંત વિમા કંપનીઓ પણ સારુ પ્રદર્શન કર્યું છે, જ્યારે આઈટી અને એફએમસીજીના નફામાં સામાન્ય પરંતુ સિમેન્ટ, બિલ્ડીંગ મટીરીયલના આવકના નફામાં 73 ટકાનો ભારે ઘટાડો નોંદાયો છે. 7 નવેમ્બર સુધીના ક્વાર્ટરમાં નિફ્ટી 50 કંપનીમાંથી 85 કંપનીમાં અને બીએસઈ 500થી 60 કંપનીના પરિણામે જાહેર થયા તેમાં આ અસર દેખાય છે. સિમેન્ટ સેક્ટરની કંપનીઓની આવક ઘટવા પામી છે. સિમેન્ટ માટેની કાચી સામગ્રીના ભાવો વધવાથી ખર્ચ વધ્યો છે. ઓફ રેટીંગ માર્જીન 12%થી ઘટી 10.7 ટકા થવા પામ્યો છે.

### સાંઈ સિલ્ક (કલા મંદિર) રૂ. 1200 કરોડના આઈપીઓ લાવશે

એથેનીક એપરન રિટેઈલર સાંઈ સિલ્ક (કલા મંદિર) લિમિટેડે 1200 કરોડની કિંમતના આઈપીઓના ભરણા માટે સેબીની મંજરી પ્રાપ્ત કરી છે. આ આઈપીઓ મારફતે 600 કરૈડની રકમ ઈક્વીટી શેરો મારફતે પ્રાપ્ત કરાશે. જે ફ્રેશ ઈસ્યુ કેપીટલ તરીકે રહેશે બાકીની રકમનો ઓફર ફોર સેલ (18048440 ઈક્વીટી શેરો) પ્રમોટરો તથા પ્રમોટર ગ્રપને ઓફર કરીને મેળવવામાં આવશે. આઈપીઓના ભરણાની મારફતે પ્રાપ્ત થનાર નાણાંકીય સાધનોનો ઉપયોગ 25 નવા સોટોર્સ 2 નવા વેરહાઉસીસ અને વર્કીંગ કેપીટલની જરુરીયાતમાં ઉપયોગમાં લેવાશે.

### કેન્દ્ર તાજેતરમાં કેપિટલ ગેઈન ટેક્ષ અંગે જાહેર થયેલ નવા નિયમો

કેન્દ્ર સરકારના નાણાં મંત્રી દ્વારા તાજેતરમાં કેપિટલ ગેઈન ટેક્ષમાં ફેરફાર જાહેર કરાયા છે. આવા સરકારના હેતુ કેપિટલ ગેઈન ટેક્ષ સિસ્ટમને વધુ સરળ બનાવવાનો છે. એસેટ્સ-3 કેટેગરીમાં ઈક્વીટી, નોન ઈક્વીટી, ફાઈનાન્સીંગ એસેટ્સ તેમજ અન્યમાં વિભાજીત કરી શકાશે. સરકાર આ ઉપરાંત ગેઈન ટેક્ષના દરોમાં પણ આ મુજબ આમુલ પરિવર્તનકરશે. હકીકતમાં કેપીટલ ગેઈન ટેક્ષની સિસ્ટમ થોડી જટીલ છે. તે વધુ સર બનાવવા તેમ તર્કસંગત બનાવવા જરુરીયાત સરકારને જણાઈ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષના પૂર્વ સભ્ય શ્રી અખીલેશ રંજનની અધ્યક્ષતામાં આ અંગેનું ટાસ્ક ફોર્સ ઈન્ડેક્શન બેનીફીટ રુલ્સ બદલાવવામાં આવ્યો છે. ઈક્વીટી અને પ્રેફરન્સ શેરો ઈક્વીટી સંલગ્ન મ્યુચ્યુઅલ ફંડ, 0 કુપન બોન્ડ અને યુટીઆઈના યુનિટને 12 મહિનાથીવધુ સમય માટે હોલ્ડ કરવા માટે લોંગ ટર્મ એસેટ્સ તરીકે ગણીને ઓરિએન્ટલ મ્યુચ્યુઅલ ફંડ તેમજ જ્વેલરી 36 મહિના સુધી હોલ્ડ કરવા માટે લોંગ ટર્મ એસેટ્સ તરીકે તેની ગણતરી ઘણાશે.

## વિશ્વ ભરમાં સોનાના વૈશ્વિક ભાવોમાં નરમાઈનું વલણ



# ભારતની સેન્ટ્રલ બેન્કોએ સોનામાં 4.4 ગણી ખરીદીથી 399 ટન સોનું ખરીદ્યું

ગુજરાત | વંદન

વૈશ્વિક સ્તરે વધતી જતી મોંઘવારી, સ્લો ડાઉન જેવા કેટલાક પ્રતિકુળ કારણો અને વિશ્વભરની સેન્ટ્રલ બેંકો તેમજ રિઝર્વ બેંકો દ્વારા પોતાની હસ્તકના સોનાના અનામત ભંડારોમાં વધારો કરવામાં આવ્યો છે. જુલાઈ-સપ્ટેબર મહિનાના ત્રિમાસિક સમયગાળામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ 399.3 ટન સોનાની ખરીદી કરી હતી. જે 9.6 ટકનની પાટીએ હતી.

છેલ્લા એક દાયકાની ગણતરીએ સેન્ટ્રલ બેન્કો દ્વારા સૌથી મોટી સોનાની ખરીદી કરવામાં આવી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના એક રિપોર્ટ મુજબ 2022 ના પહેલા નવ મહિનામાં સેન્ટ્રલ બેંકો ની સોનાની માંગ 673 ટન હતી જે 2018ના વર્ષમાં 656.6 ટન હતી. જુલાઈ-સપ્ટેમ્બર મહિનાના ત્રિમાસિક સમયગાળામાં ભારત ત્રીજા ક્રમાંકે ખરીદી કરી હતી. સપ્ટેમ્બર-2022 થી સૌથી વધુ 132.4 ટન સોનું ખરીદવામાં આવ્યું છે.

આમ સોનાની ખરીદી માટે વિદેશી બેંકોની અને ભારતની સેન્ટ્રલ બેંકો દ્વારા તેમજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સોનાની ખરીદી કરવાનું કારણભુત પરિબળ ડોલરની તુલનાએ સ્થાનિક ચલણને ઘટતું અટકાવવા માટેનો મુખ્ય ઈરાદો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સોનાની ખરીદી વધી એ સકારાત્મક સંકેત છે. તેનાથી સોનાની કિંમતને સપોર્ટ મળશે. વર્ષના આગામી મહિનામાં કિંમતો વધશે તેમ ગોલ્ડ કાઉન્સિલના રીજીયોનલ સીઈઓ પીઆર સોમસુંદરે જણાવ્યું હતું. સેન્ટ્રલ બેંકોની ખરીદીથી ગોલ્ડ ઈટીએફમાંથી 9 વર્ષ ઉપરનો રેકોર્ડ ઉપાડ થવા પામ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ અનુસાર સપ્ટેમ્બર ક્વાર્ટમાં ઈટીએફમાંથી અંદાજે 227 ટન સોનું ઉપડી જવા પામ્યું છે. જે જુન 2023 ના સમયગાળા કરતાં વધુ છે.

# ભારતમાં ઘઉંના પુરવઠાની ભારે ખેંચ: 30 ટકા જેટલા ભાવ વધ્યા

ગુજરાત | વંદન




વિશ્વમાં ઘઉના ઉત્પાદનમાં અગ્રણી સ્થાન ધરાવતું ભારત ઘઉંની નિકાસ કર્યા પછી દેશમાં ઘઉનો ભાવ 30 ટકા જેટલા વધવા પામ્યા છે. રશિયા-યુક્રેનના યુદ્ધની અસરે ભારતમાંઘઉંના ભાવ ક્વિન્ટલ દીઠ 2842 બોલાયા હતા. આમ ઘઉનાં ભાવો દંશના આંતરિક બજારમાં 30 ટકા જેટલા વધવાથી મોંઘવારીની પર તેની વ્યાપક અસર પડી છે. ભારતમાં ઘઉંના પુરવઠો આડેધડ ઘઉંની નિકાસથી ઘટી જવા પામ્યો છે. ઘઉંના ભાવો વધવાની પ્રત્યાઘાતી અસર ખોરાક માટેની રોટલી, બિસ્કીટ જેવી ખાદ્ય સામગ્રીનાં ભાવો પણ વધવા પામ્યા છે. કારણ કે ઘઉંના લોટના ભાવમાં ઉત્તરોત્તર વધવાથી તેની અસર પડી છે. એક માહિતી મુજબ છ મહિના દરમિયાન ઘઉનાં ભાવ 15.25 ટકા વધ્યા છે જ્યારે ઘઉના લોટના ભાવ 18 થી 20 ટકા વધ્યા છે. એક મહત્વની બાબત એ છે કે દેશમાં ઘઉંનું ઉત્પાદન ચાલુ સિઝનમાં એટલે કે રવિ પાકની મોસમમાં 15-20 જેટલું વધવાની શક્યતા રહી છે.

સરકાર હસ્તક ગોદામોમાં ઘઉનું પુરવઠો ઘટીને 2.27 કરોડ ટનની સપાટીએ પહોંચ્યો છે, જે આગલા વર્ષે 4.69 કરોડ ટનનો હતો. સ્ટોક નીચી સપાટીએ પહોંચવા માટેના કારણભુત પરિબળોમાં ચાલુ વર્ષે સરકાર દ્વારા 57 ટકા ઘઉનો જથ્થો બહાર રહી ગયો છે. આ વર્ષે હવામાન સાનુકૂળ ન હોવાથી ઘઉનું ઉત્પાદન ઓછું થવા પામ્યું હતું તે સાથે અંદાજે 9.5 કરોડ ટન રહેવાની શક્યતા હતી તેના બદલે સરકારી આંકડા મુજબ 10.68 કરોડ ટન થવાની ઉત્પાદનની ગણતરી હતી પરંતુ પ્રતિકુળ સંજોગોને કારણે ઘઉનું પુરવઠો ખુબ નીચી સપાટીએ છે.

# PhonePeનું એક નવું ફીચર, હવે આધારથી કરી શકાશે UPI પેમેન્ટ

■ UPI સર્વિસનો ઉપયોગ કરવા માટે ડેબિટ કાર્ડની જરૂર

ગુજરાત | વંદન




તત્કાલ પેમેન્ટ કરવા માટે પ્લેટફોર્મ PhonePe ખૂબ જ પોપ્યુલર છે. હવે કંપનીએ એક નવું ફીચર બહાર પાડ્યું છે. આ સાથે આધાર કાર્ડ OTP ઓથેન્ટિકેશન દ્વારા UPI એક્ટિવેટ કરી શકે છે. કંપનીનું કહેવું છે કે આધાર આધારિત UPI સર્વિસ ધરાવતું તે વિશ્વનું પહેલું પ્લેટફોર્મ છે.તમને જણાવી દઈએ કે અત્યાર સુધી UPI સર્વિસનો ઉપયોગ કરવા માટે ડેબિટ કાર્ડની જરૂર હતી. પરંતુ આધાર આધારિત ઓથેન્ટિકેશન બાદ ડેબિટ કાર્ડની ઝંઝટનો અંત આવશે. તમને જણાવી દઈએ કે ભારત ઝડપથી ડિજિટલ પેમેન્ટ તરફ આગળ વધી રહ્યું છે.

કંપનીનો દાવો છે કે આધાર આધારિત UPI સર્વિસ બાદ ઓનલાઈન પેમેન્ટ કરનારા નવા યુઝર્સની સંખ્યામાં વધારો થશે. ખરેખર UPI રજિસ્ટ્રેશન પ્રોસેસ દરમિયાન UPI PIN માટે ડેબિટ કાર્ડ જરૂરી છે. પરંતુ PhonePeની નવી સર્વિસ દ્વારા e KYC અપડેટ કરવું પડશે. આ માટે યુઝર્સે PhonePe ઓનબોર્ડિંગ માટે આધાર કાર્ડ ઓપ્શન પસંદ કરવો પડશે. આ પછી PhonePe પર આધારના છેલ્લા 6 અંકો દાખલ કરો. ત્યારબાદ UIDAI તરફથી OTP પ્રાપ્ત થશે. પછી તમારી બેંક સર્ટિફાઇડ પ્રોસેસ પૂર્ણ થશે. આ પછી યુઝર્સ UPI પેમેન્ટની તમામ સર્વિસઓ જેમ કે પેમેન્ટ ચેક અને બેંક બેલેન્સ ચેક કરી શકશે. PhonePeના પેમેન્ટ હેડ દીપ અગ્રવાલે જણાવ્યું કે આ UPI ઓનબોર્ડિંગ પ્રોસેસને વધુ સરળ બનાવશે. આવું કરવા માટે તે પ્રથમ ફિનટેક પ્લેટફોર્મ બની ગયું છે.

## કિશોર બિહારી હસ્તકની ફ્યુચર રિટેઈલને ખરીદવા અદાણી અને અંબાણી વચ્ચે સ્પર્ધાત્મક વલણ

ગુજરાત | વંદન

કિશોર બિહારી હસ્તકની ફ્યુચર રિટેઈલ ગ્રુપ ભારે આર્થિક કટોકટીમાં સપડાયેલું છે. તેની કંપની ફ્યુચર રિટેઈલ ગ્રુપ ભારે દેવાના બોજા હેઠળ દબાઈ ગઈ છે. કંપની હસ્તક કરવા માટે અદાણી-અંબાણી વચ્ચે સ્પર્ધા થવાની શક્યતા છે મળતી માહિતી મુજબ ફ્યુચર રિટેઈલ ગ્રુપ નું 21 હજાર કરોડનું જંગી દેવું છે. આ કંપનીને હસ્તગત કરવા માટે અદાણી-અંબાણી સહીત 13 કંપનીઓ બીડ રજુ કરનાર છે. એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ સબમીટ કરવામાં રિલાયન્સ રિટેલ વેન્ચર, અદાણી ગ્રુપની એપ્રિલ મુન રિટેઈલ પ્રા. લિ. નો સમાવેશ થાય છે. અન્ય કંપનીઓમાં જે રસ દાખવ્યો છે જેમાં શાલિમાર કોર્પોરેશન, યુનાઈટેડ બાયોટેક, ડબલ્યુએચ સ્વીટ ટુર સ્વીટ ટ્રાવેલ, પેપી ગોબલ્સ વગેરે કંપનીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફ્યુચર રિટેઈલ ગ્રુપનાં બિયાણીએ અગાઉ 3.4 બિલિયન ડોલરમાં તેની એસેટ્સને રિયાયન્સ ગ્રુપને વેચવાના કરાર કર્યા હતાં. પરંતુ એમેઝોન જેણે ફ્યુચર ગ્રુપ સાથે અગાઉ કરેલા કરાર મુજબ લ્હેણી રકમ બાકી હતી અને તેને રિલાયન્સને વેચવાની દરખાસ્તને કોર્ટમાં પડકારી હતી તેથી તેનો સોદો થઈ શક્યો ન હતો. તેથી રિલાયન્સને 3.4 બિલિયન ડોલરમાં તેની એસેટ્સો વેચવા માગે છે. પણ કાનુની રીતે આ વસ્તુ શક્ય બનશે કે નહીં તે સમય જ કહી શકશે.

## સેબી દ્વારા જાહેર કરાયેલ પે-આઉટ અંગે નવી ગાઈડલાઈન

ગુજરાત | વંદન

સિક્યોરીટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા તાજેતરમાં પે-આઉટ અંગની નવી જાહેરાત કરાઈ છે. આ ગાઈડલાઈન મુજબ ગ્રાહકની અનપેઈડ કેપીટલ ચુકવવા સિક્યોરીટીઝનો દુરુપયોગ થતો હતો હવે તે થઈ શકશે નહીં. નવી પે-આઉટનું મુખ્ય આશય સિક્યોરીટી ના ગ્રાહકને શેર ધારક ગ્રાહકના ડિબેટ એકાઉન્ટમાં એક વર્કીંગ દિવસ અથવા ટ્રેડીંગ દિવસમાં ક્લીયરીંગના મેમ્બરના કુલ એકાઉન્ટમાં ટાન્સફર થશે. ગ્રાહક જે શેર ખરીદવા માંગતો હોય તો પ્રથમ ક્લીયરીંગ કોર્પોરેશનમાંથી બ્રોકરના એકાઉનાટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જે દિવસે શેરો ખરીદનાર ગ્રાહકને શેર ઉપરલબ્ધ થાય તે પે-આઉટ તારીખથી ગણવામાં આવશે.

સેબી દ્વારા શેર બ્રોકરોને જણઆવ્યું છે કે પેઈડ સિક્યોરીટઝ ટ્રાન્સફર કરવા માટે ક્લાયન્ટ અનપેઈડ સિક્યરીટી જ તેમજ અલગ એકાઉન્ટ બ્રોકરે ખોલાવનું રહેશે. સિક્યોરીટીની સંપુર્ણ ચુકવણી તેમજ સિક્યોરીટીના શેરો ક્લાયન્ટના ખાતામાં ડિબેટ એકાઉમનાટમાં ટ્રાન્સફર કરાશે. આ નવી ગાઈડલાઈન મુજબ ક્લીયરીંગ મેમ્બરોના ગ્રાહક દ્વારા જવાબદારી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં સિક્યોરીટીનો વેચવાનો હક્ક ફંડ સંબંધિ જવાબદારી અંગેની વિગત ઈ-મેઈલ અથવા એસએમસએસ દ્વારા જણાવવાની રહેશે. જો ક્લાયન્ટ ફંડ જવાબદારી અદા કરવામાં નિષ્ફળ જાય તો ટ્રેડીંગ મેમ્બર અથવા ક્લીયરીંગ મેમ્બરે પે-આઉટપછીના પાંચ દિવસમાં આવી અનપેઈડ સિક્યોરીટીને વેચી શકશે.

## દેશના સ્ટીલ ઉત્પાદકો માટે પ્રતિકુળ સંજોગો દુર થયા

ગુજરાત | વંદન

દેશના સ્ટીલ ઉત્પાદકો ને સપ્ટેમ્બર 2022 સુધીનો તબક્કો પ્રતિકુળ સંજોગો સામનો કરવો પડે તેવો હતો. પરંતુ હવે ઓક્ટોબરથી સારો પુરવાર થશે. કારણ કે હવે માંગમાં સુધારાનો વલણ દર્શાવાય છે. આ ઉપરાંત સ્ટીલ ઉત્પાદનના ખર્ચમાં વપરાતી સામગ્રીના ભાવ ઘટવસા પામ્યા છે. ડિસેમ્બર 2022 સુધીમાં દેશના આંતરિક બજારમાં સ્ટીલની માંગ વધશે તેવી શક્યતા છે.હકીકતમાં ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક સમયગાળામાં સ્ટીલનાભાવો ઘટવાથી સ્ટીલ ઉત્પાદનનો પ્રતિકુળ સંજોગો જોયા હતાં. ભાવ ઘટવાથી નફા ક્ષમતા ઉપર માઠી અસર થઈ હતી. અને ઉત્પાદન ઘટ્યું હતુ. આ ઉપરાંત સ્ટીલ ઉત્પાદનને વધારવા માટે જે કુકીંગ કોલ વપરાય છે તેના ભાવો ઘણાં ઉચાં હતાં તેથી ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થયો હતો. આને પરિણામે નફા ક્ષમતા ઘટવા પામી હતી. સ્ટીલમાં વપરાતાં કુકીંગ કોલના ભાવો વધવા પામયા હતાં.

## લાર્સન એન્ડ ટુબ્રો અને માઈન્ડ ટ્રીનાં મર્જરને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની મંજુરી

ગુજરાત | વંદન

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની મુંબઈ અને બેંગ્લોરની શાખા દ્વારા તાજેતરમાં લાર્સન એન્ડ ટુબ્રો સાથે માઈન્ડ ટ્રી લિ. નામની ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કંપનીના મર્જરને મંજુરીની મહોર મારવામાં આવી છે. મર્જર થનાર આ કંપની હવે એલ એન્ડ ટી માઈન્ડ ટ્રી તરીકે ઓળખાશે. દેશની આ ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કંપનીનું માર્કેટ કેપીટલાઈઝેશન ગણતરીમાં લેતાં પાંચમા ક્રમાંકની કંપની બનશે એમ એલ એન્ડ ટીના ચેરમેન એ.એમ.નાયક દ્વારા જાહેરાત કરાઈ હતી. એનસીટીએલનું મુંબઈ અને બેંગ્લોરને શાખાઓએ આ મર્જરને મંજુરી આપી છે. પરિણામે મર્જર થનારી નવી કંપની આઈટી બીઝનેસમાં 25 ટકા સુધીનો વિસ્તૃત કરી શકાશે અને 2026 સુધીમાં આ મર્જરનો સંપુર્ણ લાભ ઉપલબ્ધ થશે. એલ એન્ડ ટી ટેકનોલોજી સર્વિસ સાથે 5.6 અબજ ડોલરની આવક ધરાવે છે. આગામી વર્ષમાં એલ એન્ડ ટી અને માઈન્ડ ટ્રી ની સ્વયં આવક 5 અબજ ડોલર કરતાં વધુ રહેશે. મર્જર થનારી કંપનીનાં એટલે કે માઈન્ડ ટ્રી ના શેર હોલ્ડરોને 100 શેરની સામે લાર્સન એન્ડ ટુબ્રો નાં 73 શેરો ઓફર કરાશે. મર્જર થનાર નવી કંપની એલ એન્ડ ટી એટલે કે પેરેન્ટ કંપનીનું 68.73 ટકાનું શેર હોલ્ડીંગ રહેશે. ઉલ્લેખનીય છે કે એલ એન્ડ ટીના સંયુક્તપણે 90 હજાર પ્રોફેશનલો અને 750 જટેલા ક્લાયન્ટનું પીઠબળ ધરાવે છે.

**ઉત્સાહ** ઓપન ઓફરનો ભાવ 1 ઈક્વીટી શેર દિઠ 294 નક્કી કર્યો છે

# ગૌતમ અદાણીએ ન્યૂઝ ચેનલ NDTV હસ્તગત કરી: મિડિયા ફર્મની 26% ઈક્વીટી સ્ટેઈક હાંસલ કર્યું



ગુજરાત | વંદન


ગુજરાતના સાહસિક ઉદ્યોગપતિ જેમણે નામના મેળવી છે તે ગૌતમ અદાણીએ તાજેતરમાં એનડી ટીવી ટેલિમિડિયાને હસ્તગત કરી છે. આ મિડિયા કંપનીની શેર મુડી 26 ટકા હિસ્સો 1.67 કરોડમાં હસ્તગત કર્યો છે. હવે પછી આ મિડિયા કંપનીની ઈક્વીટી પબ્લિકને ઓફર કરવા માટે અદાણી ગ્રુપ ઓપન ઓફર નજીકના ભવિષ્યમાં જાહેર કરશે.

બીએસઈ અને એનએસઈ સ્ટોક એક્સચેન્જોને આ અંગેના દસ્તાવેજો સુપ્રત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ પબ્લિક ઓફરનું ભરણું 22 નવેમ્બર થી 5 ડિસેમ્બર સુધી ખુલ્લુ રહેશે. 492.81 કરોડની ઓપન ઓફર ખુલ્લી મુકાશે. આ ઓપન ઓફરનો ભાવ 1 ઈક્વીટી શેર દિઠ 294 નક્કી કર્યો છે. ઓપન ઓફર સંપુર્ણપણે સબસ્ક્રાઈપ થઈ જશે. એનડી ટીવીની મિડિયા કંપનીની ઈક્વીટી શેર મુડીનો 51 ટકા હિસ્સો અદાણી ગ્રુપ સંપાદન કરશે. એક માહિતી મુજબ અદાણી ગ્રુપે ટેક ઓવર કરવા માટે તેની ત્રણ કંપનીઓનો ઉપયોગ કર્યો છે, જેમાં વિશ્વ પ્રધાન કોમર્શિયલ પ્રાઈવેટ લિમિટેડ, એએમજી નેટવર્ક મિડિયા અને અદાણી એન્ટરપ્રાઈઝનો ઉપયોગ કરાયો છે. 26 ટકા જેટલી ઈક્વીટી શેર મુડી ધારણ કરશે. હાલ એનડી ટીવી મીડીયા કંપનીની શેર મુડીનો 19.16 ટકા હિસ્સો આરપીઆરપી-રાધિકા રોય અને પ્રણવ રોય હસ્તક છે. હાલ તેઓનું શેર હોલ્ડીંગ 24.18 ટકાની સપાટીએ છે.

# પીપાવાવ પોર્ટ માટે 800 કરોડના ખર્ચે જેટી સ્થાપવામાં આવશે

ગુજરાત | વંદન

ગુજરાત પીપાવાવ પોર્ટ લી. નામની કંપની ખાનગી ક્ષેત્રનો મહત્વનો પોર્ટ છે. તે મોટી સાઈઝનાં કન્ટેનરશીપને હેન્ડલ કરવામાં હેતુસર 800 કરોડના ખર્ચે જેટી સ્થાપવાનો નિર્ણય કર્યો છે તેમ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર જેકોબ સુર્યને દર્શાવ્યું હતું. આ પોર્ટ કંપનીએ વીએલસીએસ જેટી સ્થાપવાનો નિર્ણય બોર્ડ ઓફ ડાયરેક્ટરની મંજુરીથી કર્યો છે. મોટી જેટીની સ્થાપવાની જરુરુયાતનું કારણ એ હતું કે આ પોર્ટ લિક્વિફાઈડ પેટ્રોલિયમ



ગેસ (એલપીજી)નું પરિવહન કરી શકશે. આ પ્રોજેક્ટે ન્યુ લિક્વિફાઈડ કાર્ગો જેટી સ્થાપવાનો નિર્ણય કર્યો તે 30 વર્ષના લીઝના ધોરણે કરવામાં આવે છે. જે સપ્ટેમ્બર 2028માં ત્રીસ વર્ષ પછી પરીપુર્ણ થશે. હાલ પીપાવાવ પોર્ટ પાસે 5 જેટી છે, જેમાં બે કન્ટેનર જેટી છે, જે બલ્ક કાર્ગો જેટી છે અને એક લીક્વીફાઈડ માટેની જેટી છે. આ ઉપરાંત કંપની તેનાં વેરહાઉસીસની સુવિધા માટે વિસ્તરણની યોજના હાથ ધરી 2 લાખ ચોરસફુટ વિસ્તારમાં વ્હેરહાઉસીસ સ્થાપવાની યોજના ઘડી રહી છે. ગુજરાત પીપાવાવ પોર્ટને ગુજરાત મેરીટાઈમ સમક્ષ તેના લીઝ માટેના ડોક્યુમેન્ટો રજુ કર્યા છે. આ પોર્ટ વાર્ષિક ધોરણે 1.35 મિલિયન મેટ્રીક ટન કાર્ગો હેન્ડલ કરશે, જેમાં 4 મિલિયન ટર્ન ડ્રાય બલ્ક કાર્ગોનો સમાવેશ થાય છે. 2 મિલિયન ટન લિક્વિફાઈડ બલ્ક કાર્ગો અને 2 લાખ પચાસ હજાર પેસેન્જર હેન્ડલ કરવાનું કાર્ય કરી શકશે.


વેડિંગ સ્પેશિયલ



# બ્રાઈડ બનવા જઈ રહ્યાં છો, મેકઅપ કિટમાં જરૂરી છે આ 10 વસ્તુઓ

દરેક વ્યક્તિના જીવનમાં લગ્નનો દિવસ એ સૌથી ખાસ ક્ષણ હોય છે. લગ્નના દિવસે મેકઅપ અને આઉટફિટ સાથે બેસ્ટ લુક મળી શકે છે, દુલ્હન મેકઅપ ખૂબ જ વર્સટાઈલ હોય છે, તે પ્રસંગ આધારિત નક્કી કરવામાં આવે છે અથવા દુલ્હન જ તેને નક્કી કરે છે. અહીં કેટલીક એવી ટીપ્સ છે કે જેના દ્વારા તમે તમારા લગ્ન સમારંભમાં શ્રેષ્ઠ લાગી શકે છે. તો અહીં અમે તમને કેટલીક ટીપ્સ વિશે જણાવી રહ્યા છીએ જે તમને મેકઅપ કરવામાં સરળતા આપશે અને તમે ખૂબ જ સુંદર દેખાશો.

## તમારી ત્વચાને સીટીએમથી તૈયાર કરો



મેકઅપ લગાવતા પહેલાં ઘણી નવવધૂ સ્કિનકેરનું મહત્વ ભૂલી જાય છે. આવશ્યક મેકઅપ લાગુ કરતાં પહેલાં આ આવશ્યક છે કારણ કે તે તમારી ત્વચા પર વધુ સારી રીતે બેસવામાં મદદ કરે છે અને તેને વધુ કુદરતી દેખાવ અને ફિલ આપે છે. તેથી, હંમેશાં મેકપની શરૂઆત તેનાથી પ્રારંભ કરો કારણ કે ચહેરા પર જલ્દીથી ધૂળ દેખાવાનું શરૂ થાય છે, તેથી સીટીએમ પ્રોપર કરો.

**વોટરપ્રૂફ મેક-અપ :** આ એક ટિપ કરતાં વધુ એક હેક છે, જે મહિલાઓ અથવા છોકરીઓએ માત્ર લગ્ન માટે જ નહીં પરંતુ સામાન્ય જીવનમાં પણ ટ્રાય કરી શકો છો. તમારે અત્યારથી વોટરપ્રૂફ મેકઅપની રૂટિનને ફોલો કરવું જોઈએ, જેથી લગ્નના દિવસે તેને કૅરી કરવામાં કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે.



**હંમેશા હાઇડ્રેટ કરો અને સારી રીતે આરામ કરો** | તણાવપૂર્ણ સમયગાળા દરમિયાન હાઈડ્રેટેડ અને તાજું રહેવું મહત્વનું છે. પૂરતી ઊંઘ લેવી પણ મહત્વપૂર્ણ છે કારણ કે તે તમારી ત્વચાને નરમ અને જુવાન દેખાવ આપે છે. ઉપરાંત, તમે હાઈડ્રેટીંગ માસ્કનો ઉપયોગ કરી શકો છો કારણ કે જો ત્વચા હાઈડ્રેટેડ છે, તો મેકઅપ વધારે સુંદર દેખાશે.

**મોઇશ્ચરાઇઝર ન છોડો** | બધા મોઈશ્ચરાઈઝર એકસરખા બનાવવામાં આવતા નથી. એક તમારી ત્વચા સમસ્યા માટે વિશિષ્ટ છે. જો તમે તેનો ઉપયોગ કરશો તો મોઈશ્ચરાઈઝર તેલ છોડશો નહીં, તે શુષ્ક અને પેચી લાગશે જે અસમાન અને ખરાબ દેખાવ આપશે. હાયલ્યુરોનિક એસિડ અથવા ફેરુલિક એસિડ જેવા ઘટકો માટે તેમજતમારી ત્વચાને ભેજ જાળવવામાં મદદ કરે છે.

**કંઈપણ વધારે ન કરો** | પરફેક્ટ બ્રાઈડલ મેકઅપ માટે મહત્વનું એ છે કે ઓવરઓલ લૂક સિમ્પલ રાખવો. ભારતીય નવવધૂઓ ઝવેરાતથી ભરેલી દેખાય છે. પરિણામે, મેકઅપને કુદરતી રાખવું શ્રેષ્ઠ છે. જો તમારી આંખો બોલ્ડ અને ચમકતી હોય તો હોઠ ન્યુડ અને પેસ્ટલ રંગના હોવા જોઈએ.



# બીટથી દૂર થાય છે ટાલની સમસ્યા? બસ આ રીતે કરો ઉપયોગ

બીટ ના ફક્ત તમારી ત્વચા પરંતુ વાળને પણ સુંદર, ચમકદાર અને મજબૂત બનાવવામાં મદદગાર છે. તેની સબ્જીની ખાસ વાત એ છે કે જો તમે ટાલિયાપણાનો શિકાર છો તો તમે બીટના ખાસ હેર પેકનો ઉપયોગ કરી શકો છો.

**કેવી રીતે બનાવશો બીટનો હેર પેક?** | બીટ હેર પેકનું નામ સાંભળતાં જ કેવી રીતે બનશે, કેટલો ટાઈમ લાગશે, એવા પ્રશ્નોથી પરેશાન થવાના બદલે તમે અમે બતાવેલી રીત વડે બીટનો માસ્ક (How To Make Beetroot Hair Mask) બનાવી શકો છો.


**હેર પેકની સામગ્રી** | આ ખાસ હેર પેકને બનાવવા માટે તમારે બીટના અડધા કપ જ્યૂસ સાથે જ બે મોટી ચમચી આદુનો જ્યૂસ અને 2 મોટી ચમચી જેતૂનના તેલની જરૂર પડશે.

**હેર પેક કેવી બનાવશો?** | બીટ હેર પેક બનાવવા માટે તમે સૌથી પહેલાં એક બાઉલ લો અને તેમાં અડધો કપ બીટનો જ્યૂસ નાખો. ત્યારબાદ તમે તેમાં બે મોટી ચમચી આદુનો જ્યૂસ નાખો. ચમચી વડે હલાવ્યા બાદ તમે તેમાં તાત્કાલિક બે ચમચી જેતૂનનું તેલ મિક્સ કરો. હવે ફરી એકવાર તમે હલાવો એટલે મિશ્રણ સારી રીતે મિક્સ થઈ જાય. લો બસ તૈયાર થઈ ગયો તમારો બીટનો હેર પેક.

**આ રીતે મળશે ચમત્કારી ફાયદો** | મેડ ઈન હોમ બનાવવામાં આવેલા બીટ હેર પેકને તમે તમારા વાળ અને પૂરી સ્કેલ્પ પર સારી રીતે લગાવી શકો છો. બે મિનિટ માટે તેને આમ જ છોડી દો. ત્યારબાદ તમે હળવા હાથ વડે પોતાના માથાની ત્વચા અને વાળમાં બંનેની મસાજ કરો. પછી અડધા કલાક સુધી આ પેકને લગાવીને રાહ જુઓ આ દરમિયાન તમે તમારા ઘરના રોજિંદા કામ અથવા મ્યૂઝિક વગેરે સાંભળી શકો છો. જેવી ત્રીસ મિનિટ પુરી થઈ જાય તમે નોર્મલ પાણી વડે તમારા વાળને ધોઈ લો. સારા પરિણામ માટે તમે આ સ્પેશિયલ હેર પેકને અઠવાડિયામાં બે વાર લગાવો. તેનાથી તમારું ટાળિયાપણું અને હેર ફોલ બંનેની સમસ્યામાંથી છુટકારો મળી જશે.

# શિયાળામાં દરરોજ ખાવ એક કેળું, થશે ફાયદા...

બોડીને મસ્કુલર બનાવવા માટે લોકો કેળા પણ ખાય છે. જો તમે શિયાળામાં દરરોજ એક કેળું ખાવ છો તો તમારી સ્કીનને પણ તેના ફાયદા મળશે. શિયાળાની સિઝનમાં ત્વચા ડ્રાય થઈ જાય છે, જેનાથી ફેસ ગ્લો કરતો નથી, પરંતુ જો તમે દરરોજ એક કેળું ખાવાનું શરૂ કરી દો તો તમારા ચહેરાનો નિખાર ફરીથી પરત ફરી શકે છે. સ્કીન પર કેળું લગાવવાના પણ ઘણા ફાયદા ફાયદા થાય છે. કેળામાં પોટેશિયમ હોય છે જે શરીરમાં બ્લડ ફ્લોને વધારવામાં મદદ કરે છે, તો ચાલો જાણીએ કેળા ખાવાના ફાયદા.



## કેળા ખાવાના ફાયદા

શિયાળામાં દરરોજ એક કેળું ખાવાથી
તમને ઘણા ફાયદા થાય છે કારણ કે તેમાં ઘણા પોષક તત્વ હોય છે જે તમારી સ્કીનને ગ્લો કરવામાં મદદ કરે છે. તેમાં પોટેશિયલ હોય છે જે શરીરના બ્લડ ફ્લોને વધારવામાં મદદ કરે છે. તેનાથી ત્વચાની તમામ કોશિકાઓને ભરપૂર માત્રામાં ઓક્સિજન મળે છે. તેનાથી ત્વચા પર ગ્લો આવે છે.
આ કોલેજનનું લેવલ પણ વધારવામાં મદદગાર થાય છે. આ પ્રોટીન હોય છે, જે ત્વચાનું ટેક્સચર અને ફ્લેક્સિબિલિટી જાળવી રાખે છે. તેનાથી સ્કીન નેચરલ રીતે મુલાયમ બને છે.
કેળામાં મેંગનીઝ, મેગ્નીશિયમ અને વિટામીન-સી પણ હોય છે. જેથી સ્કીન સેલ્સને રિપેર કરવામાં મદદ મળે છે. તેનાથી સ્કીન પણ હેલ્થી રહે છે.

## સ્કીન પર લગાવો કેળું

જો શિયાળામાં તમે કેળા ખાતા નથી તો તમે સ્કીન પર પણ લગાવી શકો છો. તેનાથી તમે સ્કીનને હેલ્થી રાખી શકો છો. તેના માટે તમારે અડધુ કેળું મેશ કરવું પડશે અને તેમાં અડધી ચમચી મધ મિક્સ કરવું પડશે પછી તેમાં બે ચમચી દહી નાખો અને પેસ્ટ બનાવી લો. હવે આ પેસતને તમે તમારા ચહેરા અને ગરદન પર લગભગ 20 મિનિટ સુધી રહેવા દો અને સુકાઈ ગયા બાદ તેને નવશેકા પાણીથી ચહેરા અને ગરદન ધોઈ લો. તેનાથી તમારી ત્વચામાં મોઈશ્ચ્યુરાઈઝ રહેશે.

# હનીમૂન માટે બેસ્ટ છે ભારતની આ પૉકેટ ફ્રેન્ડલી રોમેન્ટિક જગ્યાઓ...


જો તમે પણ લગ્ન બાદ હનીમૂનનો પ્લાન કરી રહ્યા હોવ અને કોઈ એવી જગ્યા શોધી રહ્યા હોવ, જે રોમેન્ટિક હોય અને સસ્તી પણ હોય, તો આ લેખ ખાસ તમારા માટે જ છે. આ લેખમાં અમે તમને ભારતની કેટલીક એવી જગ્યાઓ અંગે જણાવી રહ્યા છીએ, જ્યાં તમે ઓછા ખર્ચે પણ હનીમૂનની ભરપૂર મજા માણી શકો છો. આ રોમેન્ટિક જગ્યાઓનો નજારો અદભુત હોય છે.

## ઉટી




ભારતમાં હનીમૂન માટે ઉટી સૌથી સુંદર જગ્યાઓમાંની એક છે. પર્વતોથી ઘેરાયેલ ઉટીમાં એક-એકથી ચડિયાતા સુંદર નજારા તમને જોવા મળશે. અહીં નિલગિરીની પહાડીઓમાં તમે પાર્ટનર સાથે શાંતિની કેટલીક સુંદર પળો પસાર કરી શકો છો. અહીં તમે કોઈપણ ઋતુમાં જઈ શકો છો. અહી પસાર કરેલ હનીમૂન તમને જીવનભર યાદ રહેશે. ઉટીમાં હનીમૂન માટે એક દિવસનો ખર્ચ લગભગ 2500-3000 હજારની વચ્ચે રહે છે. ઉટીમાં રોકાવા માટેની હોટેલ્સ - હોતેં મનેક્ક, ગ્રીન મૂન રેઝિડેન્સ, હોટલ લેન્ડમાર્ક અને હોટલ મીડો રેઝીડેન્સી વગેરે. ઉટીમાં ફરવાની જગ્યાઓ - ઉટીમાં ફરવા માટે એક-એકથી ચડિયાતી જગ્યાઓ છે. અહીં તમે ઉટી સરોવર, કારા ધોધ, બોટનિકલ ગાર્ડન અને કામરાજ સાગર સરોવર જગ્યાએ પાર્ટનર સાથે ફરી શકો છો.

## ધર્મશાલા



જો તમે હનીમૂન માટે હિમાચલ પ્રદેશમાં કોઈ જગ્યાએ ફરવા જવાનું વિચારી રહ્યા હોવ તો તમારે કુલ્લી મનાલીની જગ્યાએ ધર્મશાલા જવું જોઈએ. કહેવાય છે કે, ધર્મશાલા કુલ્લી-મનાલી કરતાં સારી, રોમેન્ટિક અને સસ્તી જગ્યા છે. અહીં તમે તમારા જીવનસાથી સાથે જીવનની સુંદર શરૂઆત કરી શકો છો. ધર્મશાલામાં હનીમૂન માટે એક દિવસનો ખર્ચ લગભગ 3000-4000 રૂપિયાની વચ્ચે રહે છે. ધર્મશાલામાં રોકાવા માટે હોટેલ્સ - કૃષ્ણા નિવાસ, શર્મા કૉટેજ એન્ડ હોટલ, ઝસ્મિશ કૉટેજ, મંડરા ટ્રી વિલા. ધર્મશાલામાં ફરવાની જગ્યાઓ - ધર્મશાલામાં ફરવા માટે એક-એકથી ચડિયાતી જગ્યાઓ છે, ભાગ્સૂ ફોલ્સ, યુદ્ધ સ્મારક, નામગ્યાલ મઠ, મસરૂક રૉક કટ મંદિર અને દલાઈ લામા મંદિર ફરવા માટે જઈ શકો છો.

## નૈનીતાલ



હનીમૂન માટે ઉત્તરાખંડમાં એક-એકથી ચડિયાતી જગ્યાઓ છે, પરંતુ જો તમે એવી જગ્યા શોધી રહ્યા હોવ, જે સસ્તી હોય અને રોમેન્ટિક પણ હોય તો તમારે નૈતીતાલ જવું જોઈએ. સમુદ્ર કિનારાથી લગભગ 900 કરતાં વધારે મીટર ઊંચાઈએ આવેલ નૈનીતાલ કુદરતી સુંદરતાથી ભરપૂર છે. દિલ્હી, હરિયાણા અને પંજાબથી અહીં સહેલાઈથી પહોંચી શકાય છે. નૈનીતાલમાં હનીમૂન માટે એક દિવસનો ખર્ચ લગભગ 2500-3500 રૂપિયાની વચ્ચે રહે છે. નૈનીતાલમાં રોકાવા માટે હોટેલ્સ - વુડેન પેરેડાઈઝ, હોટલ વિસ્ટા, ધ જંગલ હોમ, હોટલ રોયો ગ્રાન્ડ. નૈનીતાલમાં ફરવાની જગ્યાઓ - નૈની સરોવરમાં નૌકા વિકાર, ઈકો કેવ ગાર્ડન, ટિફિન ટૉપ, મૉડ રોડ, સ્નો વ્યૂ પૉઈન્ટ અને નૈના દેવી મંદિર.

## જૈસલમેર



જો તમે રાજસ્થાનની કોઈ જગ્યાએ હનીમૂન માટે જવા ઈચ્છતા હોવ તો પછી તમારે જૈસલમેર જવું જોઈએ. ગોલ્ડન સિટીના નામથી જાણીતું આ શહેર તમારા જીવનની શરૂઆત માટે ઉત્તમ છે. જૈસલમેરમાં તમે શાહી અંદાજમાં હનીમૂનનો પ્લાન કરી શકો છો. જૈસલમેરમાં હનીમૂન માટે એક દિવસનો ખર્ચ લગભગ 3500-4000 રૂપિયા હોય છે. જૈસલમેરમાં રોકાવા માટે હોટેલ્સ - સનરાઈઝ ડેઝર્ટ રિસોર્ટ, હોટલ અમર વિલા, હોટલ વૉનબીન સફારી, ધ ટર્બન હાઉસ. જૈસલમેરમાં ફરવાની જગ્યાઓ - જૈસલમેર કિલ્લો, બડા બાગ, પટવોની હવેલી, ગડિસર સરોવર અને જૈન મંદિર જેવી જગ્યાઓએ ફરવા જઈ શકો છો.



# ભૂખ્યા પેટે પ્રોટીન શેક પીવાથી થઇ શકે છે નુકશાન

આજકાલ લોકોમાં બૉડી બિલ્ડિંગનો ક્રેઝ બહુ જોવા મળે છે, ખાસ કરીને યુવાનોમાં. તેઓ બૉડી બનાવવા માટે પ્રોટીનશેક અલગ-અલગ પ્રકારનાં સપ્લીમેન્ટ્સ લેતા હોય છે. જિમમાં કસરત કરતા લોકો બૉડી બિલ્ડિંગ માટે પ્રોટીન પાવડર કે વ્હે પ્રોટીનનું સેવન કરે છે. મસલ્સ બનાવવા અને ઝડપથી બૉડી બિલ્ડિંગ માટે લોકો જિમમાં કસરત કર્યા બાદ પ્રોટીન શેકનું સેવન કરે છે. પરંતુ એક્સપર્ટની સલાહ વગર તેનું સેવન કરવાથી નુકસાન પણ થઈ શકે છે. બહુ વધારે માત્રામાં વ્હે પ્રોટીનનું સેવન કરવાથી તમને ઘણી સમસ્યાઓ થઈ શકે છે. કેટલાક લોકો ભૂખ્યા પેટે વ્હે પ્રોટીનનું સેવન કરે છે, જેના કારણે તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

## ભૂખ્યા પેટે વ્હે પ્રોટીન લેવાથી થતાં નુકસાન

વ્હે પ્રોટીન એ એવું સપ્લીમેન્ટ છે, જેનો ઉપયોગ આજકાલ બૉડી બિલ્ડિંગ અને મસલ્સ બનાવવા માટે સૌથી વધારે ઉપયોગ થાય છે. વ્હે પ્રોટીનમાં પ્રોટીન દૂધ અને દૂધમાંથી બનેલ ઉત્પાદનોમાંથી મળતું પ્રોટીન હોય છે. બૉડી બિલ્ડિંગ કરતા લોકો તેનું ચોક્કસથી સેવન કરતા હોય છે. મોટાભાગના લોકો જિમ કતાં પહેલાં તેનું સેવન કરે છે. પરંતુ સવારે ભૂખ્યા પેટે વ્હે પ્રોટીનનું સેવન કરવાથી ઘણાં નુકસાન થઈ શકે છે.

## પેટ સંબંધિત મુશ્કેલીઓ વધી શકે છે

સવારે ભૂખ્યા પેટે પ્રોટીનનું સેવન કરવાથી પેટ સાથે સંકળાયેલ ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. ભૂખ્યા પેટે તેના સેવનથી કબજિયાત અને અપચા જેવી સમસ્યાઓ થઈ શકે છે. પેટની સમસ્યાઓથી બચવા માટે સવારે ભૂખ્યા પેટે વ્હે પ્રોટીનનું સેવન ન કરવું જોઈએ. વ્હે પ્રોટીન અને બૉડી બિલ્ડિંગ સપ્લીમેટ્સનું સેવન હંમેશાં સંતુલિત માત્રામાં જ કરવું જોઈએ. આ ઉપરાંત આ વસ્તુઓનું સેવન હંમેશાં ડૉક્ટર કે એક્સપર્ટની સલાહ અનુસાર જ કરવું જોઈએ. જિમ કે બૉડી બિલ્ડિંગ કરતા લોકોએ પણ તેનું સંતુલોત માત્રામાં જ સેવન કરવું જોઈએ.

## બની શકે છે વિષાક્ત

સવારે ભૂખ્યા પેટે વ્હે પ્રોટીનનું સેવન કરવાથી શરીરમાં વિષાક્ત પદાર્થ વધી શકે છે. પ્રોટીન પાવડર બનાવવા માટે મોટી માત્રામાં ટૉક્સિક મેટલ્સનો ઉપયોગ કરવામાં આવે છે. ભૂખ્યા પેટે તેનું સેવન કરવાથી ઘણી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. ઘણાં સંશોધનોમાં આ બાબતો સાબિત થઈ ગઈ છે કે, ભૂખ્યા પેટે વ્હે પ્રોટીનનું સેવન કરવાથી તમને માથાનો દુખાવો, માંસપેશીઓમામ દુખાવાની સમસ્યા થઈ શકે છે.

## થઈ શકે છે ગઠિયાની સમસ્યા

વ્હે પ્રોટીનમાં એમિનો એસિડની માત્રા બહુ વધારે હોય છે, જેના કારણે ગઠિયા એટલે કે ગાઉટની સમસ્યા થવાનો ખતરો વધી જાય છે. જે લોકો ગઠિયાના દર્દી હોય, તેમને વ્હે પ્રોટીનનું સેવન ન કરવું જોઈએ.

## કિડનીમાં પથરીની સમસ્યા

સવારે ભૂખ્યા પેટે બહુ વધારે માત્રામાં વ્હે પ્રોટીનનું સેવન કરવાથી કિડનીમાં પથરીની સમસ્યા થવાનો ખતરો રહે છે, કારણકે પ્રોટીનના વધારે પડતા સેવનથી કિડનીને નુકસાન થાય છે. જે લોકોને પહેલાંથી જ પથરીની સમસ્યા સતાવતી હોય, તેમણે વ્હે પ્રોટીનનું સેવન કરતાં પહેલાં એકવાર ડૉક્ટર કે એક્સપર્ટની સલાહ ચોક્કસથી લેવી જોઈએ.

## ખીલ અને ત્વચા સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે

વ્હે પ્રોટીનનું બહુ વધારે માત્રામાં સેવન કરવાથી ત્વચા સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. જેના કારણે તમને ખીલની સમસ્યા થઈ શકે છે. સવારે ભૂખ્યા પેટે તેનું સેવન કરવાથી ખીલ અને ત્વચા સંબંધિત મુશ્કેલીઓ થઈ શકે છે.

# ભારતીય ક્રિકેટમાં મહેન્દ્ર સિંહ ધોનીની થશે વાપસી



ગુજરાત | વંદન


ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ICC T20 વર્લ્ડ કપ સેમિફાઈનલમાંથી બહાર નીકળ્યા અને મોટી ટૂર્નામેન્ટોમાં સતત નિષ્ફળતા બાદ મોટો ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. આ તૈયારીઓ વચ્ચે BCCI ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને મોટી જવાબદારી સોંપવા જઈ રહ્યું છે.

મળતી માહિતી પ્રમાણે BCCI ભારતીય T20 ક્રિકેટના સેટઅપ સાથે મોટી ભૂમિકા માટે ધોનીને SOS મોકલવા માટે તૈયાર છે. BCCI ભારતીય ક્રિકેટમાં સ્થાયી ભૂમિકા માટે ધોનીને બોલાવવાનું વિચારી રહ્યું છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલને લાગી રહ્યું છે કે, ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ રાહુલ દ્રવિડ માટે ત્રણેય ફોર્મેટમાં મેનેજમેન્ટનું કામ કરવું થોડું ભારે છે.

BCCI કોચિંગની ભૂમિકાઓને વિભાજિત કરવા પર વિચાર કરી રહી છે. આ જોતા BCCI ધોનીને સામેલ કરવા અને ટીમ ઈન્ડિયાનું સ્તર ઉંચુ કરવાના પ્રયાસો કરી રહી છે. અહેવાલો અનુસાર, આ મહિનાના અંતમાં યોજાનારી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવશે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે મહેન્દ્ર સિંહ ધોની IPL 2023ની રમતમાંથી સંન્યાસ લઈ શકે છે. જે બાદ BCCI તેને તેના અનુભવ અને ટેકનિકનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની મોટી જવાબદારી આપી શકે છે. ભારતને બે વખત વર્લ્ડ કપ ચેમ્પિયન બનાવનાર મહેન્દ્ર સિંહ ધોનીને ખાસ કરીને ટીમ ઈન્ડિયા સાથે T20 ટીમ ચલાવવા માટે કહેવામાં આવી શકે છે.

જોકે, ધોનીને ક્યારે અને કયા ફોર્મેટમાં જવાબદારી સોંપવામાં આવશે તે અંગે બીસીસીઆઈ દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મહત્વનું છે કે,આ મહિનાના અંત સુધીમાં BCCI એપેક્સ કાઉન્સિલની બેઠકમાં ધોનીની ભૂમિકા પર ચર્ચા કરવામાં આવશે.

## ‘આગામી વર્ષે ભારતમાં વર્લ્ડ કપનો ખિતાબ જીતીશું’: શોએબ



ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ટી20 વર્લ્ડ કપ 2022ની લડત પૂર્ણ થઈ ગઈ છે. રવિવારે પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે રોમાંચક ફાઈનલ મેચ રમાઈ. જેમાં ઈંગ્લિશ ટીમે 5 વિકેટથી જીત નોંધાવી બીજીવાર ખિતાબ જીત્યો. આ સાથે પાકિસ્તાનનુ બીજીવાર ખિતાબ જીતવાનુ સપનુ તૂટી ગયુ.

હવે પાકિસ્તાની દિગ્ગજ અને ફેન્સને આશા છે કે આગામી વર્ષે ભારતની મેજબાનીમાં થનારા વનડે વર્લ્ડ કપમાં ખિતાબ જીતીશુ. સ્પષ્ટ છે કે તમામ અફવા વચ્ચે પાકિસ્તાન ટીમનો ભારત પ્રવાસ નક્કી છે. આ આશા પૂર્વ પાકિસ્તાની ફાસ્ટ બોલર શોએબ અખ્તરે પણ વ્યક્ત કરી છે.

રાવલપિંડી એક્સપ્રેસ નામથી મશહૂર શોએબ અખ્તરે ટ્વીટર પર એક વીડિયો શેર કર્યો. જેમાં તેમણે કહ્યુ કે પાકિસ્તાન ટીમ ફાઈનલમાં હારી છે, આનાથી નિરાશા છે. દુખી પણ છે પરંતુ કંઈ વાંધો નહીં આગામી વર્ષે ભારતમાં વર્લ્ડ કપ ખિતાબ જીતીશુ. આ પ્રકારે અખ્તરે આશા વ્યક્ત કરી છે કે આગામી વર્ષે પાકિસ્તાન ટીમ ભારત આવશે અને વર્લ્ડ કપ રમશે.

શોએબ અખ્તરે કહ્યુ, પાકિસ્તાન વર્લ્ડ કપ હારી ગઈ છે પરંતુ પાકિસ્તાન ટીમ તમે શાનદાર કામ કર્યુ છે. સમગ્ર વર્લ્ડ કપમાં શાનદાર બોલિંગ કરી અને પાકિસ્તાનને ફાઈનલમાં પહોંચાડ્યા. નસીબ પણ હતુ, તમે સારુ રમીને ફાઈનલમાં પહોંચ્યા. કોઈ વાંધો નહીં.




## ઈંગ્લેન્ડે બીજીવાર ટી-20 વર્લ્ડકપ જીત્યો : પાકિસ્તાનનું સ્વપ્ન રોળાયું

■ સેમ કરનની ૧૨ રનમાં ૩ વિકેટ બાદ સ્ટોક્સ પ૨* રન

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડે ચુસ્ત બોલિંગ બાદ સ્ટોક્સની અણનમ પ૨ રનની ઈનિંગની મદદથી પાકિસ્તાનને એક ઓવર બાકી હતી, ત્યારે પાંચ વિકેટથી હરાવીને બીજીવાર ટી-૨૦ વર્લ્ડકપ જીતી લીધો હતો. જીતવા માટેના ૧૩૮ના ટાર્ગેટને ઈંગ્લેન્ડે ૧૯ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને પાર પાડયો હતો. સેમ કરનને ૧૨ રનમાં રિઝવાન, મસૂદ અને વસીમની મહત્વની વિકેટ ઝડપવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામા આવ્યો હતો. તે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ પણ બન્યો હતો. ઈંગ્લેન્ડ અગાઉ ૨૦૧૦માં પણ વર્લ્ડકપ જીત્યું હતુ.

મેલબોર્નમાં રમાયેલી ફાઈનલમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પાકિસ્તાનને બેટિંગમા ઉતાર્યું હતુ. મસૂદના ૩૮ અને બાબરના ૩૨ની મદદથી પાકિસ્તાન ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૭ રન સુધી જ પહોંચી શક્યુ હતુ. કરને ૩ અને રાશિદ-જોર્ડને ૨-૨ વિકેટ ઝડપી હતી. જવાબમાં ઈંગ્લેન્ડે સ્ટોક્સના ૪૯ બોલમાં અણનમ પ૨ તેમજ બટલરના ૨૬, બ્રૂકના ૨૦ અને મોઈનના ૧૯ રનની મદદથી ૧૯ ઓવરમાં જ પાંચ વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી લીધી હતી.

## વિરાટ કોહલીએ વર્લ્ડ કપના ઈતિહાસમાં વધુ એક રેકોર્ડ

■ સૌથી વધુ 50+ રનની ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ બનાવ્યો



### T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવ્યા

આ વર્લ્ડ કપમાં કોહલીએ T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ રન પણ પૂરા કર્યા. તેણે શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટર મહેલા જયવર્દનેને પાછળ છોડીને આ રેકોર્ડ બનાવ્યો. કોહલીએ ટી20 વર્લ્ડ કપમાં અત્યાર સુધી 1141 રન બનાવ્યા છે. તેણે 81.50ની એવરેજથી રન બનાવ્યા છે.

ગુજરાત | વંદન

વિરાટ કોહલી દરરોજ કોઈને કોઈ નવા રેકોર્ડ પોતાના નામે કરતો રહે છે. મોટા રેકોર્ડ બનાવવો તેની આદતનો ભાગ બની ગયો હોય તેમ લાગે છે. આ વર્લ્ડ કપમાં શાનદાર ઈનિંગ્સ રમીને તેણે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ 50+ રનની ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ બનાવ્યો છે. વિરાટ કોહલી આવું કરનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. કોહલીએ આ T20 વર્લ્ડ કપમાં પણ શાનદાર બેટિંગ કરી છે.

આ T20 વર્લ્ડ કપમાં વિરાટ કોહલીએ 6 ઈનિંગ્સમાં 98.67ની એવરેજથી 296 રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 136.41 રહ્યો છે. તેની ઈનિંગ્સમાં 4 અડધી સદી સામેલ છે. આમાં તેનો ઉચ્ચ સ્કોર 82* હતો. આ સાથે જ તે 3 વખત નોટઆઉટ પરત ફર્યો છે. આ પહેલીવાર નથી જ્યારે કોહલી T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો હોય. તેણે આ પહેલા 2014 ટી20 વર્લ્ડ કપમાં 319 અને 2016માં 296 રન બનાવ્યા હતા. બંને વખત તેને ‘પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ’નો એવોર્ડ મળ્યો હતો.

આ વર્લ્ડ કપમાં તેણે તેના T20 ઈન્ટરનેશનલમાં 4000 રન પૂરા કર્યા. વિરાટ કોહલી T20 ઈન્ટરનેશનલમાં આ આંકડાને સ્પર્શનાર પ્રથમ ખેલાડી બની ગયો છે. અત્યાર સુધી ટી20 ઈન્ટરનેશનલમાં તેની એવરેજ 52.73 રહી છે. આ જ રીતે તેનો સ્ટ્રાઈક રેટ 137.96 રહ્યો છે. આ સિવાય તેણે 1 સદી અને 37 અડધી સદી ફટકારી છે.

## ઈન્ડિયાની હાલત કેવી રીતે સુધરી શકે: કુંબલે



ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપ 2022માં ટીમ ઈન્ડિયાના પ્રદર્શનને જોતા પૂર્વ ભારતીય કેપ્ટન અનિલ કુંબલેએ એક અલગ જ માંગ કરી છે. અનિલ કુંબલેનું માનવું છે કે, ભારતમાં લાલ અને સફેદ બોલની ક્રિકેટ માટે અલગ-અલગ ટીમ હોવી જોઈએ. ટીમ ઈન્ડિયા સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ ઓસ્ટ્રેલિયામાં રમાયેલા T20 વર્લ્ડ કપ 2022માંથી બહાર થઈ ગઈ હતી.

ભારતના ભૂતપૂર્વ કોચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતે ટેસ્ટ અને વ્હાઈટ બોલ ક્રિકેટ માટે અલગ ટીમો રાખવાના વિચાર સાથે આગળ વધવું પડશે. તેણે કહ્યું, “ચોક્કસપણે, તમારે અલગ-અલગ ટીમોની જરૂર છે. તમારે ચોક્કસપણે T20 નિષ્ણાત ખેલાડીઓની જરૂર છે.” કુંબલેએ કહ્યું કે, ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા ઓલરાઉન્ડરોમાં વધુ રોકાણ કરવું જોઈએ.

અનિલ કુંબલેએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, “મને લાગે છે કે, આ ઈંગ્લિશ ટીમ અને છેલ્લી (T20) વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ પણ બતાવ્યું છે કે, તમારે ઘણા બધા ઓલરાઉન્ડરોમાં રોકાણ કરવાની જરૂર છે. બેટિંગ ઓર્ડર જુઓ. લિયામ લિવિંગસ્ટોન નંબર 7(માર્કસ ) થી બેટિંગ કરી રહ્યો છે. અન્ય કોઈ ટીમ પાસે લિવિંગસ્ટોનની ગુણવત્તામાં નંબર 7 નથી.

## તલાકની ચર્ચાઓ વચ્ચે શોએબે સાનિયા મિર્ઝાને બર્થ ડે વિશ કરી



■ તલાકની ખબરો વચ્ચે સાનિયા-શોએબ એકસાથે એક ટોક શોમાં નજર આવશે

ગુજરાત | વંદન

તલાકની ચર્ચાઓ વચ્ચે શોએબ મલિકે સાનિયા મિર્ઝાને તેના જન્મ દિવસ પર અભિનંદન પાઠવ્યા છે. શોએબે જન્મદિવસના અભિનંદન પાઠવી તે તમામ અટકળો પર વિરામ લગાવવાનો પ્રયત્ન કર્યો છે જે હાલના દિવસમાં સોશિયલ માડિયા પર ચર્ચામાં છે. પાકિસ્તાની ક્રિકેટર શોએબે સાનિયાને બર્થ ડે વિશ કરતા તસવીર પણ શેર કરી છે. આ ઉપરાંત આ તલાકની ખબરો વચ્ચે સાનિયા અને શોએબ એક ટોક શો લઈને પણ આવી રહ્યા છે. એવી પણ માહિતી મળી રહી છે કે, સોશિયલ મીડિયા પર જે ખબરો આવી હતી તે આ શો માટે જ હતી. જેના કારણે શો ને વધુમાં વધુ પબ્લિસિટી મળી શકે. તેમના તલાકની ચર્ચાઓ વચ્ચે બંનેએ સોશિયલ મીડિયા પર કે મીડિયામાં આ વિશે ક્યારેય વાત નથી કરી.

શોએબે સાનિયા સાથે તસવીર શેર કરીને કેપ્શનમાં લખ્યું કે, તમને જન્મદિવસ મુબારક સાનિયા. તામારા સારા સ્વાસ્થ્ય અને સુખી જીવનની કામના કરું છું. તામરો દિવસ ખુશી સાથે પસાર થાય. સાનિયાનો જન્મ 15 નવેમ્બર 1986ના રોજ થયો હતો.

## ફૂટબોલે બદલ્યું ભારતના આ ગામનું ભાગ્ય! દરેક ઘરમાં પૈસાનો વરસાદ

ગુજરાત | વંદન

સિસોલા બુઝર્ગ ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં આવેલું એક ગામ છે. આ ગામમાંથી કોઈ ફૂટબોલ સ્ટાર નીકળ્યો નથી, છતાં ફૂટબોલે આ ગામની કિસ્મત બદલવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ભલે અહીં કોઈ ફૂટબોલ કેવી રીતે રમવું તે જાણતું નથી, પરંતુ અહીંના દરેક રહેવાસી ફૂટબોલ બનાવવામાં નિષ્ણાત છે. 3,000 પરિવારોના આ ગામમાં દરેક ઘરમાં ફૂટબોલ બને છે અને અહીં બેરોજગારીનું કોઈ નામ નથી. ફૂટબોલ બનાવવાના કારણે અહીંથી કોઈ પણ વ્યક્તિ રોજગાર માટે બીજે ક્યાંય નથી જતો.



એક રિપોર્ટ અનુસાર, લોકો અહીં 40 વર્ષથી વધુ સમયથી ફૂટબોલ બનાવી રહ્યા છે. શરૂઆતના તબક્કામાં 4-5 લોકો કલાપ્રેમી તરીકે આ કામ કરતા હતા. ધીરે ધીરે તેમનો આ શોખ નોકરીમાં ફેરવાઈ ગયો. તેમને ઓર્ડર મળવા લાગ્યા. બજારો મળવા લાગ્યા. પછી ફૂટબોલ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ, તે હજુ પણ અવિરતપણે ચાલુ છે.

સિસોલા બુઝર્ગ ગામમાં દર વર્ષે 11 લાખથી વધુ ફૂટબોલ બનાવવામાં આવે છે. ગામની એક મહિલાએ જણાવ્યું કે તે 20 વર્ષથી વધુ સમયથી ફૂટબોલ બનાવી રહી છે.

ચામડાની સ્ટિચિંગ અને કટિંગમાં નિષ્ણાત એક વિદ્યાર્થીનીએ જણાવ્યું કે આ કામ રોકડિયા પાક જેવું છે. આમાં પૈસા તરત જ મળી જાય છે અને ખેતી કરતાં પણ વધુ આવક થાય છે. આ અમને અમારા અભ્યાસમાં મદદ કરે છે. ગામના ઘણા વિદ્યાર્થીઓ ફૂટબોલ સીવીને તેમની ફી ભરે છે. આ જ કારણ છે કે ગામના લોકોએ અન્ય કામોને બદલે ફૂટબોલ બનાવવાને પોતાનું મુખ્ય કાર્ય બનાવ્યું છે.

## શું હાર્દિક પંડ્યા બની શકે છે ભારતનો આગામી કેપ્ટન, જાણો શું છે કેન વિલિયમ્સનની પ્રતિક્રિયા

■ T20 વર્લ્ડ કપ 2022માં હાર્દિક પંડ્યાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપની ફાઈનલમાં જગ્યા બનાવવામાં નિષ્ફળ રહ્યા બાદ ટીમ ઈન્ડિયા નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરી રહી છે. ટીમ ઈન્ડિયા ટી-20 અને વનડે શ્રેણી દ્વારા આવતા વર્ષે યોજાનારી વનડે શ્રેણી અને 2024માં યોજાનાર ટી-20 વર્લ્ડ કપની રાહ જોઈ રહ્યાં છે. ભૂતપૂર્વ ક્રિકેટરો અને ક્રિકેટ નિષ્ણાતો 2024માં યોજાનાર T20 વર્લ્ડ કપ માટે હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવવાના પક્ષમાં છે. આ અંગે ન્યૂઝીલેન્ડના કેપ્ટન કેન વિલિયમસને પોતાનો અભિપ્રાય આપ્યો છે.

જોકે, પસંદગીકારોએ હજુ ઓસ્ટ્રેલિયામાં ભારતના વર્લ્ડ કપ અભિયાનનું મૂલ્યાંકન કરવાનું બાકી છે અને કેપ્ટન તરીકે રોહિતના ભાવિ પર નિર્ણય લેવાનો છે. તેને ન્યૂઝીલેન્ડના પ્રવાસમાં આરામ આપવામાં આવ્યો છે અને આવી સ્થિતિમાં કેપ્ટન હાર્દિક પંડ્યા અને શિખર ધવન 18 નવેમ્બરથી ન્યૂઝીલેન્ડમાં શરૂ થનારી વનડે ટીમની કેપ્ટનશિપ કરતા જોવા મળશે.



હાર્દિક પંડ્યા ટી20 ક્રિકેટમાં કેપ્ટન તરીકે અસરકારક રહ્યો છે. તેણે આ વર્ષની શરૂઆતમાં ગુજરાત ટાઈટન્સને તેમની પ્રથમ IPL ટ્રોફી જીતાડવામાં મદદ કરી હતી. પંડ્યાએ આયર્લેન્ડ સામેની ટી20 શ્રેણીમાં પણ ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી હતી અને દેશ માટે શ્રેણી જીતી હતી. T20 વર્લ્ડ કપ 2022માં પણ હાર્દિક પંડ્યાનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. તેણે બોલ અને બેટ સાથે સારો દેખાવ કર્યો.

સીરિઝ પહેલા પ્રાઈમ વિડિયો પર બોલતા કેન વિલિયમસને હાર્દિક પંડ્યાના ભવિષ્યમાં કેપ્ટન બનવા વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે, “હાર્દિક દેખીતી રીતે જ રમતનો સુપરસ્ટાર છે. હું તેની સામે અનેક પ્રસંગોએ રમ્યો છું. તે સૌથી મોટામાંનો એક છે. વિશ્વના મેચ વિનર.” સૌથી મોટો તફાવત એ છે કે તે ઓલરાઉન્ડર છે, તેની બોલિંગ ખરેખર સારી છે.”

સફળતા શ્રીલંકા સામે રમાયેલી શ્રેણીમાં પણ ટીમ ઈન્ડિયાના મેનેજર તરીકે ઉમદા ભૂમિકા ભજવી હતી

## SCA પ્રમુખ જયદેવભાઈ શાહ ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે બન્યા ઈન્ડિયાના મેનેજર

ગુજરાત | વંદન

ટી-20 વર્લ્ડકપ બાદ હવે ટીમ ઈન્ડિયા ન્યુઝીલેન્ડ સામે રમાનારી શ્રેણીની તૈયારીમાં વ્યસ્ત બની ગઈ છે. વર્લ્ડકપમાં મળેલા પરાજય બાદ તે હારને ભૂલાવીને ટીમ હવે નવા અભિયાન તરફ આગળ વધી રહી છે. આ માટે ઑસ્ટ્રેલિયામાં રહેલા મોટાભાગના ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ન્યુઝીલેન્ડ પહોંચી ગયા છે તો વર્લ્ડકપ ટીમમાં સામેલ ન હોય તેવા ખેલાડીઓ પણ ન્યુઝીલેન્ડ જવા માટે રવાના થઈ ગયા છે.

દરમિયાન અત્યંત મહત્ત્વની ગણાતી આ શ્રેણી માટે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવભાઈ શાહને ટીમના મેનેજરની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવતાં તેઓ પણ ટીમ સાથે જ રવાના થઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

વધુમાં જાણવા મળતી વિગતો પ્રમાણે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી 18 નવેમ્બરથી શરૂ થઈ રહી છે. આ શ્રેણીમાં ત્રણ ટી-20 અને ત્રણ વન-ડે મુકાબલા રમાશે જેમાં ટી-20 શ્રેણી પહેલાં શરૂ થશે જેની કમાન હાર્દિક



પંડ્યા સંભાળશે. જ્યારે વન-ડે ટીમની કમાન શિખર ધવનને સોંપવામાં આવી છે. આ શ્રેણીમાં સીનિયર ખેલાડીઓ રોહિત શર્મા, વિરાટ કોહલી, લોકેશ રાહુલ સહિતનાને આરામ આપવામાં આવ્યો છે. જ્યારે કોચ તરીકે દ્રવિડને જગ્યાએ વીવીએસ લક્ષ્મણને જવાબદારી સોંપવામાં આવી છે.

આ ટીમના મેનેજર તરીકે ફરી જયદેવભાઈ શાહની પસંદગી કરવામાં આવતાં તેઓ પણ ન્યુઝીલેન્ડ માટે રવાના થઈ ચૂક્યા છે. જયદેવભાઈ શાહે આઈપીએલ પહેલાં શ્રીલંકા સામે રમાયેલી શ્રેણીમાં પણ ટીમ ઈન્ડિયાના મેનેજર તરીકે ઉમદા ભૂમિકા ભજવી હતી. આ શ્રેણીમાં ટીમ ઈન્ડિયા વિજયી થયા બાદ કેપ્ટન રોહિત શર્મા દ્વારા કોઈ નવોદિત કે યુવા ખેલાડીને નહીં બલ્કે જીતની ટ્રોફી જયદેવભાઈ શાહને સોંપીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

એક અહેવાલ પ્રમાણે રોહિત શર્માએ ત્યારે જયદેવભાઈ શાહને ‘લક્કીચાર્મ’ ગણાવ્યા હતા. હવે જયદેવભાઈ શાહની ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે મેનેજર તરીકે પસંદગી થઈ છે ત્યારે ટીમ ઈન્ડિયા આ શ્રેણીમાં પણ જ્વલંત જીત મેળવશે જ તેવો આશાવાદ અત્યારથી જ વ્યક્ત થવા લાગ્યો છે.

## ટી-20 વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડે ટાર્ગેટ ચેઝ કરીને અનોખો રેકોર્ડ સર્જ્યો

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડે પાકિસ્તાન સામે પાંચ વિકેટથી જીત હાંસલ કરી હતી. આ સાથે ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં સળંગ ચોથીવાર ટાર્ગેટ ચેઝ કરનારી ટીમ વિજેતા બની હતી. ૨૦૧૪ના ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં શ્રીલંકાએ ભારતને છ વિકેટથી હરાવ્યું હતુ. ૨૦૧૬માં વિન્ડિઝે ઈંગ્લેન્ડને ચાર વિકેટથી અને ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયાએ ૮ વિકેટથી ન્યુઝીલેન્ડને ફાઈનલમાં



હરાવ્યું હતુ. અત્યાર સુધી રમાયેલી ૮ ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં છ વાર ટાર્ગેટ ચેઝ કરનારી ટીમ જીતી હતી. ૨૦૦૭માં ભારતે પાકિસ્તાન સામે પાંચ રનથી અને ૨૦૧૨માં વિન્ડિઝે શ્રીલંકા સામે ૩૬ રનથી જીત હાંસલ કરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# ટ્વિટરે ફરી એકવાર સપાટો બોલાવ્યો કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા 4400 કર્મીઓને ઘરભેગા કરી દીધા

ગુજરાત | વંદન

ટ્વિટરને ટેકઓવર કર્યા બાદ કંપનીમાં છટણીનો સિલસિલો હજૂ પણ ચાલું છે. એલન મસ્કે ફરી એક વાર ટ્વિટરમાં માસ લેવલ પર છટણી કરી છે. ગત અઠવાડીયે ટ્વિટરે 50 ટકા એટલે કે, 3800 કર્મચારીઓને કાઢી મુક્યા હતા. ત્યારે હવે ફરી એક વાર કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા કર્મચારીઓને ઘરભેગા કરી દીધા છે. એલન મસ્કે કથિત રીતે કોન્ટ્રાક્ટ બેસ પર કામ કરી રહેલા 4400 કર્મચારીઓને કાઢી મુક્યા છે.

Platformer અને Axiosના રિપોર્ટ અનુસાર જોઈએ તો માઈક્રો-બ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટર હવે તે કર્મચારીઓની છટણી કરી રહ્યા છે, જે અનુબંધ પર છે. પ્લેટફોર્મરે કેસી ન્યૂટને ટ્વિટ કર્યું છે, એવું જાણવા મળ્યું છે કે, અમેરિકા અને વિદેશ બંને જગ્યા પર મોટી સંખ્યામાં કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા ટ્વિટર સ્ટાફને આજે બપોરથી કોઈ પણ સૂચના આપ્યા વિના હટાવી દેવામાં આવ્યા છે.

અઠવાડીયાના અંતમાં શરુ થયેલી આ છટણીની નવી લહેર પર હજૂ સુધી ટ્વિટર કે એલન મસ્કે કોઈ પ્રતિક્રિયા આપી નથી. કેટલાય લોકોને એવો અનુભવ થયો છે કે, હવે તેઓ આ કંપનીનો ભાગ નથી. કારણ કે તેઓ અચાનક જ ટ્વિટરની ઈંટરનલ સિસ્ટમ પણ ખોઈ ચુક્યા છે. ટ્વિટરે ઈંટરનલ સ્કેલ મેસેજિંગ પ્લેટફોર્મમાં પોસ્ટ પર એક સ્ટાફે કહ્યું કે, અમારી સાથે કામ કરનારા એક કોન્ટ્રાક્ટર્સમાંથી એક ચાઈલ્ડ સેફ્ટી વર્કફ્લોઝ વિના કોઈ નોટિફિકેશને હટાવી દેવામાં આવ્યા છે.

## ઇતિહાસના પાનામાંથી...

17 નવેમ્બરની મહત્વની ઘટનાઓ...

1278 નકલી ચલણ રાખવા બદલ ઈંગ્લેન્ડમાં 680 યહૂદીઓની ધરપકડ તેમાંથી 293ને ફાંસી

1525 મુઘલ શાસક બાબરે ભારતને જીતવા પાંચમી વખત સિંધમાં પ્રવેશ કર્યો.

1831 એક્વાડોર અને વેનેઝુએલા ગ્રેટર કોલમ્બિયાથી અલગ થયા.

1869 ઈંગ્લેન્ડના જેમ્સ મૂરે પ્રથમ 13,000 કિમી લાંબી સાયકલ રેસ જીતી.

1932 ત્રીજી ગોળમેજી પરિષદ શરૂ થઈ.

1933 અમેરિકા સોવિયત યુનિયનને માન્યતા આપતા વેપાર કરવા સંમત થયું.

1966 ભારતની રીટા ફારિયાએ મિસ વર્લ્ડનો ખિતાબ જીત્યો. મિસ વર્લ્ડ બનનાર પ્રથમ એશિયન

1970 સોવિયેત અવકાશયાન 'લુનાખોડ-1' ચંદ્રની સપાટી પર ઉતર્યું..

1993 અમેરિકાએ "નોર્થ અમેરિકા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ" (NAFTA)ને મંજૂરી આપી.

1999 યુનેસ્કોએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસને મંજૂરી આપી.

2006 યુએસ સેનેટે ભારત-યુએસ પરમાણુ સંધિને મંજૂરી આપી.

2007 જાફનામાં શ્રીલંકાના દળો સાથેની અથડામણમાં 11 લિબરેશન ટાઈગર્સ ઠાર

2008 ચંદ્રયાન-1ની સફળતા બાદ કેન્દ્ર સરકારે ચંદ્રયાન-2ને મંજૂરી આપી.

2012 ઈજિપ્તના મેઈનફોલ્ટ પ્રદેશ નજીક ટ્રેન અકસ્માતમાં 50 વિદ્યાર્થીઓના મોત.

2013 રશિયાના કાઝાન એરપોર્ટ પર વિમાન ક્રેશ થતાં 50 લોકો માર્યા ગયા.

17 નવેમ્બરે જન્મેલા લોકો...

1952 - સિરિલ રામાફોસા - દક્ષિણ આફ્રિકાના પાંચમા રાષ્ટ્રપતિ.

1900 - પદ્મજા નાયડુ - ભારતીય રાજકારણી શ્રીમતી સરોજિની નાયડુની પુત્રી,

17 નવેમ્બરના રોજ અવસાન થયું..

2020 મોહનજી પ્રસાદ - હિન્દી અને ભોજપુરી ફિલ્મોના દિગ્દર્શક

2018 કુલદીપ સિંહ ચાંદપુરી - ભારતીય સેનાના એક બહાદુર લશ્કરી અધિકારી

2016 શ્રીનિવાસ કુમાર સિંહા - અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ.

2015 અશોક સિંઘલ - 'વિશ્વ હિન્દુ પરિષદ' (VHP)ના પ્રમુખ .

2012 બાળ ઠાકરે રાજકારણી અને શિવસેનાના સ્થાપક.

2007 રઘુનંદન સ્વરૂપ પાઠક - ભારતના ભૂતપૂર્વ 18મા મુખ્ય ન્યાયાધીશ.

1962 જસવંત સિંહ રાવત - ભારતીય સેનાના બહાદુર સૈનિકોમાંના એક

1928 લાલા લજપત રાય, સ્વાતંત્ર્ય સેનાની.

17 નવેમ્બરના મહત્વના પ્રસંગો અને ઉજવણીઓ..

રાષ્ટ્રીય પુસ્તક દિવસ (સપ્તાહ)

નવજાત દિવસ (અઠવાડિયું)

વિશ્વ વિદ્યાર્થી દિવસ

## ભારતીય મૂળના નાગરિકો હવે કેનેડાના લશ્કરમાં જોડાઈ શકશે, નિયમો બદલાયા

ગુજરાત | વંદન

કેનેડાના લશ્કરમાં હવે ભારતીય મૂળના નાગરિકો પણ ભરતી થઈ શકશે. કેનેડાની સરકારે સૈન્યની ભરતી પ્રક્રિયામાં પરિવર્તન કર્યું હોવાથી વિદેશી નાગરિકોને સૈન્યમાં જોડાવાનો માર્ગ મોકળો થયો છે. કેનેડાના પીઆર મેળવ્યા પછી ઓછામાં ઓછાં ૧૦ વર્ષ સુધી દેશમાં રહેનારા વિદેશી નાગરિકો સૈન્ય માટે યોગ્ય ગણાશે.

કેનેડાના લશ્કરમાં સૈનિકોની ભારે અછત સર્જાઈ છે. સૈન્યમાં સૈનિકોથી લઈને ઉચ્ચ અધિકારીઓના પદો ખાલી પડયા છે ને યોગ્ય ઉમેદવારો મળતા ન હોવાથી વર્ષોવર્ષ જગ્યા ખાલી પડી રહે છે. પાંચેક વર્ષ પહેલાં જ કેનેડાના લશ્કરમાં વિદેશી મૂળના નાગરિકોને સામેલ કરવાનો પ્રસ્તાવ રજૂ થયો હતો. એ વખતે જ રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે ભરતીના નિયમોમાં ફેરફાર કર્યો હતો, પરંતુ એ ફેરફારો લાગુ થયા ન હતા.

સૈનિકોની અછતને પહોંચી વળવા માટે હવે કેનેડાની સરકારે વિદેશી મૂળના નાગરિકોને લશ્કરમાં ભરતી કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. એ પ્રમાણે કેનેડામાં પરમેનન્ટ રેસિડન્ટ મેળવ્યાના ૧૦ વર્ષ પછી જે તે વિદેશી મૂળની વ્યક્તિ સૈન્યમાં જોડાવા માટે યોગ્ય ગણાશે. આ ફેરફારનો સૌથી વધુ લાભ ભારતીય મૂળના નાગરિકોને થશે. ભારતના અસંખ્ય લોકો માટે કેનેડાના સૈન્યમાં ભરતી થવાની તક રહેશે. કેનેડાની સરકારી નોકરી મેળવવાનો મોકો સર્જાશે. અત્યાર સુધી કેનેડામાં જન્મેલા યુવાનોને જ સૈન્યમાં ભરતીની તક મળતી હતી. ૧૨ ધોરણ સુધીનું શિક્ષણ મેળવીને ૧૮ વર્ષથી યુવાનો સૈન્યમાં ભરતી થઈ શકતા હતા.

માતા-પિતાની પરવાનગી હોય તો ૧૬ વર્ષે પણ લશ્કરમાં ભરતી થઈ શકાતું હતું, પરંતુ વિદેશી મૂળના નાગરિકોની સૈન્યમાં ભરતી થતી ન હતી. કેનેડાના સૈન્યમાં હજારો જગ્યા ખાલી છે.

### નવી પેઢીની યુવતીઓ લવ જિહાદમા ફંસાતા પહેલા આ વાંચી લે

# વિધર્મીએ શ્રદ્ધાના 35 ટુકડા કરીને લીવ ઇન રિલેશન પરની 'શ્રદ્ધા'ની પણ હત્યા કરી નાખી

ગુજરાત | વંદન

લવ જિહાદનો એક એવો ક્રૂર અને ઘાતકી બનાવ બન્યો છે કે કદાચ તે જોઈને અને વાંચીને કોઈ યુવતી આવુ પગલું ભરતા પહેલા સૌ વાર વિચાર કરશે. માતા-પિતાની મર્જીની વિરુદ્ધ લવ જિહાદના ષડયંત્રમાં ફંસાયેલી એક યુવતીના શરીરના બે-પાંચ નહી પણ 35 ટુકડા કરીને પુરાવાનો નાશ કરવા અલગ-અલગ જંગલોમા એક એક પછી એક ટુકડા ફેંકના આખરે પકડાઈ ગયો છે પરંતુ આ ઘટનાને લઈને હજુ સુધી લવ જિહાદની દુહાઈ દેનારાઓ પૈકી કોઈએ અરેરાટી પ્રગટ કરી નથી. નોધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી એવા બનાવો બની રહ્યા છે કે જે સમાજને એ વિચારવા મજબુર કરે કે તેનો અંત શુ આવશે...?

## હત્યાના 6 માસ બાદ સામે આવ્યો મામલો

આ બીજી યુવતી જૂન-જુલાઈમાં અનેક વખત આફતાબના ભાડાના મકાનમાં આવી હતી. આફતાબે શ્રદ્ધા વોકરના શરીરના અંગોને ફ્રિજ અને કિચનમાં સંતાડી દીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આફતાબે દિલ્હીના મેહરૌલી વિસ્તારમાં પોતાની લિવ-ઈન પાર્ટનર શ્રદ્ધાનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. તેના શરીરના 35 ટુકડા કરવામાં આવ્યા હતા અને તેને લગભગ ત્રણ અઠવાડિયા સુધી 300 લિટરની ક્ષમતાવાળા ફ્રિજમાં રાખવામાં આવ્યાં હતા અને રાષ્ટ્રીય રાજધાનીના જુદા જુદા ભાગોમાં એક પછી એક ફેંકી દીધા હતા. આફતાબ અમીન પૂનાવાલાની ધરપકડના છ મહિના પછી આ ક્રૂર ઘટના પ્રકાશમાં આવી હતી. મહિલાના શરીરના કેટલાક ભાગ મળી આવ્યા છે અને પોલીસ હત્યામાં વપરાયેલા હથિયારની શોધ કરી રહી છે.

## હત્યાને આવા કાવતરાથી આપ્યો અંજામ





પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ શરીરના કપાયેલા ભાગોને રાખવા માટે 300 લિટરનું ફ્રિજ ખરીદ્યું હતું અને શરીરમાંથી આવતી દુર્ગંધને દબાવવા માટે અગરબત્તીઓ અને રૂમ ફ્રેશનરનો ઉપયોગ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે અડધી રાત્રે પોલી બેગમાં શરીરના અંગો પેક કરીને બહાર આવેલા આરોપી આફતાબે શરીરના કયા ભાગો વહેલી તકે સડે છે તેના આધારે કાળજીપૂર્વક આયોજન કર્યું હતું અને તે મુજબ શરીરના અંગોને ઠેકાણે લગાવ્યા હતા.

### આ રીતે ઘડ્યો હત્યાનો પ્લાન

વિશ્વાસઘાત અને કપટની આ કરુણ ઘટનામાં આરોપી આફતાબ કે જે એક શેફ છે, તે ગુનો કર્યા બાદ છ મહિના સુધી બચતો રહ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે ખુલાસો કર્યો હતો કે, હત્યા કર્યા બાદ તે એ જ ઘરમાં રહેતો હતો જ્યાં તે બંને સાથે રહેતા હતા. શનિવારે સવારે તેની પૂછપરછમાં હત્યાની વિગતો બહાર આવ્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. આફતાબ અમીન પૂનાવાલાએ તપાસ દરમિયાન પોલીસને જણાવ્યું હતું કે લગ્નને લઈને ઝઘડો થયા બાદ તેણે શ્રદ્ધા વોકરની હત્યા કરી હતી અને તેના શરીરના ટુકડા કરવાનો વિચાર તેને અમેરિકન ટેલિવિઝન સિરીઝ 'ડેક્સ્ટર'થી આવ્યો હતો.

### શ્રદ્ધાના સોશ્યલ મીડિયાનો કરતો હતો ઉપયોગ

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આરોપીઓએ જ્યાં લાશના ટુકડા ફેંકવાની જાણકારી આપી હતી, ત્યાંથી 13 ટુકડા મળી



આવ્યા છે, પરંતુ ફોરેન્સિક તપાસ બાદ જ એ વાતની પુષ્ટિ થશે કે તે પીડિતા સાથે સંબંધિત છે કે નહીં. પોલીસને હજી સુધી હત્યામાં વપરાયેલ હથિયાર મળી આવ્યું નથી. હત્યા બાદ આગામી કેટલાક અઠવાડિયા સુધી આફતાબે કોઈ શંકા ન જાય તે માટે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટનો ઉપયોગ કરીને મહિલાના મિત્રો સાથે વાતચીત કરી હતી. શ્રદ્ધા તેના પરિવાર સાથે વાત કરી રહી ન હતી, કારણ કે તેઓએ તેમના સંબંધો સામે વાંધો ઉઠાવ્યો હતો.

# મિઝોરમમાં પથ્થરની ખાણ ધસી પડી: 8 મજૂરોના મૃતદેહ મળ્યા

ગુજરાત | વંદન



મિઝોરમમાં સોમવારે એક પથ્થરની ખાણ ધરાશાયી થઈ ગઈ હતી જેમાં 12 મજૂરો ફસાયા હતા. અત્યાર સુધીમાં 8 મૃતદેહો મળી આવ્યા છે અને ત્રણ લોકોના શરીરના કેટલાક અંગો મળી આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, તમામ બિહારના રહેવાસી છે. SDRF, BSF અને આસામ રાઈફલ્સની ટીમ ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. હજુ સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી નથી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આ એક મોટી પથ્થરની ખાણ છે. ખાણકામમાં રોકાયેલા 12 મજૂરો ફસાઈ ગયા હતા. અચાનક થયેલા અકસ્માતને કારણે ત્યાં હાજર મજૂરોને ભાગવાની તક મળી ન હતી. આસપાસના ગામોના લોકો પહોંચી ગયા અને ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. એસડીઆરએફ, બીએસએફ અને આસામ રાઈફલ્સની ટીમો હજુ પણ રાહત અને બચાવમાં લાગેલી છે.

આ ખાણનો કોન્ટ્રાક્ટ ABCI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ સાથે છે અને છેલ્લા અઢી વર્ષથી અહીં ખાણકામનું કામ ચાલી રહ્યું હતું.

# 9 સહકારી બેંકો પર RBIએ ફટકાર્યો 12 લાખ રૂપિયાનો દંડ

■ ગુજરાત અને ઓડિશા ની પણ બેંકો સામેલ

ગુજરાત | વંદન

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ વિવિધ બેંકિંગ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ નવ સહકારી બેંકો પર લગભગ 12 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સોમવારે જાહેર કરાયેલ એક અલગ રીલીઝમાં RBIએ કહ્યું કે તેણે નવ સહકારી બેંકો પર દંડ લાદવાની માહિતી આપી છે. બેરહામપુર કો ઓપરેટિવ અર્બન બેંક (ઓડિશા) પર 3.10 લાખ રૂપિયા, ઉસ્માનાબાદ જનતા સહકારી બેંક, મહારાષ્ટ્ર પર 2.5 લાખ રૂપિયા અને સંતરામપુર અર્બન કો ઓપરેટિવ બેંક લિમિટેડ, મહિસાગર (ગુજરાત) પર 2 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ સેન્ટ્રલ બેંક લિમિટેડ, બાલાઘાટ (મધ્યપ્રદેશ), જમશેદપુર અર્બન કો ઓપરેટિવ બેંક લિ., જમશેદપુર (ઝારખંડ) અને રેણુકા નાગરિક સહકારી બેંક લિમિટેડ, અંબિકાપુર પર 1-1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ક્રિષ્ના મર્કેન્ટાઈલ કો ઓપરેટિવ બેંક લિમિટેડ, મધ્ય પ્રદેશ અને કેન્દ્રપારા અર્બન કો ઓપરેટિવ બેંક લિમિટેડ, ઓડિશા પર 50,000નો દંડ ફટકાર્યો હતો. નવાનગર કો ઓપરેટિવ બેંક લિમિટેડ, ગુજરાતને રૂ. 25,000નો દંડ ફટકાર્યો છે.

# 11 મહિનાને તળિયે પહોંચી જથ્થાબંધ મોંઘવારી દર: RBI

ગુજરાત | વંદન




રિટેલ ફુગાવાના મોરચે સામાન્ય કપરી સ્થિતિ બાદ આવેલ ઓગસ્ટ માસના જથ્થાબંધ ફુગાવાના આંકડા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને સરકાર માટે સારા સમાચાર લાવ્યા છે. ઓગસ્ટ માસમાં જથ્થાબંધ ફુગાવો 11 મહિનાના તળિયે પહોંચ્યો છે. મંગળવારે મોડી સાંજે આવેલ અમેરિકાના મોંઘવારીના આંકડાએ સૌને ચોંકાવી દીધા છે. ફેડના અથાગ પ્રયાસ છતા મોંઘવારી અનુમાન કરતા વધુ રહી છે. જોકે ભારતમાં વૈશ્વિક મોંઘવારી અને કટોકટીની અસર નહિવત રહેવાની આશાએ અને ફુગાવાના આંકડા એકંદરે સારા રહ્યા છે.

ઓગસ્ટ માસનો જથ્થાબંધ મોંઘવારી સૂચકાંક (WPI) 12.41 ટકાના દરે જોવા મળ્યો હતો, જે છેલ્લા 11 મહિનાનું સૌથી નીચલું સ્તર છે. જુલાઈ મહિનામાં જથ્થાબંધ ફુગાવો 13.93 ટકા હતો, જ્યારે ઓગસ્ટ 2021માં તે 11.64 ટકા હતો. જોકે ઓગસ્ટ 2022માં જથ્થાબંધ ફુગાવો સતત 17મા મહિને 10 ટકાથી ઉપર રહ્યો હતો. ઓગસ્ટમાં જથ્થાબંધ ફુગાવો ધારણા કરતા ઓછો રહ્યો છે. અંદાજ હતો કે ઓગસ્ટ 2022માં જથ્થાબંધ ફુગાવો 13 ટકા પર રહી શકે છે. માસિક આધારે ઓગસ્ટમાં ખાદ્ય ચીજોની જથ્થાબંધ મોંઘવારી 9.41 ટકાથી વધીને 9.93 ટકા થઈ ગઈ છે. પ્રાઈમરી આર્ટિકલ્સનો જથ્થાબંધ મોંઘવારી દર જુલાઈમાં 15.04 ટકાથી ઘટીને 14.93 ટકા પર આવી ગયો છે.

શાકભાજીનો જથ્થાબંધ મોંઘવારી દર 18.25 ટકાથી વધીને 22.3 ટકા થયો છે

### ટ્વિટરના કો-ફાઉન્ડર અને પૂર્વ સીઈઓ જેક ડોર્સી લાવશે બ્લ્યુસ્કાય.., મસ્કે ટ્વિટર ખરીદ્યું ત્યારથી 10 લાખ એકાઉન્ટ નિષ્ક્રિય..

# મસ્કે કર્યું ટ્વીટર મોંઘુ રે મોંઘુ...નેટિઝન જાયે તો જાયે કહાં....?!

ગુજરાત | વંદન

દુનિયાના જાણીતા ઉદ્યોગપતિ અને ટેસ્લાના માલિક એલોન મસ્કે ટ્વિટરને 44 બિલિયન ડોલરમાં ખરીદ્યા બાદ કંપનીમાં એક પછી એક ઘણા નવા નિયમો જાહેર કરી રહ્યા છે. તેમની ઘોષણાઓથી ગુસ્સે થઈને, લાખો ટ્વિટર વપરાશકર્તાઓએ હવે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ છોડી દીધું છે. આવી સ્થિતિમાં, મસ્ક આ પરિણામોથી ખુશ નહીં હોય તે સ્વાભાવિક છે. જો કે તેનાથી તેને કોઈ ફેર પડે તેમ નથી..

ટ્વિટર ખરીદ્યું ત્યારથી, મસ્ક આ માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મના ઉપયોગ વિશે કેટલીક જાહેરાતો કરી રહ્યો છે જે શાહી હુકમનામું જેવું લાગે છે. આમાં 'Twitter Blue' માટે દર મહિને $7.99 ચાર્જ કરવાની જાહેરાત સામેલ છે, જેને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો છે. અહેવાલ મુજબ, આ એક સબ્સ્ક્રિપ્શન સેવા છે જેના હેઠળ વપરાશકર્તાઓના નામ બ્લુ ટિક કરેલા છે.

જોકે, ટીકાકારોનું કહેવું છે કે યુઝર્સને ફી માટે પેઈડ બ્લુ ટિક મેળવવાની મંજૂરી આપીને, કોઈપણ વ્યક્તિ પૈસા ચૂકવીને હાઈ-પ્રોફાઈલ વ્યક્તિના નામે નકલી આઈડી બનાવી શકે છે. બ્લુ ટિક લગાવવાથી એ જાણવું મુશ્કેલ થઈ જશે કે તે વ્યક્તિની અસલી પ્રોફાઈલ છે કે ફેક પ્રોફાઈલ.

આ સિવાય ઘણા યુઝર્સ એવી પણ ફરિયાદ કરે છે કે ટ્વિટર પર હેટ સ્પીચનો ઉપયોગ પણ વધી ગયો છે. સોશિયલ મીડિયા સાઈટ્સનું પૃથ્થકરણ કરતી સાઈટ ડેટામાઈનરે અહેવાલ આપ્યો છે કે 27 ઓક્ટોબરે મસ્કે ટ્વિટર ખરીદ્યું ત્યારથી પ્લેટફોર્મ પર જાતિવાદી અને હોમોફોબિક દ્વેષપૂર્ણ ટિપ્પણીઓમાં વધારો જોવા મળ્યો છે. ટ્વિટરના સલામતી અને અખંડિતતાના વડા જોએલ રોથે પણ ટ્રોલિંગ



ઝુંબેશમાં વધારો થવાની ચેતવણી આપી છે.

તેમણે ટ્વીટ કર્યું, "ઉપરથી નીચે સુધી, ટ્વિટરની નીતિઓ બદલાઈ નથી. અહીં કોઈપણ પ્રકારનું નફરતભર્યું વર્તન સહન કરવામાં આવશે નહીં."

મસ્કે ટ્વિટર ખરીદ્યું ત્યારથી અંદાજે 10 લાખ એકાઉન્ટ નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. તે જ સમયે, લગભગ પાંચ લાખ ખાતા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે દરરોજ 237

### ટ્વિટરના વપરાશકર્તાઓ આ પ્લેટફોર્મને છોડીને ક્યાં જાય છે?, ટ્વીટરનો વિકલ્પ શું...આ રહ્યાં એ વિકલ્પો...

મિલિયન સક્રિય વપરાશકર્તાઓ ધરાવતા પ્લેટફોર્મ માટે આ મોટી સંખ્યા નથી, કેટલાક કહે છે કે આ માત્ર શરૂઆત છે.

ટ્વિટર ખરીદ્યા પછી, મસ્કે તાજેતરમાં ટ્વિટ કર્યું હતું કે, "આ ખરીદીની જાહેરાત કરવામાં આવી ત્યારથી વિશ્વભરમાં વપરાશકર્તાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે." જો કે, તેમણે જણાવ્યું હતું કે "કાર્યકર જૂથ" ના દબાણને કારણે કંપનીની કમાણી ઘટી હતી જેના કારણે જાહેરાતકારોમાં ઘટાડો થયો હતો. .

અંતે, પ્રશ્ન એ છે કે ટ્વિટરના વપરાશકર્તાઓ આ પ્લેટફોર્મને છોડીને ક્યાં જાય છે? અહીં ચાર સૌથી લોકપ્રિય માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ્સ વિશેની માહિતી છે. આવનારા સમયમાં બીજા ઘણા પ્લેટફોર્મ લોકપ્રિય બની શકે છે.

Mastodon-મેસ્ટોડોન

માસ્ટોડોન આ સમયે ઘણી હેડલાઈન્સમાં છે. તે બધા દ્વારા ઉપયોગ માટે ઉપલબ્ધ છે અને તે સંપૂર્ણપણે બિન-લાભકારી પ્લેટફોર્મ છે. તેનો ઉપયોગ કોઈપણ બ્રાઉઝર પર પણ થઈ શકે છે અને તેની પોતાની એપ્લિકેશન છે. તેમાં ટ્વિટર પર જોવા મળતી ઘણી સુવિધાઓ છે અને તેનો ઉપયોગ કરવો ખૂબ જ સરળ છે.

વિકેન્દ્રિત હોસ્ટ સર્વર દ્વારા સાઈન અપ કર્યા પછી, વપરાશકર્તા અહીં 500 અક્ષરો સુધીના 'ટોટ્સ' પોસ્ટ કરી શકે છે. જ્યારે ટ્વિટર પર માત્ર 280 અક્ષરો સુધીની પોસ્ટ જ ટ્વિટ કરી શકાય છે. માસ્ટોડોન પર પોસ્ટ કરાયેલા તમારા ટોટ્સ સમય પ્રમાણે તમારી સમયરેખા પર બતાવવામાં આવે છે. ઉપરાંત, તે ટોટ્સનો જવાબ પણ આપી શકાય છે અને મનપસંદ તરીકે ચિહ્નિત કરી શકાય છે. અહીં અન્ય યુઝર્સને ફોલો કરવાનો અને તેમને પોસ્ટમાં ટેગ કરવાનો વિકલ્પ પણ છે. વિષયને લગતી પોસ્ટ પણ હેશટેગ સાથે ટોટ્સ હોઈ શકે છે.

માસ્ટોડોન 2016માં જર્મન સોફ્ટવેર ડેવલપર ઓઈજેન હોસ્કો દ્વારા બનાવવામાં આવ્યું હતું. તે માસ્ટોડોનના એકમાત્ર કર્મચારી પણ છે. હોસ્ટિંગ ખર્ચ અને તેમનો પગાર ક્રાઉડફંડિંગ દ્વારા ગોઠવવામાં આવે છે.વ્યક્તિગત સર્વરો આપમેળે નેટવર્ક ફેડરેશન સાથે જોડાયેલા હોય છે, જે માસ્ટોડોન્સ પર 'ફેડિવર્સ' તરીકે ઓળખાય છે. આ સર્વર્સ


(અનુસંધાન પેજ નં. 6 પર)





# ટીવી અભિનેત્રી આરાધના શર્માએ તેના બોલ્ડ ફોટાઓથી ધૂમ મચાવી

## 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં ભજવ્યું હતું એક રસપ્રદ પાત્ર

ટીવી અભિનેત્રી આરાધના શર્માએ તેના બોલ્ડ ફોટાઓથી ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે. તેની આ બિકીની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. પ્રખ્યાત ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં એક રસપ્રદ પાત્ર ભજવ્યું હતું. તેને દર્શકોએ 'દીપ્તિ' તરીકે પસંદ કરી હતી. આજે પણ લાખો દર્શકો આરાધનાને 'દીપ્તિ'ના નામથી જાણે છે. આરાધના શર્મા સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તમને જણાવી દઈએ કે, આરાધના આ દિવસોમાં ગોવામાં રજાઓ માણી રહી છે અને ઘણી વખત તે ગોવાથી ઈન્સ્ટાગ્રામ પર તેના ખૂબ જ બોલ્ડ ફોટા શેર કરતી રહે છે. આરાધના હજુ પણ તેના મોટા બ્રેકની રાહ જોઈ રહી છે. તેના ચાહકોને આશા છે કે આરાધના ટૂંક સમયમાં ટીવી શોમાં જોવા મળશે.







# શાહરૂખની ફિલ્મ 'ડંકી' સામે ટકરાશે અલ્લુ અર્જુનની 'પુષ્પા ધ રૂલ'





## આવતા વર્ષે ક્રિસમસ પર રિલીઝ થશે બન્ને ફિલ્મો

ફિલ્મ 'પુષ્પા ધ રૂલ' તેલુગુ સિનેમા તેમજ હિન્દી ફિલ્મના દર્શકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ફિલ્મના હીરો અલ્લુ અર્જુને પહેલા તેની હિન્દી ડબ કરેલી ફિલ્મોથી ઉત્તર ભારતીય રાજ્યોમાં એક વિશાળ ચાહક આધાર બનાવ્યો અને પછી ગયા વર્ષે ડિસેમ્બરમાં તેની ફિલ્મ 'પુષ્પા ધ રાઈઝ' રિલીઝ થઈ. એકલા હિન્દીમાં 100 કરોડથી વધુનો બિઝનેસ કરનારી આ ફિલ્મની સિક્વલના શૂટિંગની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી છે. ફિલ્મનો ફર્સ્ટ લુક અને તેના મુહૂર્ત શૉટ થઈ ગયા છે. તેલુગુ તેમજ હિન્દીમાં સુપરહિટ ફિલ્મ 'પુષ્પા ધ રાઈઝ'ની સિક્વલ 'પુષ્પા ધ રૂલ'ના શૂટિંગ માટે ફિલ્મના સમગ્ર યુનિટે વિદેશમાં પડાવ નાખ્યો છે. હા, આ ફિલ્મ આ વખતે દેશી જંગલોમાં શૂટ કરવામાં આવશે નહીં. આ ફિલ્મની નિર્ધારીત રિલીઝ ડેટ હિન્દી સિનેમાના સુપરસ્ટાર શાહરૂખ ખાન માટે એક નવો ખતરો હોય તેમ લાગે છે. ફિલ્મ 'પુષ્પા ધ રૂલ' આવતા વર્ષે ક્રિસમસ પર રિલીઝ થવાની છે અને તે જ દિવસે શાહરૂખ ખાનની ફિલ્મ 'ડંકી' પણ રિલીઝ થવાની છે.



# હિન્દુસ્તાની ભાઉની ધમકી બાદ ઉર્ફી જાવેદ ભડકી

## 'હું મારી સુરક્ષાને લઈને ચિંતિત છું'

ઉર્ફી જાવેદ ઘણીવાર તેના ફેશન સેન્સ અને આઉટફિટ્સને લઈને વિવાદોમાં ફસાઈ જાય છે. તેના આઉટફિટ્સ બધાનું ધ્યાન ખેંચે છે. આ વખતે તેના આઉટફિટે બિગ બોસ ફેમ હિન્દુસ્તાની ભાઉનું ધ્યાન ખેંચ્યું છે. હિન્દુસ્તાની ભાઉએ ઉર્ફીને આવા કપડાં પહેરવાની મનાઈ કરી છે અને કહ્યું છે કે આ ભારતની સંસ્કૃતિ નથી. આ સાથે તેણે કહ્યું કે ઉર્ફીએ આવા કપડા ન પહેરવા જોઈએ. જેના કારણે બહેન-દીકરીઓમાં ખોટો સંદેશો જઈ રહ્યો છે. તેણે ધમકીભર્યા અંદાજમાં કહ્યું કે તે (ઉર્ફી) સુધરી જાય નહીંતર તે તેણીને સુધારી દેશે. ઉર્ફીએ હિન્દુસ્તાની ભાઉના આ નિવેદનનો વીડિયો પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો છે.

ઉર્ફી જાવેદે આ વીડિયો શેર કરતી વખતે હિન્દુસ્તાની ભાઉ પર નિશાન સાધ્યું અને એક લાંબી નોટ લખી. તેણે કેટલાક સ્ક્રીનશોટ પણ શેર કર્યા છે જેના દ્વારા તેણે દાવો કર્યો છે કે હિન્દુસ્તાની ભાઉ તેની સાથે કામ કરવા માંગે છે. ઉર્ફીએ તેની નોંધમાં લખ્યું હતું કે, "ઓહ! તમે ગાળો આપો છો તે ભારતની સંસ્કૃતિ છે, તમારી ગાળોએ કેટલા લોકોને સુધાર્યા છે.. હવે તમે મને ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા છો."

ઉર્ફી જાવેદે આગળ લખ્યું, "તમે જાણો છો કે હું તમને જેલ મોકલી શકું છું, પરંતુ એટલા માટે નહીં કરી શકું કારણ કે તમે તો લાખો વખત જેલમાં જઈને આવ્યા છો? આ તો કેટલો સારો સંદેશ છે યુવાનો માટે જેલ જવાનો, તમારાથી અડધી ઉંમરની છોકરીને ખુલ્લેઆમ ધમકી આપવી. એ પણ યાદ રાખો કે તમે મારા ફોટોગ્રાફર અને મોહસિનને કહ્યુ હતું કે તમે થોડા મહિના પહેલા મારી સાથે વાત કરવા માંગતા હતા..." ઉર્ફીએ આગળ લખ્યું કે હિન્દુસ્તાની ભાઉ તેમનું પ્રમોશન કરાવવા માંગતા હતા, જેની તેણે ના પાડી. ઉર્ફીએ કહ્યું કે તે દરમિયાન પણ કપડાં આ રીતે જ પહેરવામાં આવતા હતા. ઉર્ફીએ અન્ય એક સ્ટોરીમાં લખ્યું છે કે સોશિયલ મીડિયા ટ્રોલિંગની તેના માનસિક સ્વાસ્થ્ય પર ઊંડી અસર પડી છે. તેણીએ કહ્યું કે તે ડરતી નથી પરંતુ તેની સુરક્ષા અંગે ચિંતિત છે.

# ફિલ્મ નહી બજેટ નિષ્ફળ જાય છે: સુભાષ ઘાઇ



## બોલીવુડની ફિલ્મો ફલોપ થવા પર નિર્માતા અભિપ્રાય

સુભાષ ઘાઈએ સિનેમા ઘરોમાં દર્શકોના ઘટાડાને લઈને કહ્યું કે, મોટાભાગે ફિલ્મોનું બજેટ તેની નિષ્ફળતા પાછળ જવાબદાર હોય છે. તેમણે કહ્યું કે, 'ફિલ્મ ઉદ્યોગમાં હંમેશા એક કહેવત રહી છે કે, ફિલ્મ ક્યારેય નિષ્ફળ નથી થતી, તેનું બજેટ નિષ્ફળ જાય છે. બજેટ ફિલ્મને નિષ્ફળ બનાવે છે. તમે પાંચ કરોડમાં ફિલ્મ બનાવો છો અને 12 કરોડની કમાણી કરો છો, તો તે ફિલ્મ હિટ છે. પરંતુ તમે 200 કરોટની ફિલ્મ બનાવી 100 કરોડની કમાણી કરો છો તો તે ફિલ્મ નિષ્ફળ છે.' સુભાષ ઘાઈએ કેટલીક મોટી ફિલ્મો બનાવી છે. આ ફિલ્મ નિર્માતાની 'હીરો', 'ખલનાયક' અને 'પરદેશ'જેવી સફળ ફિલ્મોને લોકોએ ખુબ પસંદ કરી છે. તેમણે બોલીવુડની ફિલ્મોમાં આવેલા ફેરફારની વાત કરી કરી હતી. આ સાથે જ તેમણે તે સમયને યાદ કર્યો હતો જ્યારે ફિલ્મ નિર્માણ એક અલગ પ્રકારનો ઉદ્યોગ હતો.

# રાજામૌલીની મોટી જાહેરાત: RRRના બીજા ભાગ પર થઈ રહ્યું છે કામ

એસએસ રાજામૌલીની વર્ષ 2022માં રિલીઝ થયેલી મેગા બજેટ ફિલ્મઆરઆરઆરએ બોક્સ ઓફિસ પર ધમાકેદાર કમાણી કરી અને રેકોર્ડબ્રેક ઓપનિંગ કરી હતી. 10 મહિના પછી પણ જુનિયર એનટીઆર અને રામ ચરણની આ ફિલ્મ હજુ પણ લોકપ્રિય ફિલ્મોમાંની એક છે. હવે આ ફિલ્મની સિક્વલને લઈને નિર્દેશક એસએસ રાજામૌલીએ મોટી જાહેરાત કરી છે. રાજામૌલીએ હાલમાં જણાવ્યું હતું કે તે હવે આરઆરઆરના બીજા ભાગ પર કામ કરી રહ્યો છે. તેની વાર્તાને લઈને રિસર્ચ કરવામાં આવી રહ્યું છે. રાજામૌલીની અન્ય ફિલ્મોની જેમ આ ફિલ્મની વાર્તા પણ તેના પિતા કેવી વિજેન્દ્ર પ્રસાદ લખવાના છે. તમને જણાવી દઈએ કે હાલમાં બાહુબલી મેકર્સ જાપાનમાં પોતાની ફિલ્મના પ્રમોશનમાં બિઝી છે. આ પ્રમોશન દરમિયાન તેણે આરઆરઆરની સિક્વલ વિશે આ રસપ્રદ વાતો કહી. તેમને કહ્યું કે તેના પિતા હંમેશા તેની ફિલ્મોની વાર્તા લખતા આવ્યા છે. બંનેએ આરઆરઆર 2 વિશે પણ ચર્ચા કરી છે. પરંતુ તેણે આ વાત પર વધુ જાણકારી આપી ન હતી.



# ટ્વિટર બાદ હવે ઈંસ્ટાગ્રામમાંથી ગાયબ થવાની છે કંગના રાનૌત

ટ્વિટર પર બેન થયા બાદ હવે કંગના ઈંસ્ટાગ્રામ પર પણ બૈન થવાની છે. આ અમે નહીં પણ કેટલાય મીડિયા રિપોર્ટ્સમાં આ પ્રકારની વાતો થઈ રહી છે. એક્ટ્રેસ ટ્વિટર પર તો બૈન હતી જ, પણ હવે તેને ઈંસ્ટાગ્રામ સાથે પણ ડખ્ખો કર્યો છે. જેમ કે આપ બધા જાણો છો કે, બોલિવૂડ ક્વીન કંગના રાનૌત હંમેશા કોઈને કોઈ વિવાદોમાં રહેતી હોય છે. પછી તે ફિલ્મ ઈંડસ્ટ્રીઝ હોય પછી કોઈ વ્યક્તિ, બિંદાસ પોતાના મંતવ્યો જણાવતી રહે છે. ફરી એક વાર કંગનાએ કંઈ આવું જ કર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, કંગના રાનૌતે ઈંસ્ટાગ્રામ પર કંઈક એવું કહી દીધું છે, જે બાદ તેના ઈંસ્ટાગ્રામ પર બેનના સમાચાર આવી રહ્યા છે. હકીકતમાં કંગનાએ ઈંસ્ટાગ્રામ એપને લઈને ઈંસ્ટા પર એક પોસ્ટ નાખી છે, જ્યાં તે આ એપને વાહિયાત કહીને તેને મજાક ઉડાવતી દેખાય છે. આપને જણાવી દઈએ કે, કંગનાએ પોતાની ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું છે- "ડમ્બ ઈંસ્ટાગ્રામ, આ ફક્ત ફોટો શેર કરવા માટે જ છે, આપણે આપણા મનની વાત લખીએ તો, એક જ દિવસમાં ગાયબ થઈ જાય છે. એવી રીતે જેમ આપણે કોઈ વાહિયાત માણસો હોય. એવા માણસ જે કાલનું લખેલું બાદમાં જોવા નથી માગતા. કારણ કે તે પોતાની જ વાત પર વિશ્વાસ નથી કરી શકતા. ત્યારે આવા સમયે લખેલું ટેક્સ્ટ ખુદ ગાયબ થઈ જાય છે. આ જ સારુ છે." ઈંસ્ટાગ્રામ પર ગુસ્સો ઠાલવતા કંગના આગળ લખે છે કે, પણ એ લોકોનું શું, જે દરેક એવી બાબતને માને છે, જે તે લખે છે. અમે એવા લોકો છીએ જે પોતાની વાતોને એ લોકો માટે ડોક્યૂમેન્ટ કરવા માગીએ છીએ, જે અમને સાંભળે છે.જે અમારી વાતને એક સારા કોન્વર્સેશનની શરુઆત કરે છે. આ એ મીનિ બ્લોગ્સ છે, જેને કોઈ ખાસ વિષય કે વિકાસ માટે યૂઝ કરી શકાય છે.



# ગોંડલના રાજવી પેલેસમાં ફિલ્મ સ્ટાર્સનું 15 દિવસનું રોકાણ

ગોંડલનાં રાજવી પેલેસ ખાતે હિન્દી ફિલ્મના શુટીંગનો પ્રારંભ થયો છે. બોલીવુડ સ્ટાર કાર્તીક આર્યન શનિવારે મોડી સાંજની ફલાઈટમાં મુંબઈથી રાજકોટ આવી પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ રાજકોટથી ગોંડલ જાતે કાર ડ્રાઈવ કરીને ગોંડલ રવાના થયા હતા.તેમની સાથે અકાદ ડઝન સ્ટાફ પણ આવ્યો છે. કાર્તીક આર્યને વિમાનમાં મુસાફરો સાથે સેલ્ફી પણ ખેંચાવી હતી. મુસાફરોએ જણાવ્યું હતું કે કાર્તીક આર્યન એકદમ ડાઉન ટુ અર્થ બોલીવુડ સ્ટાર છે. ગોંડલ ખાતે આવેલા રીવર સાઈટ રાજવી પેલેસમાં સેટ ઉભો કરવામાં આવ્યો છે. જયાં 15 દિવસ સુધી ફિલ્મ કલાકારો શુટીંગ કરશે. ફિલ્મના સ્ટંટ દ્રશ્યોનું પણ ફિલ્માંકન કરવામાં આવશે. કાર્તીક આર્યન સાથે અભિનેત્રી કયારા અડવાણી, સુપ્રસિધ્ધ ગુજરાતી નાટક ગુજ્જુભાઈથી જાણીતા થયેલા અભિનેતા અને ફિલ્મ સ્ટાર સિધ્ધાર્થ રાંદેરીયા, સુપ્રીયા પાઠક, રાજપાલ યાદવ સહીતના કલાકારો આ ફિલ્મમાં ચમકવાના છે. ફિલ્મના શુટીંગ માટે તેઓનું આગમન થયું છે. રાત્રીના શુટીંગ શરૂ થયા બાદ વહેલી સવારના 4 વાગ્યા સુધી શુટીંગ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ અમુક કલાકારો રાજકોટ અને અમુક કલાકારો ગોંડલમાં રોકાયા હતા.



ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com


# મોરબી બ્રિજ: ગુજરાત હાઈકોર્ટે નગરપાલિકાને લગાવી ફટકાર

■ બ્રિજના સમારકામ માટેનું ટેન્ડર બહાર ન પાડવા અંગે પૂછ્યાં સવાલો

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે મોરબી બ્રિજ અકસ્માત કેસમાં બ્રિજની જાળવણી માટે જે રીતે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેની ટીકા કરી હતી. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે એવું લાગે છે કે આ અંગે કોઈ ટેન્ડર બહાર પાડ્યા વિના રાજ્યની ઉદારતા રાખવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશ અરવિંદ કુમારે મુખ્ય સચિવને પૂછ્યું કે સાર્વજનિક પુલના સમારકામ માટે ટેન્ડરો કેમ બહાર પાડવામાં આવ્યાં નથી અને બિડ શા માટે આમંત્રિત કરવામાં આવી ન હતી? કોર્ટે મોરબી પાલિકાને પણ ફટકાર લગાવી હતી. કોર્ટે કહ્યું કે નોટિસ છતાં તે કોર્ટમાં આવ્યા નથી."




મોરબી નગરપાલિકાએ અજંતા બ્રાન્ડ વોલ ક્લોક માટે જાણીતા ઓરેવા ગ્રુપને 15 વર્ષનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. કોર્ટે કહ્યું, "મ્યુનિસિપાલિટી, જે એક સરકારી સંસ્થા છે, તેણે ભૂલ કરી છે, જેમાં 135 લોકોના મોત થયા છે. શું ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ, 1963નું પાલન કરવામાં આવ્યું હતું." સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, "આટલા મહત્વપૂર્ણ કામ માટે માત્ર દોઢ પેજમાં કરાર કેવી રીતે પૂરો થયો? શું અજંતા કંપનીને કોઈપણ ટેન્ડર વિના રાજ્યની ઉદારતા આપવામાં આવી?" કોર્ટે પોતે આ દુર્ઘટનાની નોંધ લીધી હતી અને ઓછામાં ઓછા છ વિભાગો પાસેથી જવાબ માંગ્યો હતો. ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ જે શાસ્ત્રી આ કેસની સુનાવણી કરી રહ્યા છે.

અત્યાર સુધી, કોન્ટ્રાક્ટ કરતી કંપનીના માત્ર થોડા કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 7 કરોડના કરાર પર હસ્તાક્ષર કરનાર ટોચના મેનેજમેન્ટે કાર્યવાહીનો સામનો કરવો પડ્યો નથી. આ સાથે, પુલને ફરીથી ખોલવામાં આવે તે પહેલાં તેના નવીનીકરણ માટે હજુ સુધી કોઈ અધિકારીને જવાબદાર ગણવામાં આવ્યા નથી. કોર્ટે પ્રથમ દિવસથી કરારની ફાઈલો સીલબંધ કવરમાં સબમિટ કરવાનું પણ કહ્યું હતું.

# ચૂંટણી લડનારા ભાજપ -આપ- કોંગ્રેસના અનેક ઉમેદવાર કરોડપતિ, ધરાવે છે અબજોની મિલકત

## ભાજપના કરોડપતિ ઉમેદવાર

■ **બલવંતસિંહ રાજપૂત** | સિદ્ધપુર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપુત છે. બલવંતસિંહ રાજપૂત પાસે 372 કરોડની સંપતિ છે. ગુજરાતમાં સૌથી ધનિક ઉમેદવાર તરીકે તેમને જાહેર કરાયા છે. તેમની પાસે રૂ. 106.03 કરોડની સ્થાવર મિલકત છે, તો રૂ. 169.50 કરોડની જંગમ મિલકત છે.

■ **હર્ષ સંઘવી** | ભાજપના સુરત જિલાના મજુરા બેઠકના ઉમેદવાર હર્ષ સંઘવી છે. હર્ષ સંઘવી પાસે કુલ 17.43 કરોડની સંપત્તિ છે. 2017માં તેમની પાસે માત્ર 2.12 કરોડની મિલકત હતી. છેલ્લા 5 વર્ષમાં તેમની સંપત્તિમાં 723 ટકા વધારો થયો છે. તેમના પત્નીના નામે 10.52 કરોડની સંપત્તિ છે.

■ **રમેશ ટિલાળા** | રાજકોટ દક્ષિણ પર રમેશ ટિલાળા ભાજપના ઉમેદવાર છે. ટિલાળા પાસે કુલ 171 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના નામે 9.51 કરોડ જંગમ મિલકત છે. જ્યારે 47.18 કરોડની સ્થાવર મિલકત છે. તેમના પરિવારના નામે 8.63 કરોડની જંગમ મિલકત છે. પરિવારના નામે 106.24 કરોડની સ્થાવર મિલકત છે.

■ **પ્રકાશ વરમોરા** | પ્રકાશ વરમોરા ભાજપના ધ્રાંગધ્રાના ઉમેદવાર છે. પ્રકાશ વરમોરા પાસે 31 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ 15.7 કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. તેમના પરિવાર પાસે કુલ 8.64 કરોડની સ્થાવર-જંગમ મિલકત છે.

■ **કાંતિ અમૃતિયા** | ભાજપના મોરબીના ઉમેદવાર કાંતિ અમૃતિયા છે. કાંતિ અમૃતિયા પાસે 9 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ 5.51 કરોડની જંગમ સંપત્તિ છે. જ્યારે પરિવાર પાસે 17.7 કરોડની સ્થાવર મિલ્કત છે.

■ **કેશુ પટેલ** | ભાજપના ભૂજ બેઠકના ઉમેદવાર કેશુ પટેલ પાસે 6 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે 3.48 કરોડની સંપત્તિ છે. જ્યારે પરિવાર પાસે 2.19 કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે

## કોંગ્રેસના કરોડપતિ ઉમેદવાર

■ **ઇન્દ્રનીલ રાજ્યગુરૂ** | રાજકોટ પૂર્વ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરૂ પાસે કુલ 163 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે 49.82 કરોડ જંગમ મિલ્કત છે. જ્યારે 91.99 કરોડની સ્થાવર મિલ્કત છે. તેમના પરિવાર પાસે 21.11 કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે.

■ **બચુ અરેઠિયા** | કોંગ્રેસના રાપરના ઉમેદવાર બચુ અરેઠિયા છે. તેમની પાસે કુલ 97 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ 72.88 કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. તો પરિવાર પાસે કુલ 24.63 કરોડની સ્થાવર-જંગમ મિલકત છે.

■ હેમાંગિની ગરાસિયા | કોંગ્રેસના મહુવાના ઉમેદવાર હેમાંગિની ગરાસિયા છે. હેમાંગિની ગરાસિયા પાસે કુલ 31 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ 14.07 કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. જ્યારે પરિવાર પાસે કુલ 8.10 કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે.

## આપના કરોડપતિ ઉમેદવાર

■ **કૈલાશ ગઢવી** | AAP ના માંડવીના ઉમેદવાર કૈલાશ ગઢવી છે. કૈલાશ ગઢવી પાસે 10 કરોડની સંપત્તિ છે. તેમના પોતાના પાસે કુલ 5.85 કરોડની સ્થાવર-જંગમ સંપત્તિ છે. તેમના પરિવાર પાસે કુલ 2.96 કરોડની સ્થાવર-જંગમ મિલ્કત છે.

■ **શિવલાલ બારસિયા** | AAP ના રાજકોટ દક્ષિણ બેઠકના ઉમેદવાર શિવલાલ બારસિયા છે. શિવલાલ બારસિયા પાસે 8 કરોડની સંપત્તિ છે. તેમના પોતાની પાસે 2.35 કરોડની જંગમ-સ્થાવર સંપત્તિ છે. જ્યારે તેમના પરિવાર પાસે 65 લાખની મિલ્કત છે

# 'MLA GUJARAT' લખેલી કારમાં દારૂની બોટલો



■ ભાજપ શાસિત તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સહિત 3 શખ્સ બિયર-દારૂની 251 બોટલ સાથે ઝડપાયા

ગુજરાત | વંદન

ભાજપ શાસિત તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સહિત 3 શખ્સ બિયર-દારૂની 251 બોટલ સાથે ઝડપાતા ચકચાર મચી ગઈ છે. દિવથી ઈનનોવા કારમાં દારૂનો જથ્થો લાવ્યા હતા. પોલીસે ઉનાની માંડવી ચેક પોસ્ટ પરથી ઝડપી લીધા હતા. પાલીતાણા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ચેતન ડાભી સહિત 3 સામે ગીર સોમનાથ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. હાલ રૂ.82,460ની કિંમતનો દારૂ, 8 લાખની કિંમતની કાર, 23,000ની કિંમતના 4 ફોન સહિત રૂ.9,05,460નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

ગુજરાતમાં નશાબંધી છે, પણ આશ્ચર્યની વાત એ છે કે આ વિધાનસભાની ચૂંટણીના માહોલ દરમિયાન દારૂના જથ્થા સાથે પકડાયેલ કારમાં નંબર પ્લેટ નથી. ઉપરાંત કારમાં આગળ અંગ્રેજીમાં "એમએલએ ગુજરાત" લખેલું પાટીયું છે. જેને લઈ ભારે ચર્ચા જાગી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દિવથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા આ પ્રયાસ કરાયો હતો પણ ચૂંટણી કામગીરીના ચેકીંગમાં રહેલ પોલીસે માંડવી ચેક પોસ્ટ પર આ કારની ઝડતી લીધી હતી અને દારૂ પકડ્યો છે.ઉના પોલીસ મથકે પીએસઆઈ એસ.ડી. બામરોટિયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મહેબૂબ પીરભાઈ લાખેપોટા(ઉ.વ.34, રહે. ડુંગરપુર પાલીતાણા), હાર્દિક કિશોર પરમાર (ઉ.વ.21, રહે.અનિડા તા.તાલાલા) અને ચેતન ભીમજી ડાભી(કોળી) (ઉ.વ.35)નું નામ દર્શાવ્યું છે. ચેતન પાલીતાણાના ડુંગરપુરનો રહેવાસી છે. હાલ તે ભાજપ શાસિત પાલીતાણા તાલુકા પંચાયતનો ઉપપ્રમુખ છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયાની ટીકા કરનારાઓ સાંભળો-દિલ કો દેખો...ચહેરાના દેખો, દેખાવમાં ખૂબસુરત અભિનેત્રી જેકલીને કોને લૂંટ્યો..? ખબર છે ને....?



ગુજરાતના લાઠીના કવિ અને રાજવી કલાપીએ કહ્યું છે કે સૌંદર્ય પામતા પહેલાં સુંદર બનવુ પડે. આપણાં દેશના માન. મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મૂર્મુના દેખાવને લઈને તેમની ફરીથી ટીકાટિપ્પણી થઈ. આ વખતે મમતાદીદીના મંત્રી અને નેતાએ કરી. વિવાદ થયો એટલે માફી માંગી. તે અગાઉ કોંગ્રેસના ઉદિત રાજે પણ માન. મહોદયાના દેખાવને લઈને ખૂબ ખરાબ ટીપ્પણી કરી અને પછી માફી માંગી.

માન. મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મૂર્મુ પ્રત્યે આવી ખરાબ માનસિકતાવાળાઓએ કલાપીની પંક્તિ યાદ કરવી જોઈએ. એક ઉંટે (એ ઉંટ મમતાદીદીની પાર્ટીનો નહોતો..)બીજા પશુઓના અંગોની ટીકા કરી ત્યારે એક પશુએ તેને કહ્યું અલ્યા તારા તો અઢાર અંગ વાંકા છે...! પહેલા એ તો જો.....

માન. મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મૂર્મુના દેખાવને લઈને તેમના વિષે વણછાજતી ટીકાઓ કરનારાઓ રાજેશખન્નાનું આ ગીત સાંભળે-દિલ કો દેખો...ચહેરાના દેખો, ચહેરો ને લાખોં કો લૂંટા..! અભિનેત્રી જેકલીન ફરનાન્ડીઝ દેખાવમાં કેટલી ખૂબસૂરત છે પણ આ ખૂબસુરત ચહેરાએ 200 કરોડના મહાઠગ સુકેશને લપેટામાં લઈને લૂંટ્યો....?! કાંઈ કહેવુ છે..?

### એલિયનોમાં મચ્યો ખળભળાટ: અલ્યા જો પેલા પુથ્વીવાસીઓ રોકેટો ભરી ભરીને આપણી તરફ આવી રહ્યં છે...સાવધાન...

એમ કહેવાય છે કે ઈશુના સમયે દુનિયા આખીની વસ્તી માત્ર 20 કરોડ હતી. આજે એક જ દિવસમાં લાખોની સંખ્યામાં વસ્તી વધી રહી છે. 1947માં ભારતની વસ્તા લગભગ 35થી 40 કરોડ હતી. આજે 135 કરોડ કરતાં વધી ગઈ...15 નવેમ્બર,2022ના રોજ ફિલીપાઈન્સમાં 800 કરોડમુ બાળક જન્મ્યુ અને વિશ્વની વસ્તી 800 કરોડને પાર થઈ ગઈ...



વસ્તી વધારો સમસ્યા છે કે ગૌરવ છે એ તો જેમની વસ્તી વધારે છે જેમ કે ચીન અને ભારત તેમંના માટે સમસ્યા અને જેમની વસ્તી ઓછી છે અને વધારવા માંગે છે એવા દેશોમાં જાપાન માટે પણ સમસ્યા એ છે કે જાપાનીઓ વસ્તી વધારતા જ નથી....! વસ્તી વધારા માટે ઈનામો જાહેર કરવા પડે છે. ચીનમાં તો એક ફરમાન થાય એટલે વસ્તી ઘટી જાય. પણ ભારતમાં...? જાને ભી દો યારો...હિન્દુ સંગઠન કહે છે વસ્તી વધારો... અને ભાજપ કહે છે- બે બાળકો હશે તો જ ટિકિટ મળશે...!

ક્યાંક એટલી વસ્તી ના વધી જાય કે પરગ્રહવાસી એલિયનમાં ખળભળાટ મચી જાય કે અલ્યા જો જો પેલા પુથ્વીવાસીઓ માર... માર... કરતાં રોકેટો ભરી ભરીને આપણી તરફ આવી રહ્યં છે... સાવધાન.. (પ્ર.ધ.)

# પીએમ મોદી 19મીથી 2 દિવસ ગુજરાતના પ્રવાસે

■ વાપીમાં રોડ શો, સૌરાષ્ટ્રમાં 4 સભાને સંબોધિત કરશે

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોના નામ જાહેર થતાં પ્રચારનું કામ ધમધોકાર શરૂ થવા જઈ કહ્યું છે. ઉમેદવારોના ફોર્મ ભરવાની કાર્યવાહી પૂરી થતા જ ફરી એક વાર સભાઓ, રેલીઓ અને રોડશોનો દોર શુરૂ થવાનો છે. ચૂંટણીને લઈ ભાજપ, કોંગ્રેસે 40-40 સ્ટાર પ્રચારકો નીમ્યા છે. આ બધાની વચ્ચે વડાપ્રધાન મોદી 19 નવેમ્બરથી બે દિવસ ગુજરાતના

...અનુસંધાન પેજ નં. 6 પર

# મેડિકલના વિવિધ વિષયોનો અભ્યાસ ગુજરાતીમાં કરાવાશે

■ પુસ્તકોનું ભાષાંતર કરવા 17 સભ્યોની કમિટીની રચના

ગુજરાત | વંદન



કેંદ્ર સરકારે મેડિકલનો અભ્યાસ પ્રાદેશિક ભાષામાં કરાવવાની જાહેરાત કર્યા બાદ ગુજરાત સરકારે તેની તૈયારીઓ આરંભી દીધી છે. મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી અને નર્સિંગના કોર્સનો અભ્યાસ હવે ગુજરાતી ભાષામાં કરાવવામાં આવશે. મંગળવારે મેડિકલ એજ્યુકેશન અને હેલ્થના કમિશનરે જાહેરાત કરી હતી કે, મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી અને નર્સિંગના કોર્સના પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરવા માટે 17 સભ્યોની કમિટીની રચના કરવામાં આવી છે. નોટિફિકેશનમાં ઉલ્લેખ છે કે, આ કમિટી કામગીરી કઈ રીતે આગળ વધારવી તેની રૂપરેખા પખવાડિયામાં ડિપાર્ટમેન્ટને સોંપશે. નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત આ

...અનુસંધાન પેજ નં. 6 પર

# પરેશ ધાનાણી સામે ડ્રાઈવર વિનુ ચાવડા લડશે ચૂંટણી, અમરેલીથી કરી અપક્ષ ઉમેદવારી

ગુજરાત | વંદન



ગુજરાત વિધાનસભા 2022ની ચૂંટણી માટે પ્રથમ તબક્કાની ચૂંટણીના ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભરી દીધા છે. આ ઉમેદવારોમાં ઘણા ઉમેદવારો પક્ષ પલટો કરીને ગયેલા, કેટલાય નવા ઉમેદવારો છે જેમાં અમરેલીમાં પોતાનું ફોરમ ભરેલ એક ઉમેદવાર વિનુભાઈ બાબુભાઈ ચાવડા એ ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય અને પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી ના ડ્રાઈવર હતા.અમરેલી બેઠક પરથી પરેશ ધાનાણી ત્રણ ટર્મ ધારાસભ્ય રહ્યા છે અને ત્રીજી ટર્મમાં વિધાનસભા ગૃહમાં વિરોધ પક્ષના નેતા તરીકે પણ કામ કર્યું છે.

અમરેલી બેઠક પર ઉમેદવારી કરનાર વિનુભાઈ બાબુભાઈ ચાવડા એ 8 વર્ષ સુધી પરેશ ધાનાણીના ડ્રાઈવર તરીકે કામ કર્યું છે. પરેશ ધાનાણી જ્યારે વિરોધ પક્ષના નેતા બન્યા ત્યારે પણ તેમણે સરકારી વાહન લેવાનું ટાળ્યું હતું અને વિનુભાઈ જ પરેશ ધાનાણીની ગાડી ચલાવતા હતા. વિનુભાઈ એ પરેશ ધાનાણીના ખાસ અંગત વ્યક્તિ તરીકે માનવામાં આવતા પરંતુ કોઈ કારણસર 8 મહિના પેહલા વિનુભાઈ બાબુભાઈ ચાવડાએ પરેશ ધાનાણીની ગાડી ચલાવવાનું બંધ કર્યું હતું અને પોતે અન્ય ડ્રાઈવિંગ લાઈનમાં પોતાનું કામ ચાલુ કર્યું હતું.પ્રથમ તબક્કામાં થઈ રહેલ ચૂંટણીમાં વિનુભાઈ બાબુભાઈ ચાવડાએ પોતાની જ બેઠક અમરેલી

...અનુસંધાન પેજ નં. 6 પર

## Social Media

**Aditi Raval** @aditiraval · 13h
આ શહેરને AMTSથી BRTSની આદત પડતાં જોયું છે... બહુ જલ્દી હવે મેટ્રોની લત લાગશે ..🙂







**Nilam Makwana** @NilamMakwana28 · 9h
આ છે મારી ગુજરાત પોલીસ. સેવા સુરક્ષા અને શાંતિ માટે હંમેશા તત્પર. એક Salute તો બને છે ને....
@dgpgujarat @sanghaviharsh @PMOIndia @GujaratPolice




**Dr.Yagnesh Dave** @yagnesh_dave
હવે એક ભાઈ ના વિડીયો બધા બંધ થઈ ગયા અને વિરોધ પણ બંધ થઈ ગયો..... ખબર પડી કે મુખ્યમંત્રી નો ઉમેદવાર જાહેર થઈ ગયો..રાજકીય દાવપેચમાં "પત્રકાર" રાજકારણીને પણ પછાડી ગયો.....ને "@ગોપુ" મૂર્છિત... બિચ્ચારો....

**sonu sood** @SonuSood · 5h
गाड़ी कितनी भी बड़ी ले लेना ,
रेल गाड़ी को कभी मत भूलना 😍
Travel mode 🚂



**Mittal Khaniya** @MittalKhania · 14h
એક ટિકિટ કપાય તો 300 કાર્યકર્તા એ રાજીનામાં આપ્યા

મોરબીમાં 134 જીવ ગયા ત્યારે કોયના પેટનું પાણી ના હાલ્યું. મનુષ્યની કિંમત નથી ?

**chintan patel** @chintzz285 · 7h
Kem ke media paisa thi chale chhe saheb,
news pan ane tweet pan...
Lakhva ni kimmat, chhupava ni kimmat,
mitavavaa ni pan kimmat....

37-માણસા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી જે.એસ.પટેલને ગુજરાત વંદન તરફથી ખૂબ-ખૂબ અભિનંદન....



શુભેચ્છક
દિનેશ એલ. રાજપૂત
અમદાવાદ
નિકુંજ એસ. પટેલ
ગામ-મંડાલી, માણસા